સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
માર્ચ, ૨૦૨૨



## મહિલા ઉત્કર્ષની અનોખી ચેતના પ્રગટાવનાર
## ભગવાન શ્રી સ્વામિનારાયણ









ન્યૂ કાસલ (ઓસ્ટ્રેલિયા) અને અંબેરાવપુરાનાં બી.એ.પી.એસ. મંદિરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા તથા શિલાઓનું પૂજન કરતા મહંત સ્વામી મહારાજ... ઓસ્ટ્રેલિયા ખંડના ન્યૂ કાસલ શહેરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં દર્શન.



શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અનેક પ્રદાનોનો પ્રભાવ આજેય ઝળહળે છે...



ભગવાન સ્વામિનારાયણ અને સ્વામિનારાયણ સંપ્રદાયનાં અનેક પ્રદાનો ગુજરાત અને ભારતના ઈતિહાસમાં સદા ઈતિહાસકારો અને ચિંતકોને પ્રભાવિત કરતાં રહ્યાં છે. સંપ્રદાયની ઊજળી રીતો અને સંપ્રદાયની સંયમ-શિસ્ત પણ સૌ કોઈના આત્માને સ્પર્શે છે. સનાતન હિન્દુ ધર્મની શાશ્વત પાળોનું રક્ષણ-સંરક્ષણ કરતો આ સંપ્રદાય છેલ્લા કેટલાય દાયકાઓથી સાતેય સમંદર ઓળંગીને હવે વિદેશમાં પણ ધર્મ-યશધજા ફરકાવવા લાગ્યો છે. પ્રાચીન સનાતન મૂલ્યોમાં દૃઢ નિષ્ઠા રાખીને આધુનિકતા સાથે કદમ મિલાવતા આ સંપ્રદાય માટે ઘણા લોકોને એક બાબતમાં ગેરસમજ થાય છે, એમ કે આ સંપ્રદાય સ્ત્રીઓની અવહેલના કરે છે. સંપ્રદાયના સંતોને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા અષ્ટાંગ બ્રહ્મચર્યના નિયમોને કારણે કેટલાકને ક્યારેક ગેરસમજ થાય છે કે આ સંપ્રદાય સ્ત્રીઓનો તિરસ્કાર કરે છે, અન્યાય કરે છે.

વાતમાં શું તથ્ય છે?

આ પ્રશ્નનો જવાબ હકીકતે છેલ્લાં ૨૦૦ વર્ષથી સંપ્રદાયના ભક્ત તરીકે સેવા-ભક્તિ-સમર્પણ કરતી લાખો મહિલાઓ જ આપી શકે.

સન ૧૯૮૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દક્ષિણ આફ્રિકાની યાત્રાએ પધાર્યા હતા ત્યારે એક બ્રિટિશ પત્રકારને તેમણે એ જ જવાબ આપ્યો હતો.

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ શહેરમાં તા. ૫-૧૨-૧૯૮૦ના રોજ 'સન્ડે ટ્રિબ્યુન'ના એ પત્રકારે સ્વામીશ્રીને પૂછેલા પ્રશ્નોમાં છેલ્લો પ્રશ્ન પૂછ્યો હતો: 'તમે સ્ત્રીઓને દૂર રાખો છો તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી ?'

આ વાર્તાલાપમાં આત્મસ્વરૂપદાસ સ્વામી દુભાષિયાની સેવા બજાવી રહેલા. અંગ્રેજીમાં પુછાયેલા આ પ્રશ્નનો હજી તો તેઓ ગુજરાતીમાં અનુવાદ કરે તે પહેલાં જ સ્વામીશ્રી તેનો જવાબ શરૂ કરી દેતાં બોલ્યા : 'એને કહો કે હિંદુસ્તાનમાં પોતે આવીને જુએ ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે, પણ કોઈને એવો ભાવ થતો નથી.'

દુભાષિયાની મદદ વિના એક ચમત્કાર સર્જીને સ્વામીશ્રીએ જવાબ આપ્યો અને એ પત્રકારે તે દુભાષિયાની મદદ વિના અંગ્રેજીમાં નોંધી પણ લીધો! પરંતુ પત્રકારને મન એક ખરો ચમત્કાર તો એ હતો કે સ્ત્રીઓથી દૂર રહેવા છતાં અહીં સ્ત્રીઓનો તિરસ્કાર નહોતો.

અને વાત હકીકતે એમ જ છે. ૨૦૦ વર્ષના સ્વામિનારાયણ સંપ્રદાયનાં ઈતિહાસ-પૃષ્ઠો ખુલ્લાં પડ્યાં છે.

સ્ત્રીઓને અહીં અન્યાય થતો હોય, તેમનો અહીં તિરસ્કાર થતો હોય તો છેલ્લાં બસ્સો વર્ષોથી અહીં મહાન સ્ત્રી-રત્નોની અવિરત શૃંખલા કેવી રીતે પાકતી રહે?

અહીં, ધરમપુર-વાંસદાના સમૃદ્ધ રાજ્યનાં રાજમાતા કુશળકુંવરબા કે ઉદેપુરની રાજરાણી ઝમકુબા જેવી ભક્તિસભર મહિલાઓ પાકી છે, જે ભગવાન સ્વામિનારાયણ માટે પોતાનાં રાજપાટ ઓળઘોળ કરીને ભક્તિમાં ગુલતાન થઈ ગઈ હતી.

અહીં મુક્તાત્મા જીવુબા અને લાડુબા જેવી જ્ઞાનસિદ્ધ ક્ષત્રિયાણીઓ પાકી છે, જેમના ઉપદેશથી મહાકવિ બ્રહ્માનંદ સ્વામી જેવા સંતોની સંપ્રદાયને ભેટ મળી હતી.

અહીં દેવીપૂજક સગરામ વાઘરીની પત્ની કંકુબાઈ જેવી નૈતિકતાની મિશાલ સમી ગરીબ અને પછાત ગણાતી મહિલાઓ પાકી છે, જે પારકા ધનને ધૂળ સમજે છે.

અહીં સૂત્રેજની પ્રજાપતિ કાનુબાઈ જેઠવા જેવી મદાલસા-માતાઓ પાકી છે, જેમણે પોતાના ચાર ચાર પુત્રોને

ત્યાગી થવા માટે સંન્યાસના પંથ પર ધરી દીધા છે.

અહીં કરણીબા અને કુંડળનાં રાઈબા જેવી સિદ્ધ મહિલાઓ પાકી છે, જેઓ પરાપારની નિરાવરણ દૃષ્ટિ અને પરમાત્મામાં અખંડ વૃત્તિ ધરાવતી હતી.

૨૦૦ વર્ષના સ્વામિનારાયણીય ઇતિહાસની આવી અસંખ્ય મહિલાઓ જાણે હાથમાં એક પ્રજ્વલ્લિત દીવો લઈને ખડી છે, જે સંપ્રદાય માટેની ગેરસમજનાં અંધારાં દૂર કરે છે.

હા, ગેરસમજ અને ગેરમાન્યતામાં ફરક છે. જેને ગેરસમજ હોય તે દૂર થઈ શકે છે, પરંતુ જેને ગેરમાન્યતા છે એને દૂર કરવાનું લગભગ અસંભવિત છે. કારણ કે ગેરસમજનો અંધકાર સચ્ચાઈના તેજથી ઓગળી જાય છે, પરંતુ ગેરમાન્યતાની અંધ આંખો ગમે તેટલા પ્રકાશમાં પણ ખૂલતી નથી. આંખોમાં પૂર્વગ્રહનો મોતિયો કાઢીને કોઈપણ વ્યક્તિ સંપ્રદાયના ઇતિહાસમાં નજર કરશે તો તેને લાગશે કે અહીં સંતો તેમજ ગૃહસ્થો માટે શીલ અને સંયમનો આદેશ અવશ્ય છે, પરંતુ તેનું અર્થઘટન સ્ત્રીઓનું અપમાન નથી, સ્ત્રીઓને અન્યાય નથી, સ્ત્રીઓનો તિરસ્કાર નથી.

ઇતિહાસ કહે છે કે સ્ત્રીઓનાં સન્માન, ઉદ્ધાર અને ઉત્કર્ષમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ તો પોતાના સમય કરતાં અનેક ગણા આગળ હતા.

એ સમય એવો હતો કે જ્યારે માત્ર ભારત નહીં, પરંતુ વિશ્વભરમાં સ્ત્રીઓ પર અમાનુષી અત્યાચાર થતો હતો. ભગવાન સ્વામિનારાયણના સમયમાં, ૧૮મી અને ૧૯મી સદીથી લઈને ૨૦મી સદીના મધ્યાહ્‌ન સુધી ઇતિહાસે નોંધ્યું છે કે સ્ત્રીને માત્ર ભોગનું સાધન મનાતું હતું.[૧] એટલે ધર્મના નામે સ્ત્રીઓનું શોષણ કરવાની માનવીની નબળાઈ યુરોપ, અખાતી દેશો અને ભારતમાં પણ ફેલાઈ ચૂકી હતી.

વૈદિક સમયની મહાન બ્રહ્મવાદિની સ્ત્રીઓ – ગાર્ગી, મૈત્રેયીથી લઈને મહારાણી અહલ્યાબાઈ હોલકર અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સુધીનાં અનેક મહાન સ્ત્રીપાત્રો ભારતની આન-બાન-શાન બની રહ્યાં હતાં. સીતા, રાધા, લક્ષ્મી, પાર્વતી, સરસ્વતી જેવી માતૃશક્તિઓ ઘરોઘર પૂજાતી હતી. 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ની ભાવનાઓ હિન્દુઓની રગેરગમાં સિંચાતી હતી. આમ છતાં, ૧૮મી અને ૧૯મી સદીના સમયમાં પરિસ્થિતિ કંઈક જુદી હતી. સ્ત્રીઓ સર્વતોમુખી શોષણ અને અપમાનનો ભોગ બની રહી હતી. *'ઢોર ગંવાર અરુ નારી, તાડન કે અધિકારી'* જેવી પંક્તિઓ ખરા અર્થમાં ઘરોઘર વ્યાપક બની હતી. ક્રૂર અને અત્યાચારી મુસ્લિમ શાસકોએ પણ અબળાઓ પર જુલમ કરવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. સતીપ્રથા અને દૂધપીતી જેવી ક્રૂર પ્રથાઓનો અત્યાચાર સ્ત્રીઓ મૂંગે મોંઢે સહી લેતી હતી. પરંતુ તેવા સમયે ભગવાન સ્વામિનારાયણે સ્ત્રીઓના સન્માન અને કલ્યાણની એક અનોખી ચેતના પ્રગટાવી હતી.

ગુજરાતી સાહિત્યના જાણીતા લેખક શ્રી ઈશ્વરલાલ મશરૂવાળા નોંધે છેઃ 'જે સમયે દરેક ધર્મ ને ધર્માચાર્યો સ્ત્રીને ઉતારી પાડતા - પુરુષને પોતાના ધર્મમાંથી, આત્મસાધનની મહેચ્છામાંથી પાડી નાખવાના હેતુથી બનાવેલી જણાવીને સર્વદા

૧. Fox, Vivian C. (2002): Historical Perspectives on Violence Against Women. Journal of International Women's Studies, 4(1), 15-34. Available at: https://vc.bridgew.edu/jiws/vol4/iss1/2

**"**

**તમે પૈસાને સાચવો**
**તો પૈસા તમને સાચવે.**
**તમે વસ્ત્ર-મકાનને સાચવો**
**તો તે તમને સાચવે.**
**તમે કુટુંબને સાચવો તો**
**કુટુંબ તમને સાચવે.**
**તેમ**
**આપણે સત્સંગને સાચવીએ**
**તો સત્સંગ**
**આપણને સાચવે.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

**"**

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૮. શતાબ્દી ઉપદેશ - સંસ્કૃતિના વારસાને ભૂલીને સુખી નહીં થવાય...

૧૦. શતાબ્દી સ્મૃતિ - મારે આનંદ વધ્યો અંગમાં જી રે...

૧૨. મહિલા ઉત્કર્ષની અનોખી ચેતના પ્રગટાવનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ – સાધુ અક્ષરજીવનદાસ

૨૨. મહિલા ઉત્કર્ષની જ્યોતના નિરાળા ધારક પ્રમુખસ્વામી મહારાજ – પ્રો. આનંદભાઈ આચાર્ય, પ્રો. જયેશભાઈ માંડણકા

૩૫. અભિનંદન

૩૬. અક્ષરવાસ

૩૭. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

સમાચારઃ

૪૭. ભાવનગરમાં વિદ્યાર્થી સેમિનાર

૪૮. બાહરીનમાં મંદિર માટે ભૂમિની ફાળવણી

૪૯. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત

૫૦. યોગાસન

ત્યજનીય વર્ણવી નિંદતા, તેવા કાળમાં આ સંપ્રદાયે સ્ત્રીનો દરજ્જો વધારનારો - તેને પુરુષના જેટલી જ સ્વતંત્રતા આપનારો ઉપદેશ ફેલાવ્યો. સ્ત્રીને સાધનામાંથી ભ્રષ્ટ કરનારી ન જણાવતાં તેના પ્રતિ પવિત્ર વ્યવહાર રાખવાનું સમજાવ્યું અને તેમ કરવાથી તે સાધનામાંથી ભ્રષ્ટ નહીં કરે પણ તેથી ઊલટું તેની સહાયતાથી શ્રેયઃસધનાનું કાર્ય વધુ સરળ અને સહેલું થઈ પડશે એમ ઉપદેશ્યું.'[૨]

સન ૧૮૨૬માં ભગવાન સ્વામિનારાયણને મળવા માટે આતુર થયેલા ખ્રિસ્તી ધર્મગુરુ બિશપ હેબર ફરતાં ફરતાં કોલકાતાથી વડોદરા પહોંચ્યા હતા ત્યારે, અહીં ખેડા જિલ્લાના બ્રિટિશ કલેક્ટર થોમસ વિલિયમ્સને તેમને ભગવાન સ્વામિનારાયણનો મહિમા કહેતાં કહ્યું હતું: 'સ્વામિનારાયણે ઘણું સુંદર કાર્ય કર્યું છે. તેમની ધર્મસુધારક તરીકેની અતિશય લોકપ્રિયતા ને ઉપદેશની મને વડોદરામાં આવ્યા પછી ખબર પડી. તેમનો ધર્મોપદેશ હિન્દુ શાસ્ત્રોમાં કહ્યો છે, તેનાથી પણ ઉચ્ચતર છે. તેઓ વિશુદ્ધ આચરણ અને સ્ત્રીઓ પ્રત્યે પવિત્ર દૃષ્ટિએ માનથી જોવાનું ઉપદેશે છે. તેઓ ચોરી અને ખૂનનો નિષેધ કરે છે. જે જે ખરાબમાં ખરાબ ગામો અને જિલ્લાઓમાં તેમણે કાર્ય કર્યું છે, તે તે પ્રદેશો આજે સૌથી સારા અને કાયદો ને વ્યવસ્થા રાખનારા થઈ ગયા છે.' બિશપ હેબરે પોતાનાં પ્રવાસવર્ણનોમાં આ બાબતનો સુપેરે ઉલ્લેખ કર્યો છે.[૩]

એટલે જ પ્રસિદ્ધ ગાંધીવાદી લેખક અને સામાજિક ચળવળકાર શ્રી કિશોરલાલ મશરૂવાળાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલિ આપતાં લખ્યું છે: '...લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ ને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર...'[૪]

સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપીને તેઓની ઉન્નતિ કરનાર ભગવાન સ્વામિનારાયણે સ્ત્રી-ઉદ્ધારનું એક પણ ક્ષેત્ર બાકી રાખ્યું નહોતું.

એ એવો યુગ હતો કે જ્યારે સ્ત્રીઓના સન્માનની વાત તો બાજુએ રહી, પરંતુ તેમને તેમના પતિના મૃત્યુ બાદ જીવવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવતો હતો. તેવા સમયે સતીપ્રથાના ક્રૂર રિવાજ સામે ધર્મયુદ્ધ છેડનારા ભગવાન સ્વામિનારાયણ, રાજા રામમોહનરાય કરતાં પણ અનેકગણા આગળ હતા.[૫] 'બેટી બચાવો' જેવા સરકારી નારાઓ ગુંજવાને હજુ ૨૦૦ વર્ષની વાર હતી ત્યારે ઘરોઘર દૂધપીતી સામે અવાજ ઉઠાવીને લાખો બાળકીઓને નવું જીવન આપનારા

---

૨. મશરૂવાળા, ઈશ્વરલાલ, મધ્યકાલનો સાહિત્ય પ્રવાહ–ઈશ્વરલાલ મશરૂવાળા, મુંબઈ. ઈ.સ. ૧૯૧૨.

૩. Narrative of a Journey through the Upper Provinces of India from Calcutta to Bombay, 1824-1825, by the Late Right Rev. Reginald Heber, D.D., Lord Bishop of Calcutta, Vol. III, Second Edition, 1828, Pg. 29 to 31.
સહજાનંદ ચરિત્ર, પૃ. ૧૫૪.

૪. મશરૂવાળા, કિશોરલાલ, સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય, નવજીવન, અમદાવાદ, ૧૯૪૦, પૃ. ૧૬, ૧૫૭.

૫. Mehta, Makrand: Swaminarayan Hinduism: Tradition, Adaptation, and Identity. (2016). ed. Raymond B Williams, Yogi Trivedi, India: Oxford University Press, India. pg. 41.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥





गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૩, માર્ચ, ૨૦૨૨**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક** : સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

ભગવાન સ્વામિનારાયણ એ દિશામાં કાર્ય કરનારા પહેલા યુવાન ધર્મનેતા હતા. આધુનિક પેઢીને કદાચ ઇતિહાસનાં આ પૃષ્ઠો ઉથલાવવાનો અવસર નહીં મળ્યો હોય. એવા લોકોની જાણ માટે એક બાબતનો અહીં ઉલ્લેખ કરું છું.

ગામડે ગામડે ઘૂમતા ભગવાન સ્વામિનારાયણે સમાજના ક્રોસ સેક્શનમાં નિહાળ્યું હતું કે અહીં પરિવારમાં કન્યાના જન્મને અપશુકન માનવામાં આવે છે. એટલે જ દહેજના ભયથી તેને જન્મતાંવેંત દૂધના પાત્રમાં ડુબાડીને મારી નાંખવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણે ગામડે ગામડે ઘરોઘર જઈ જઈને લોકોને સમજાવ્યા, પરિવારમાં પુત્રીના જન્મને લક્ષ્મીના આગમન તરીકે વધાવવાનું શીખવ્યું, એટલું જ નહીં, દૂધપીતીના ક્રૂર રિવાજને ઘરોઘરથી વિદાય આપવા માટે તેમણે એક અનોખું આંદોલન પણ જગાવ્યું. સંપ્રદાયના ઇતિહાસમાં તેના સુંદર નિર્દેશો છે. સંપ્રદાયના પ્રસિદ્ધ ઇતિહાસ લેખક હર્ષદરાય ત્રિ. દવે તેનું વિગતે વર્ણન કરે છે.[૬]

પોતાના આ અભિયાનના એક ભાગરૂપે સૌરાષ્ટ્રના બંધિયા ગામે પધારેલા ભગવાન સ્વામિનારાયણે ત્યાંના જાડેજા ક્ષત્રિયોને સંબોધીને કહ્યું હતું કે 'તમે દીકરીને દૂધપીતી કરો છો તે ઠીક નથી કરતા. કેમ કે એક તો ગોત્રહત્યા, બીજી બાળહત્યા અને ત્રીજી સ્ત્રીહત્યા – આમ ત્રણ હત્યા થાય છે. માટે તે સારું કરતા નથી.'

ત્યારે એ જાડેજા ક્ષત્રિયોએ કહ્યું: 'પરંતુ શું કરીએ! દીકરીને પરણાવવામાં ઘણો ખર્ચ થાય છે. તે અમારાથી પૂરું થતું નથી.'

ત્યારે શ્રીહરિએ તેમને ખાતરી આપીને કહ્યું હતું: 'અમે સત્સંગમાંથી ઉઘરાવીને પણ તમારું પૂરું કરી દઈશું, પણ તમે દીકરીઓને મારશો નહીં.' કેટલાક ક્ષત્રિયોએ ક્ષુલ્લક દલીલ કરી ત્યારે જમીન પર હાથ પછાડીને ભાવાવેશમાં આવેલા શ્રીહરિએ ભૃકુટિ ચઢાવીને કહ્યું હતું: 'એવા રાજા આવશે કે તમારું કંઈ ચાલશે નહીં. રાજા બધા ફેલ મુકાવશે અને તમારું કલ્યાણ પણ નહીં થાય. માટે અમારા સત્સંગી થઈને દીકરીને મારવાનું છોડી દો અને સત્સંગી થઈને માળા ફેરવશો તો હું તમારા સર્વેનું કલ્યાણ કરીશ.'[૭]


માત્ર આવું વચન આપ્યું હતું એટલું જ નહીં, શ્રીહરિએ

૬. દવે, હર્ષદરાય ત્રિ., શ્રી સહજાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભાગ-૨, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૨૩૩-૨૩૫.

૭. સદ્‌ગુરુ પ્રસાદાનંદ સ્વામીની વાતો, વાત-૨૨.







SELECTIONS FROM THE RECORDS OF THE BOMBAY GOVERNMENT.

No. XXXIX. (IN TWO PARTS.)—NEW SERIES.

PART II.

MEASURES ADOPTED

FOR THE

SUPPRESSION OF FEMALE INFANTICIDE IN THE PROVINCE OF KATTYWAR, &c.

BY THE LATE

COLONEL ALEXANDER WALKER,
RESIDENT AT BARODA;

AND BY

MR. J. P. WILLOUGHBY,
POLITICAL AGENT IN KATTYWAR,

AND HIS SUCCESSORS IN OFFICE.

Bombay:
PRINTED FOR GOVERNMENT
AT THE
BOMBAY EDUCATION SOCIETY'S PRESS.
1856.



ભગવાન શ્રી સ્વામિનારાયણથી ખૂબ પ્રભાવિત બ્રિટિશ અધિકારી કર્નલ એલેક્ઝાન્ડર વોકર, તેણે ભગવાન સ્વામિનારાયણની પ્રેરણાથી દૂધપીતી રિવાજને બંધ કરવા માટે લીધેલાં પગલાંનો વિગતવાર અહેવાલ અને ગોંડલના મહારાજા ભગવત્‌સિંહજી, જેમના દાદા દેવાજી મહારાજે કર્નલ વોકરને દૂધપીતી રિવાજ બંધ કરવાનો કરાર પત્ર લખ્યો હતો.

એવા હજારો યુવાનો તૈયાર કર્યા હતા કે જેઓ દહેજ વિના લગ્ન કરવા માટે કન્યાનું પાણિગ્રહણ કરવા માટે સજ્જ હતા.

આ અભિયાનના એક ભાગરૂપે જ શ્રીહરિએ જામનગર જિલ્લાના મોડા ગામે ગરાસિયા ક્ષત્રિયોને સમજાવીને બાળકીની હત્યા કરતી દૂધપીતી પ્રથા અને સતી કરવાની પ્રથા બંધ કરવા માટે કબૂલ કર્યા હતા.[૮] ત્યારે એક ગરાસિયા શિષ્યે કહ્યું કે 'બધું કરું પણ એ એક ન કરું.' ત્યારે ભગવાન સ્વામિનારાયણે તેને કહ્યું હતુંઃ 'મારે એટલી એક જ આજ્ઞા પળાવવી છે. અમારું નહીં માનો તો બીજી એક સત્તા આવીને જબરજસ્તી એ આજ્ઞા પળાવશે.'[૯]

શ્રીહરિ અહીં અંગ્રેજોની આવી રહેલી સત્તાની જાણે આગાહી કરી રહ્યા હતા. એ સમયે ભારતમાં સત્તામાં પ્રવેશી રહેલા ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારના બ્રિટિશ અધિકારીઓને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે ખૂબ આદર હતો. કારણ કે શસ્ત્ર અને સત્તા વગર ભગવાન સ્વામિનારાયણે ગુજરાતમાં જે શાંતિમય વાતાવરણ સર્જ્યું હતું તે એ બ્રિટિશ અધિકારીઓનાં હૈયે આશ્ચર્ય જન્માવતું હતું![૧૦] આથી જ શ્રીહરિ જ્યારે જ્યારે તેમને આવી સામાજિક ચળવળમાં ભાગીદાર બનાવતા ત્યારે તેઓ હોંશે હોંશે તેમાં જોડાતા. દૂધપીતી રિવાજ માટે ઠેર ઠેર અવાજ ઉઠાવી રહેલા પચ્ચીસ-છવ્વીસ વર્ષના ભગવાન સ્વામિનારાયણે અંગ્રેજોને પણ તેમના શાસન હેઠળના પ્રદેશોમાં દૂધપીતીનો રિવાજ બંધ કરવા માટે કડક કાયદો કરવા જણાવ્યું હતું. અને અંગ્રેજોએ શ્રીહરિના એ આદેશને જાણે મસ્તકે ચઢાવતાં એ અંગે કડક કાયદો પણ કર્યો હતો.

અંગ્રેજોને દૂધપીતીનો રિવાજ બંધ કરવાનો કાયદો ઘડવા માટેની ભગવાન શ્રી સ્વામિનારાયણે કેવી રીતે પ્રેરણા આપી હતી તેનો બહુ ઓછો ઇતિહાસ પ્રસિદ્ધ થયો છે. તેમાંનું એક મહત્ત્વનું પાત્ર છે - કર્નલ એલેક્ઝાન્ડર વોકર. તે સમયે ગુજરાતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારના 'રેસિડેન્ટ ઑફ બરોડા' અને પાછળથી બ્રિગેડિયર જનરલ બનેલા અધિકારી કર્નલ એલેક્ઝાન્ડર વોકર, ભગવાન **(અનુસંધાન પૃ. ૪૩ પર)**

૮. શ્રીહરિચરિત્રામૃતસાગર, ૮૯/૧.

૯. મશરૂવાળા, કિશોરલાલ, સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય, નવજીવન, અમદાવાદ, ૧૯૪૦. પૃ. ૪૧.

૧૦. ભગવાન સ્વામિનારાયણના કાર્યની પ્રશંસા એ વખતે ઇંગ્લૅન્ડમાં છપાયેલા અહેવાલોમાં પણ થઈ ચૂકી હતી. સન ૧૮૨૩માં (ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં) લંડનથી પ્રકાશિત થયેલા એશિયાટિક જર્નલમાં પણ તેના રિપોર્ટરે નોંધ્યું હતુંઃ 'His preaching had produced great effect in improving the morals of the people.' Asiatic Journal (1823) XV-P. 348-349.

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓનો પ્રેરક ઉપદેશ**

# શતાબ્દી ઉપદેશ


પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## સંસ્કૃતિના વારસાને ભૂલીને સુખી નહીં થવાય...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની સીધી-સાદી-સરળ પ્રાસાદિક વાણીની સરવાણી. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની આ અમૃતવાણીનું પાન કરી અમર થઈ જઈએ...

આજકાલ ઘરે ઘરે પ્રશ્નો છે. હમણાં ઘરડાની વાતો સાંભળી ને છોકરાની વાતો પણ સાંભળી. મૂંઝવણ થઈ જાય કે કરવું શું? કોઈનો વાંક કઢાય એવો નથી. વાંક કાઢીએ તો આપણે ગુનામાં આવી જઈએ. તમે અમને કેમ કહો? હરવું-ફરવું, નાચવું-કૂદવું, આ લાભ લેવા અમારો જનમ છે! અને ડોસાઓ પણ કહે, 'અમને ટી.વી. જોવા દો.' એ નવા જમાનામાં ભળી જાય છે ને પછી કહે, 'મારો દીકરો બગડી ગયો', પણ પહેલા તમે બગડ્યા! પહેલાં તમે સુધરોને!

અત્યારનું વાતાવરણ અને પશ્ચિમનો પ્રભાવ આપણા પર છે. પશ્ચિમની રહેણી-કહેણી, ખાવું-પીવું-બોલવું એ આપણા પર પ્રભાવ કરે છે. એ પ્રભાવને આપણે વળગી પડ્યા. એનો વિચાર નથી કર્યો કે એનું પરિણામ શું છે? અને હજુ આપણે જો નહીં સમજીએ તો પછી આપણું કાંઈ ઠેકાણું રહેવાનું નથી. બધી રીતે આપણે ખુવાર થઈશું. આપણા બાપદાદા, આપણો ધર્મ, પૂર્વનો સમાજ - એ બધું વિચારો. ભૂતકાળને ભૂલી ન જાવ. તમે ભૂતકાળને ભૂલી જશો તો તમારું અસ્તિત્વ જ નથી. ભૂતકાળમાં આપણા બાપદાદા કેવી રીતે રહેતા? ગમે તે પરિસ્થિતિ હોય એમાં



પણ સુમેળથી જીવન જીવ્યા છે. એક કુટુંબના પાંચ-પાંચ ભાઈઓ સાથે રહી જીવતા હતા. ઘરમાં ને બહાર વડીલોની મર્યાદા સંપૂર્ણ હતી. મર્યાદા વિનાનું જીવન એ સ્વતંત્રતા નથી. સ્વતંત્રતા એટલે મન ફાવે તેમ, ગમે તેમ હરવું-ફરવું એવું નહીં. પહેલાં ઘરનો મોભો સચવાતો, મર્યાદાઓ સચવાતી અને વડીલો પણ એવા હતા કે છોકરાઓની સાથે બેસી પ્રેમથી, હેતથી, વહાલથી એની સાથે વાત કરતા હતા. આજે એ છે જ નહીં. નવો જમાનો આવ્યો !

આ નવું વાતારવણ ભૂલવાનું જ છે અને જૂનું એટલે કે સંસ્કારનું વાતાવરણ છે એને યાદ કરવાનું છે, એને પાછું લાવવું છે. એ જો પાછું આવશે તો ૫૦ માણસોનું કુટુંબ ભેગું રહેશે. અત્યારે પણ એવા સંસ્કારી કુટુંબો ટંટા-બખેડા વગર પ્રેમથી સાથે જીવે છે.

તમે તમારો વારસો વિચારો. ઘરમાં બેસી એની વાતો કરો. રામાયણ, મહાભારત, ભગવાન સ્વામિનારાયણના ગ્રંથોની વાત કરો. આપણી સંસ્કૃતિ - આપણા સંસ્કાર, આપણો ધર્મ, આપણાં શાસ્ત્રો, આપણાં મંદિરો આપણને શું કહે છે ? તેની વાતો કરો. એવું વાંચો. તે ઘડીએ પણ બધા ખેતી-વેપાર-ધંધા કરતા હતા, પણ મનની શાંતિ હતી જ. આજે આપણી પાસે પૈસા, મોટર, બંગલા હોય તોય પણ અશાંતિ તો છે જ. એનું કારણ શું ? કારણ કે આપણું મૂળ ભૂલ્યા છીએ. મૂળ વસ્તુને સમજવા પ્રયત્ન કરીશું, એને પાછું લાવવા પ્રયત્ન કરીશું તો ઘરઘરમાં દિવાળી જ છે.

અત્યારે ઘર-ઘરમાં હોળી છે. કોઈ કોઈનું મન એક નથી. પશ્ચિમમાં છોકરો ૧૬ વર્ષનો થયો, કમાતો થયો એટલે માબાપથી જુદો. એની રીતે ફ્રેન્ડશિપ કરીને જે કરવું હોય એ કરે. એના સંસ્કાર, એની સંસ્કૃતિ, એના વિચારો કંઈ ન જોવે. બસ, રૂપ જોઈને મોહ પામી જાય. છોકરીઓ પણ એવી છે કે રૂપ જોઈને અંજાઈ જાય.

સંતાનોએ પણ માતા-પિતાને અંધારામાં ન રખાય. ગમે ત્યાં લગ્ન કરવાં હોય પણ માબાપને ખબર જ ન હોય એ રીતે ન થાય. તમને ભલે ગમે ત્યાં લગ્ન કરવાની ઇચ્છા થઈ હોય, પરંતુ તમે તમારાં માબાપને પહેલાં વાત કરો. આપણા સંસ્કાર ને સંસ્કૃતિ સચવાતા હોય એની સાથે જ લગ્નસંબંધ થવો જોઈએ. તમે નિર્ણય કરતાં પહેલાં તમારાં માબાપને પૂછો. થોડા કન્વીન્સ કરવા પ્રયત્ન કરો.

માબાપે પણ પોતાના સંતાનોને સાચું સમજાવવાનો પ્રયત્ન કરવો. છોકરા-છોકરીએ જ પહેલાં વિચાર કરવો કે આ પાત્ર સાથે હું કરું છું એ બરાબર છે કે નહીં ? માબાપની મંજૂરી હોવી જ જોઈએ, એ આપણી સંસ્કૃતિ છે, મર્યાદા છે.

આપણે ત્યાં પહેલાં તો બ્રાહ્મણો જ સંસ્કાર જોઈને લગ્નનું નક્કી કરતા. બ્રાહ્મણના વચને લગ્ન થતાં અને આખી જિંદગી લગન પૂરું થઈ જતું. તમારા દાદાએ કોઈ દિવસ છૂટાછેડા માગ્યા? લગ્ન એક ધાર્મિક સંબંધ છે. બેય જણાને ગમે તે સુખદુઃખ આવે, પણ એમાં જીવન પૂરેપૂરું નભાવવાનું જ. હવે તો સિત્તેર વરસના ડોસા, બે-ત્રણ છોકરા હોય તોય કહે, ‘હું તને છૂટાછેડા આપી દઈશ.’ આવું બોલાતું હશે ભલા આદમી? અને છોકરા પણ એમ કહે, ‘અમને ગમશે એ જ કરીશું. ભૂતકાળની વાતો માન્ય નથી!’

આજના જમાનામાં લગ્ન થયાં ને ફરવા ઊપડી જાય. સંતાનો કહે, બાપનું જે થવું હોય તે થાય પણ મારે જવું છે! પચાસ હજાર કે લાખ જેવો ખર્ચો કરી આવે ને પછી કહે કે મને આની સાથે નહીં ફાવે. છૂટાછેડા! પૈસાનું પાણી! પહેલાં તો લગ્ન પછી સૌ પ્રથમ ભગવાનને પગે લાગીને આવે, આશીર્વાદ માગે કે અમે ગમે તેવાં સુખદુઃખમાં સાથે રહીએ, અમારો પ્રેમ એવો ને એવો જ રહે. તે આખી જિંદગી સાથે જીવ્યાં છે. એ આપણી સંસ્કૃતિ છે, એને વિચારો.

આજે તો છોકરાઓને ઘરની શું પરિસ્થિતિ છે એ જોવું જ નથી. બાઈક તો જોઈએ, જોઈએ ને જોઈએ જ. અલ્યા, ખાવાના સાંસા પડે છે ને તું બાઈકની વાત ક્યાંથી કરે છે? તારા માટે પેટે પાટા બાંધી તને ભણાવતા હોય છે, પણ ના, એ મારે નહીં જોવાનું, મારે તો બાઈક જોઈએ જ! અમે કહીએ છીએ કે આજના જમાના પ્રમાણે જરૂર છે, એની ના નહીં, પણ સ્કૂલે જવાનું હોય તો ચાલીને પણ જઈ શકાય છે ને! પણ વહેલું ઊઠવું નથી, મોડા ઊઠવાનું, પછી કહે કે અમારે જલદી નિશાળે જવાનું એટલે બાઈક જોઈએ જ. પણ ચાલો તો કસરત થાય. શરીર સારું રહે. અને જરૂર હોય તો બાઈક પણ સ્કૂલના ભણતર પૂરતી જ હોય તેમાં વાંધો નથી, પણ ભાઈબંધ-દોસ્તો ભેગા આમતેમ આંટા મારે, નકામો ઉપયોગ કરે, એ શું બરાબર છે? હરીએ-ફરીએ, મહાલીએ છીએ પણ એ જીવન છે?

કેટલાક સો જાતના ડ્રેસ રાખે - નાઈટ ડ્રેસ જુદો, ઑફિસનો જુદો, સંડાસ જવાનો જુદો ! બધા ડ્રેસ નોખા છે, પણ ભલા આદમી, અમે આ જ ડ્રેસમાં આખી દુનિયા ફરીને આવ્યા તોય કોઈ પૂછતું નથી કે તમે આવું પહેરીને કેમ આવ્યા? મોટા પ્રધાનો ને બધાય પ્રેમથી મળે છે, કોઈ એમ નથી કહેતા કે ગેટ આઉટ.

માટે આપણે અસલ સંસ્કૃતિને જાળવી રાખવી. આપણા સંસ્કારોને જાળવી રાખવા, તો સહેજે સુખી થઈશું.

(તા. ૧૨-૨-૨૦૦૫, અટલાદરા) ◆

શતાબ્દી સ્મૃતિ


100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# મારે આનંદ વધ્યો અંગમાં જી રે...

સ્વામીશ્રી ઇંગ્લેન્ડના ધર્મપ્રવાસે પધાર્યા હતા. ૧૯૭૭ની એ ધર્મયાત્રામાં સ્વામીશ્રી ખૂબ કષ્ટો વેઠીને વિદેશની ધરતી પર સત્સંગની હરિયાળી ફેલાવી રહ્યા હતા. વિચરણ કરતાં કરતાં સ્વામીશ્રી તા. ૧૩-૭-૧૯૭૭ના રોજ ઇંગ્લેન્ડના ઉદ્યોગ શહેર તરીકે ગણાતા આસ્ટન પધાર્યા હતા. અહીં તૈયાર થયેલા બી.એ.પી.એસ. મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે.


આ મંદિરના નિર્માણમાં સૌ સત્સંગીઓ તન, મન, ધનથી યાહોમ થઈ ગયા હતા. તેની શરૂઆત થઈ ચૂકેલી – સન ૧૯૭૪થી.

સન ૧૯૭૪માં સ્વામીશ્રી આસ્ટન પધાર્યા ત્યારે અહીં વસતો એક અંગ્રેજ બાળક માર્ક તેઓના યોગમાં આવેલો. તેણે કંઠી પહેરવાની ઇચ્છા વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ તેને કંઠી પહેરાવીને માળા પણ આપેલી. સાથે ગુલાબનું પુષ્પ. સ્વામીશ્રીએ સજી આપેલાં કંઠી, માળા અને ફૂલના આ સાજ સાથે તે બાળક જ્યારે ઘેર ગયો ત્યારે તેની માતા સિલવિયા કેમ્પ્સ્ટરને સ્વામીશ્રીની ચિનગારી લાગી ગઈ. પોતાના પુત્ર પર અકારણ કરુણા વરસાવનાર સ્વામીશ્રી એ ઘડીથી એમના મનમાં આદરણીય આધ્યાત્મિક આદર્શ તરીકે બિરાજી ગયા હતા. ત્યારથી જ તેઓએ સ્વામીશ્રીની સેવા કર્યાનો સંતોષ મેળવવા સત્સંગી મહિલાઓની વિવિધ સેવાઓ કરવાનો આરંભ કરી દીધેલો. આસ્ટનમાં નિર્માણાધીન મંદિરનાં સરકારી કાર્યોમાં પણ સહાયરૂપ બનીને છેલ્લાં ત્રણ વર્ષથી સ્વામીશ્રીને વધાવવા તલસી રહેલાં.



સ્વામીશ્રીનો આસ્ટનનો કાર્યક્રમ નક્કી થતાં જ આ બ્રિટિશ મહિલાના ભક્તિભાવને પાંખો ફૂટી ગઈ. સ્વામીશ્રીના શાનદાર સ્વાગતના ભાગરૂપે આજે તેઓએ નગરના ટાઉન હૉલમાં ભવ્ય જાહેરસભા યોજી દીધેલી. આ સભાગૃહની અંદર-બહાર, મંચની ઉપર-આગળ કીમતી પુષ્પો અને વલ્લરીઓનાં સુશોભનમાં તેઓએ કોઈ મણા રાખી નહોતી. સ્વામીશ્રીનો યોગ શહેરના પ્રતિષ્ઠિત અગ્રણીઓને થાય તે માટે આ મહિલા સિલવિયા બહેને જ સૌને ઘરોઘર જઈને આમંત્રણ પાઠવ્યાં હતાં. શહેરના મેયર અને કાઉન્સિલના આગેવાન સભ્ય વિલ્કિન્સન, શહેરના મેજિસ્ટ્રેટ વગેરેને પણ તેઓએ જ સ્વામીશ્રીના યોગમાં આણી દીધેલા.

એટલું જ નહીં, મૂર્તિપ્રતિષ્ઠાના કાર્યની મોટા ભાગની જવાબદારીનું વહન પણ તેઓએ પોતાના



આસ્ટનમાં અશ્વબગીમાં સ્વામીશ્રી. યુરોપિયન મહિલા ભક્ત શ્રી સિલવિયા બહેન દ્વારા આયોજિત પરંપરાગત સન્માન...

શિરે ઉઠાવી લીધેલું. આસ્ટન શહેરમાં સ્વામીશ્રીની શાનદાર નગરયાત્રાની જરૂરી પરવાનગીઓ તેઓ લઈ આવેલાં. મૂર્તિઓ માટે રથની રચના અને સજાવટ પણ તેઓએ કરાવેલાં. શ્રેષ્ઠ આસ્ટોનિયન બ્રાસ બૅન્ડ તથા સ્વામીશ્રીની બગી માટે ડ્યૂક ઑફ ઍડિનબરોનો માનીતો જેકબ નામનો ભરાવદાર અશ્વ પણ તેઓ સેવામાં લઈ આવેલા. આ દેશમાં બગીનું સન્માન વિશિષ્ટ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય; પરંતુ આગેવાનોના સહકારથી તે આયોજન પણ આ મહિલાએ સંપન્ન કરેલું. શહેરનાં અગ્રિમ અખબારોના ખબરપત્રીઓને પણ તેઓએ ખડેપગે રાખેલા. સ્વામીશ્રી સાથેના કોઈ જ સીધા સંપર્ક વિના પણ તેઓના ગુણાનુવાદ ગાઈ રહેલી આ યુરોપિયન મહિલાનો આત્મા ગાઈ રહેલોઃ

*'હું તો મોહી રંગીલા તારા રંગમાં જી રે;*
*મારે આનંદ વધ્યો છે અંગમાં જી રે...'*

અષ્ટાંગ બ્રહ્મચર્યધારી સાધુના સ્વાગતમાં એક યુરોપિયન સન્નારીના હૈયે જાગેલો આ ઉમળકો સ્વામીશ્રીની સાધુતાના પોતની પવિત્રતાનો પણ પુરાવો બની રહ્યો. તેથી સર્વત્ર આશ્ચર્યની લાગણી ફરી વળી હતી.

તા. ૧૬/૭ના રોજ સ્વામીશ્રીના વરદ હસ્તે આસ્ટનના આંગણે પ્રતિષ્ઠોત્સવ સંપન્ન થયો. સાંજે પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રી વિલ્કિન્સન અને શ્રીમતી સિલવિયાના ઘેર પણ પધાર્યા.

આ યુરોપિયન મહિલાએ પોતાના પુત્ર માર્કને ઠાકોરજી અને સ્વામીશ્રીના પૂજનવિધિ માટે સજ્જ રાખેલો. માર્કે ઠાકોરજીનું પૂજન કર્યા બાદ સ્વામીશ્રીએ તેના માથે પોતાનો અભયહસ્ત મૂક્યો ત્યારે અંદરના ઓરડામાં બેઠેલી તેની માતાને એવી અનુભૂતિ થઈ કે 'સ્વામીશ્રી જાણે મારા મસ્તકે જ હસ્ત પ્રસારી રહ્યા છે!' ભક્તિ-રસાયણ સ્થળ અને કાળના અંતરને ઓગાળી નાંખે છે – તે વાત અહીં સાકાર બની રહી!

બીજે દિવસે સ્વામીશ્રી આસ્ટનથી વિદાય લઈ રહેલા ત્યારે સૌ સત્સંગીઓની સાથે સિલવિયા બહેન અને માર્ક પણ ગમગીન બની ગયાં. તે વખતે સ્વામીશ્રીએ માર્કને પાસે બોલાવી ભારત આવવાનું આમંત્રણ પાઠવ્યું. એક યુવક કહેવા લાગ્યોઃ 'India is very hot.' (ભારત ખૂબ ગરમ પ્રદેશ છે.) તે સાંભળી સ્વામીશ્રી તરત જ બોલ્યાઃ 'India is very nice.' (ભારત ખૂબ સુંદર છે.) ભારતીય ભૂમિના આ પવિત્ર સંતની વાણી માર્ક, તેની માતા અને સૌના હૃદયને સ્પર્શી ગઈ. એમ કે જ્યાં આવા મહાન સંત બિરાજતા હોય તે ધરતી ખરેખર સુંદર જ હોય ને! આસ્ટન ખાતે સ્વામીશ્રીનું આ વિચરણ તેમની બ્રહ્મચર્યની શાન સાથે એક યુરોપિયન મહિલા ભક્તની ભક્તિનું પરિચાયક બની રહ્યું. ◆

## મહિલા ઉત્કર્ષની અનોખી ચેતના પ્રગટાવનાર

# ભગવાન શ્રી સ્વામિનારાયણ



ભગવાન શ્રી સ્વામિનારાયણે સમાજના આમૂલ પુનરુત્થાન અને સમાજ ઉદ્ધારનું જે કાર્ય કર્યું એ અનન્ય છે. તેમાં પણ તેમણે પ્રગટાવેલી નારી-ઉત્કર્ષની ચેતનાને સમાજ-ચિંતકો, ઇતિહાસકારો, પ્રબુદ્ધ સાક્ષરો નવાજે છે. ભગવાન સ્વામિનારાયણે સ્ત્રીઓ અને પુરુષોના શીલની સુરક્ષા માટે સ્ત્રી-પુરુષ મર્યાદા સ્થાપી. પરંતુ સાથે સાથે એક એવો વિશાળ મહિલા ભક્તસમાજ તૈયાર કર્યો, જેમનાં જીવન દ્વારા આજની મહિલાઓનાં હૈયે પણ અનોખી ચેતના પ્રગટી શકે છે. પ્રસ્તુત લેખ તેની એક ઝલક આપે છે.

■ સાધુ અક્ષરજીવનદાસ

ભારત ભૂમિ ઉપર વૈદિક સમયથી મહાન નારી-રત્નો અવતરતાં રહ્યાં છે. ઉપનિષદ યુગનાં ગાર્ગી અને મૈત્રેયી જેવાં અનેક ઉદાહરણોથી લઈને પૌરાણિક યુગ અને ત્યાર બાદ ભક્તિમતી આંડાલ અને મીરાંબાઈ સુધી અનેક નારી-ભક્તોની એક તેજસ્વિની અને યશસ્વિની ધારા અવિરત પ્રવાહિત રહી છે.

યુગોથી ભારતમાં ભક્ત-સ્ત્રીનું ગૌરવ ગવાયું છે. આપણાં સનાતન શાસ્ત્રો પણ કહે છે, 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।' અર્થાત્ જ્યાં નારીનું પૂજન, સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમણ કરે છે. એવાં નર અથવા નારી આદરણીય, પૂજનીય બને છે, જેનામાં વ્યાસકથિત માનવીય અને અતિમાનવીય ગુણોનો સમન્વય હોય.

વેદકાળમાં ભારતીય નારી ન્યાય, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, શાસ્ત્રાધિકાર જેવાં ક્ષેત્રોમાં અગ્રેસર રહેતી હતી. ગાર્ગી, શતરૂપા, શાંડિલી, મેના, સ્વાહા, સંજ્ઞા, વિશ્વવારા, લોપામુદ્રા, અપાલા, મૈત્રેયી આદિ વિદુષી સ્ત્રીઓની સાથે સાથે અનસૂયા, સાવિત્રી, તારામતી, દ્રૌપદી જેવી સતી સ્ત્રીઓની દૃષ્ટાંતકથાઓ આજે પણ વિશ્વના નારી-જગતને પ્રેરણા આપી રહી છે. તેની પ્રેરક કથાઓ આપણા સનાતન ધર્મના ઇતિહાસને નવું ગૌરવ પ્રદાન કરે છે. સનાતન ધર્મની એ ગૌરવવંતી પરંપરામાં સ્વામિનારાયણીય નારી-ભક્તો પણ મૂઠી ઊંચેરાં સાબિત થયાં છે. સંતાનોને સંસ્કાર આપવામાં, પતિના કુવર્તનને સદ્ વર્તનમાં ફેરવવામાં, સાસુ-સસરાને માતા-પિતા તુલ્ય માનવામાં, ઘરના અર્થતંત્રને ઉન્નત કરવામાં, મલિન મંત્રતંત્ર કે વહેમ અને અંધશ્રદ્ધામાં વિશ્વાસ નહીં કરીને ભગવાનમાં જ એક કર્તાપણું સમજવામાં સ્વામિનારાયણીય સ્ત્રીરત્નોએ અદ્ભુત પ્રેરક ઉદાહરણો પૂરાં પાડ્યાં છે.

ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ જેવા અવતારો, ભગવાન સ્વામિનારાયણ કે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પણ આ લોકમાં પ્રકટ કરવાનું પરમ શ્રેય એ સદ્ગુણી સન્નારીને જાય છે.

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્ત્રીઓના ઉદ્ધારની જે મહાન ક્રાંતિ કરી હતી, એ વિષે ખૂબ ઓછું લખાયું છે, ઓછું પ્રકાશિત થયું છે. એમણે સમાજને આપેલી અનેક મહાન નારી-રત્નોની ભેટ આજે પણ એટલી જ પ્રેરક અને દીવાદાંડી સમાન છે.

શ્રીહરિએ આ સતત વહેતી ધારા સાથે અનેક મહાન નારી-ભક્તોની એક વધુ પ્રકાશમય પરંપરા આપી. એ પ્રત્યેક નારી-ભક્તના જીવનમાં ઔપનિષદિક કાળની સ્ત્રીઓના સદ્ગુણોનું દર્શન થાય છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને સમર્પિતતાને કારણે, એ ગ્રામીણ અને સામાન્ય જણાતાં નારી-ભક્તો અધ્યાત્મનું સર્વોચ્ચ પદ સિદ્ધ કરી શક્યાં છે. સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલીન ઉચ્ચ જીવન જીવી ગયેલાં એ મહાન નારી-ભક્તો કોઈપણ યુગનાં સ્ત્રી-સમુદાય માટે પ્રેરણારૂપ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પકવેલાં એ મહાન સ્ત્રીભક્તોની પરંપરાનું અધ્યયન કરતાં તેઓશ્રીએ પ્રગટાવેલી મહિલા ઉત્કર્ષની અનોખી જ્યોતિનાં અજવાળાંનો અનુભવ થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મહિલાઓના ઉત્કર્ષ માટે કેટલીક પાયાની બાબતો વિચારી અને પ્રસ્થાપિત કરી હતી.

### ■ સ્ત્રી-પુરુષ મર્યાદા

સ્ત્રીઓને પુરુષોની મલિન વૃત્તિઓથી નિર્ભય કરવા માટે દીર્ઘદ્રષ્ટા ભગવાન શ્રી સ્વામિનારાયણે સૂક્ષ્મ ચિંતન કરીને સ્ત્રીને પરપુરુષનો સંસર્ગ ન થાય તેવું નિયમબદ્ધ આયોજન કર્યું હતું.

કોઈ જ્ઞાની ગૃહસ્થ પુરુષ ઉપદેશક બને તોપણ ઉપદેશના નિમિત્તે સ્ત્રીઓને એકાંતમાં મળીને તેનું શોષણ ન કરી શકે એવી સ્ત્રી-પુરુષ મર્યાદા ભગવાન સ્વામિનારાયણે સ્થાપી હતી.

એ જ રીતે ભગવાન સ્વામિનારાયણે મંદિરોમાં દર્શનાર્થે આવતી સ્ત્રીઓ પણ ભીડભાડમાં પુરુષોના શોષણથી મુક્ત રહે તે માટે જુદી જુદી દર્શન વ્યવસ્થા કરી.

પ્રખર ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળા નોંધે છે કે 'આવી રીતે સ્ત્રીઓ માટે મંદિરમાં દર્શનાદિકની જુદી સોઈ (વ્યવસ્થા) કરનાર તેમજ જ્ઞાન મેળવવા માટે સ્વતંત્ર વ્યવસ્થા કરનાર પણ સ્વામિનારાયણ પહેલા જ છે.'

ફક્ત ૧૯ વર્ષના નીલકંઠ વર્ણી જ્યારે લોજ પધાર્યા ત્યારે તેમણે રસોઈઘરમાં દીવાલમાં એક ગોખલો જોયો. પૂછતાં માલૂમ પડ્યું કે દેવતાની આપ-લે કરવા આ ગોખલો રાખ્યો છે. એ કિશોર વયના નીલકંઠ વર્ણીએ તરત કહ્યું, આ છિદ્ર ભીંતમાં નહીં પણ ધર્મમાં છે. તેમણે કહ્યું કે આ નાના ગોખલા દ્વારા ભવિષ્યમાં મોટી સમસ્યા ઊભી થશે. એમ કહીને તેમણે એ ગોખલો પુરાવી દીધો.

સમાજમાં વકરતી વિકૃતિઓ હવે અજાણી નથી. યુવાન પુત્રી કે બહેનનું શોષણ કરનારા લોકોના સમાચારો વારંવાર સમાચાર માધ્યમોમાં ચમકે છે. એવા સમયે આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણે બાંધેલા નિયમોની મહત્તા સમજાય છે. તેમણે કહ્યું કે અનિવાર્ય સંજોગો સિવાય ગૃહસ્થોએ પોતાની મા-બહેન, દીકરી સંગાથે એકાંતમાં ન બેસવું જોઈએ.

પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે કે 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં હું ઊછર્યો અને તે સંપ્રદાયમાં મારા મુખ્ય ગુરુ તો મારા પિતાશ્રી જ હતા. એક વાર મારી નાની બહેન (૧૨-૧૩ વર્ષની) એક ઓરડામાં માથું ઓળતી હતી. કોઈક પરિચિત ગૃહસ્થ એ ઓરડામાં દાખલ થયા. ઓરડો ખુલ્લો હતો. કોઈનીયે જતાં-આવતાં નજર પડે એવી એની રચના હતી. મારી બહેન એ ઓરડામાંથી ચાલી ન ગઈ પણ માથું ઓળતી રહી. મારા પિતાશ્રીએ તે બીજા ઓરડામાંથી જોયું. એમણે એને પાસે બોલાવી શિક્ષાપત્રીની આજ્ઞા સમજાવી. પછી કહ્યું કે એ આજ્ઞાનો ભંગ થયો તે માટે પ્રાયશ્ચિત્તરૂપે તેણે એક દિવસનો ઉપવાસ કરવો જોઈએ.'[1]

આવા સ્વામિનારાયણીય સંસ્કારો અને પોતાના પારિવારિક વાતાવરણને કારણે કિશોરલાલ નોંધે છે કે તેમની વારંવાર રક્ષા થઈ છે.

ભગવાન સ્વામિનારાયણ માનતા હતા કે સ્ત્રીને સ્વતંત્રતા હોવી જોઈએ, પરંતુ તેમાં પણ એક મર્યાદા આંકવી જોઈએ. નહીંતર કેટલાક લોકો તેનો ગેરલાભ લઈને સ્ત્રીઓનું જીવવું હરામ કરી શકે છે. ઉત્સવો તેનું એક ઉદાહરણ કહી શકાય.

સમાજજીવન સાથે વણાયેલા હોળી-ગરબા જેવા ઉત્સવોમાં સ્ત્રી-પુરુષ ભેગાં રમતાં, જેમાં કેટલાક એવાં દૂષણો પ્રવેશી ગયાં હતાં કે અમુક લોકો ધર્મના નામે સ્ત્રીઓનું સહજતાથી શોષણ કરી શકતા. આથી, શ્રીહરિએ સમાજને દિશા-દર્શન આપતા એક નવી જ પ્રથા દાખલ કરી કે સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે રંગથી રમે અને પુરુષો પુરુષો સાથે રંગે રમે.

શ્રીહરિએ મહિલાઓને ઉત્સવોની સેવામાં સામેલ કરી. વિધિ-વિધાનોમાં મહિલાઓને અગ્રણી મોરચે રાખી. શિક્ષણના ક્ષેત્રમાં પણ મહિલાઓને નિપુણ કરી અને આધ્યાત્મિક ક્ષેત્રમાં બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવી. શ્રીહરિની કેટલીક મહિલા હરિભક્તોનાં નામનું સ્મરણ હૃદયને ભક્તિની ચેતનાથી ભરી દે છે. ગઢપુરનાં જીવુબા, લાડુબા, પાંચુબા, અમૂલાબા, અમરીબા, ધર્મપુરનાં રાજમાતા કુશળકુંવરબા, કુંડળનાં રાઈમા, દાદાખાચરનાં પત્ની જશુબા, સુરાખાચરનાં પત્ની શાંતાબા, જેતપુરના જીવા જોશીનાં દીકરી રામબા, કચ્છ-ભુજમાં સ્થાયી થઈને સત્સંગનો પ્રચાર કરવાવાળી બે તપસ્વિનીઓ લાધીબાઈ તથા માતાજી, બ્રહ્મચર્યની મૂર્તિમાન પ્રતિમા રાજબાઈ, બોચાસણના કાનદાસ પટેલનાં પત્ની નાનબાઈ, કારિયાણી ગામના દરબાર વસ્તાખાચરનાં પત્ની સીતબાઈ, સાંખ્યયોગિની મહિલાઓ, સોમબાઈ, રામબાઈ, અમરાબાઈની સાથે સાથે અનેક મહિલા-ભક્તોનાં સેવા-સમર્પણ, ધર્મનિષ્ઠા ને સ્વરૂપનિષ્ઠાનો ઇતિહાસ અનોખો છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા તે જમાનામાં બધી રીતે ધર્મનું પતન થયું હતું. તેથી સ્ત્રીનું વ્યક્તિત્વ દબાઈ-કચડાઈ ગયું હતું. શ્રીહરિએ ધર્મધુરા સંભાળ્યા પછી તરત જ સ્ત્રી-ઉદ્ધારનું કાર્ય શરૂ કરી દીધું.

એ સમય અંધશ્રદ્ધા અને વહેમનો હતો. પરિણામે કેટલાક કુરિવાજો સમાજમાં રૂઢ બની ગયા હતા. જેમ કે સતીપ્રથા, દૂધપીતી વગેરે...

પતિ મૃત્યુ પામે તેની પાછળ સ્ત્રીએ અવશ્ય સતી થવું પડતું. એટલે કે પતિના મૃતદેહ સાથે પત્નીએ પણ જીવતે

---

૧. કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા, *સ્ત્રી-પુરુષ-મર્યાદા*, નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, જાન્યુઆરી-૧૯૫૮; પ્રસ્તાવના, પૃ. ૫-૬.

જીવત ચિતા પર ચઢીને પતિ સાથે સળગી જવું પડતું. આ 'સતી' થવાનો રિવાજ શ્રીહરિએ બંધ કરાવ્યો.

વળી, દહેજ-પ્રથાને કારણે અમુક જ્ઞાતિઓમાં બાળકી જન્મે કે તરત તેને દૂધના પાત્રમાં ડુબાડીને મારી નંખાતી. તે 'દૂધપીતી' પ્રથા પણ શ્રીહરિએ બંધ કરાવી અને સત્સંગીઓમાં એક ખરડો પસાર કરાવ્યો કે કન્યાનાં સગાં પાસેથી વર કે વરનાં સગાંએ દહેજ ન લેવું. કન્યાનાં સગાં ગાય-ભેંસ કે રોકડ, દાગીના કન્યાને આપે તે ભલે આપે, તે કન્યાની માલિકીનું રહે, પણ વરપક્ષે આ માટે કોઈ દબાણ ન કરવું.

આ આદેશનું સત્સંગીઓ પાલન કરવા લાગ્યા. આથી, સમાજનું એક મોટું કલંક ધોવાયું.

શ્રીહરિએ હળિયાદનાં રુકમાઈ માટે તેના ભાઈ જસમત પટેલને કહેલું કે 'રુકમાઈબાઈને કરિયાવરમાં એક ભેંસ આપજો અને રેંટિયો પણ આપજો. તેનાથી તે નબળાં વર્ષોમાં ગુજરાન ચલાવી શકે.'

## ■ વિધવા-વિવાહના પુરસ્કર્તા શ્રીહરિ

અઢારમી-ઓગણીસમી સદીનો એ સમય સ્ત્રીઓ માટે પરાધીનતાનો હતો. પિતા-પતિ-પુત્રના આધારે રહેતી અબળા યુવાન અવસ્થામાં જ વિધવા બનતી ત્યારે તેનું જીવન વિષમય બની રહેતું. પતિ મૃત્યુ પામતાં સ્ત્રી સાવ નિરાધાર થઈ જતી, અપમાનિત દશામાં જીવન ગુજારતી વિધવાઓને અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. આમાંય જ્યારે નાનું બાળક હોય ત્યારે તો તેની મુસીબતનો પાર ન રહેતો. ટૂંકમાં આર્થિક, કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓમાં ઘેરાયેલી એ વિધવા ઘરમાં અપશુકનિયાળ બની રહેતી અને પુનઃ લગ્ન કરે તે કલંક મનાતું. આવી વિધવાઓ ખૂણામાં બેસી રહે કાં તો માત્ર ગુલામી કરે કાં તો ઘરમાં ત્રાસ વર્તાવે કાં તો દુરાચાર તરફ વળે.

પરંતુ ભગવાન સ્વામિનારાયણ એ યુગના એવા પહેલા મહાપુરુષ હતા કે તેમણે વિધવાઓના પુનર્લગ્ન અંગે સમાજમાં નવી વાત પ્રસ્થાપિત કરી. તેમણે ઠેર ઠેર સમાજને એકત્રિત કરી સમજાવ્યુંઃ જે વિધવા સ્ત્રીને પુનઃ લગ્ન કરવાની ઇચ્છા હોય તો તેમ કરવું, પણ અવિવાહિત રહીને અયોગ્ય આચરણના કલંકથી ડરવું.

જે વિધવાઓ પુનર્લગ્ન કરવા ન ઇચ્છતી હોય તે ઈશ્વરભક્તિ તરફ વળે, તેનો ઉદ્ધાર થાય અને તેની આસપાસના સૌ લોકો સુખી થાય તે માટે શ્રીહરિએ આવી વિધવાઓને એકાંતિક ધર્મ તરફ વાળી. વિધવા શબ્દ અન્ય અર્થમાં ચરિતાર્થ કર્યો. વિધવા એટલે વિશિષ્ઠ પ્રકારનો ધવ અર્થાત્ પરમાત્મા જેના સ્વામી છે એવી સ્ત્રી તે વિધવા. આવી સ્ત્રીઓ ઘરસંસારમાં રહીને સવારથી રાત સુધી તે પ્રભુપરાયણ રહી નવધા ભક્તિ કર્યા કરતી. વિધવા બાઈ પોતાનું પોષણ પોતે જાતે રેંટિયો કાંતીને કરી શકે તેવો વિચાર તે સમયે શ્રીહરિએ આપ્યો અને તેનું પ્રવર્તન કરાવ્યું!

વળી, લોકો વિધવાને 'રાંડ' કહેતા, તેનું મોં જોવું તેને અપશુકન ગણતા, વિધવાને અંધારે રહેવું પડતું, કાળાં કપડાં પહેરવાં પડતાં. શ્રીહરિએ આવી મહિલાઓને સાંખ્યયોગી બિરુદ આપ્યું અને તે એક આદરણીય, પૂજનીય ને પ્રાતઃસ્મરણીય મહિલા બની ગઈ!

સ્ત્રી પરણીને સાસરે જાય ત્યારે ઘણી વાર ત્યાં તે વિચિત્ર સ્વભાવની સાસુ, નણંદ, જેઠાણી તથા પતિ અને સસરાના ત્રાસનો ભોગ બનતી. એમાંય આવી સ્ત્રી જો સ્વામિનારાયણ સંપ્રદાયની સત્સંગી હોય અને સાસરિયાં અન્ય સંપ્રદાયને અનુસરતાં હોય તો ક્યારેક તો એના પર અમાનુષી ત્રાસ પણ ગુજારવામાં આવતો. એ સમયમાં જો સ્ત્રી આવા સાસરિયાંમાંથી ભાગી આવે તો પિયરમાં કોઈ એને સંઘરતું નહીં. આથી, તે કૂવે પડતી, ગળે ફાંસો ખાતી અથવા ઝેર પીને મરી જતી.

આવી સ્ત્રીઓ પણ સાંખ્યયોગી તરીકે પોતાનું શેષ જીવન ભક્તિમાં વિતાવી શકે તેવી શ્રીહરિએ વ્યવસ્થા કરી આપી હતી. શ્રીહરિની આજ્ઞા અનુસાર જીવુબા આવી સ્ત્રીઓની સંભાળ રાખતાં. આવી સ્ત્રીઓ ભક્તિમાં જ પોતાનો સમય વિતાવીને સંપૂર્ણ જીવન શાંતિ અને પ્રસન્નતાથી માણી શકતી. પાછળથી આવી સ્ત્રીઓને જો સાસરિયાં-પક્ષનાં સગાંવહાલાં તેડવા આવતાં ત્યારે જો તે સ્ત્રીની ઇચ્છા પાછા જવાની હોય તો શ્રીહરિ સ્વેચ્છાથી તેને પાછી ઘેર મોકલતા.

શ્રીહરિ પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતી આવી મહિલાઓ ઘણી વાર પોતાની સર્વ મિલકત ધર્માદામાં અર્પણ કરવાની તૈયારી બતાવતી, ત્યારે શ્રીહરિ સમજાવતા કે એ મહિલાઓએ પોતાના ખપ જોગું ધન જરૂર રાખવું અને જે વધારાની સંપત્તિ હોય તે જ દાનમાં આપવી; જેથી પાછળથી લાચારી અનુભવવી ન પડે.

## ■ શિક્ષણ અને નિયમપાલન

ભગવાન સ્વામિનારાયણના વખતમાં સામાન્ય જનસમુદાયમાં પણ અક્ષરજ્ઞાન નહીંવત્ હતું, તેમાં સ્ત્રી-કેળવણીનું તો પૂછવું જ શું? એવા સમયે ભગવાન સ્વામિનારાયણ સ્ત્રી-કેળવણીની પ્રથમ શિલા રોપનાર મહાપુરુષ બની રહ્યા. તેમણે સ્ત્રીઓની સત્સંગ-સભા નોખી કરાવી અને તેમાં સ્ત્રીઓને ઉપદેશ-કર્તા બનાવી

ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનાં દર્શન કુંડળનાં ક્ષત્રિયાણી ભક્ત રાઈમાને થતાં. તો આધોઈના કરણીબાને પણ શ્રીહરિની કૃપાથી નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. કરિયાણાનાં મીણબાઈમાને પણ શ્રીહરિની મૂર્તિ અખંડ દેખાતી.



સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલીન ગ્રંથોનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે શ્રીહરિએ અબુધ અને અબળા ગણાતી સામાન્ય સ્ત્રીઓમાં અધ્યાત્મ કેટલે ઊંડે સુધી ધરબ્યું હતું!

અને એ માટે સ્ત્રીઓ શાસ્ત્રો-ગ્રંથોનું અધ્યયન કરે એવી તેમણે આજ્ઞા કરી. પરંતુ, તે માટે અક્ષરજ્ઞાન જરૂરી હતું. શ્રીહરિએ પોતાનાં મંદિરોમાં સ્ત્રી-શિક્ષણનું અભિયાન ચલાવ્યું. અક્ષરજ્ઞાન પામેલી સ્ત્રી બીજી સ્ત્રીઓને પણ ભણાવવા લાગી. અક્ષરજ્ઞાન પ્રાપ્ત થવાથી સ્ત્રીઓ સ્વતંત્ર વિચાર શક્તિ ધરાવતી થઈ. સારા ખોટાનો વિવેક સમજતી થઈ. દીર્ઘદૃષ્ટિથી વિચારવાની શક્તિ તેનામાં ખીલી ઊઠી. તે શાસ્ત્રો વાંચીને વિચારતી થઈ. તેમજ પોતે મેળવેલું અધ્યાત્મજ્ઞાન સ્ત્રી સમુદાયમાં વહેંચવા લાગી. એટલે જ ઇતિહાસમાં એક પ્રસંગ નોંધાઈ ગયો કે જ્યારે વડોદરાના મહારાજા સયાજીરાવે કન્યા પાઠશાળાઓ ઊભી કરી ત્યારે શિક્ષિકાઓની જરૂરિયાત ઊભી થઈ, તે વખતે તેમને પ્રારંભમાં શિક્ષિકાઓ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી વર્ગમાંથી પ્રાપ્ત થઈ હતી.

### ■ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ

ભગવાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે તેમની ભેગા મુક્તો પણ પ્રગટે છે. તેઓ ભગવાનની ઇચ્છા અનુસારે સ્ત્રી અથવા પુરુષરૂપે અવતરીને શ્રીહરિના એકાંતિક ધર્મ-પ્રવર્તનના કાર્યમાં જોડાઈ જાય છે. પ્રથમ પોતે એ એકાંતિક ધર્મને આત્મસાત્ કરે છે, પછી પોતાના યોગમાં આવનાર સૌ કોઈને પ્રેરણા આપે છે. શ્રીહરિના રંગમાં રંગી નાખે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલીન ગ્રંથોનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે શ્રીહરિએ સ્ત્રીઓમાં અધ્યાત્મ કેટલે ઊંડે સુધી ધરબ્યું હતું!

'હરિચરિત્રામૃતસાગર'માં આધારાનંદ સ્વામી લખે છે કે - 'સત્સંગમાં સ્ત્રીઓ પણ ઘણી ઉચ્ચ કક્ષાની હતી. પુરાણોમાં સાંભળ્યું પણ ન હોય તેવી રીતે ભક્તિ-ધર્મ-વૈરાગ્ય અને જ્ઞાનથી યુક્ત ઘણી જ સ્ત્રીઓ હતી. ગૃહસ્થ બાઈઓ પણ પોતાના પતિ સિવાય બીજા પુરુષમાત્રને ભાઈ-બાપ જાણતી. સ્ત્રીઓ ચાતુર્માસમાં ધારણાં-પારણાં વગેરે વ્રત કરી દેહને દમતી હતી. ચાંદ્રાયણાદિક વ્રત કરીને તથા રોજ નવટાંક જેટલું અન્ન ખાઈને તથા છ પ્રકારના રસ તજીને તથા સારાં વસ્ત્ર આભૂષણો, પલંગ, શય્યાનો ત્યાગ કરીને, ભગવાનનાં ચરિત્રોમાં મનને લીન કરી ધ્યાન અને માનસી પૂજા બહુ પ્રેમથી કરતી. માર્ગમાં ચાલતાં કોઈ પુરુષ સામે દૃષ્ટિ કરતી નહીં.' (શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૫/૩)

'લાડુબા ને જીવુબા રાજપુત્રી હોવાં છતાં રસમાત્રનો ત્યાગ રાખતાં. સૂર્યની પેઠે શુદ્ધ રહીને શ્રીહરિનાં દર્શન કરતાં. ત્યાગ અને તપ સિવાય તેમને બીજી રુચિ નહોતી. તે જે વચન બોલે તે પ્રમાણે જ થતું.' (શ્રીહરિચરિત્રામૃતસાગરઃ

૬/૧૫) એક વાર જેવું-તેવું ભોજન કરી, જીર્ણવસ્ત્ર પહેરી, વારેવારે ઉપવાસ કરી, શરીરનો અનાદર રાખતાં. કથા-કીર્તનમાં અપાર સુખ માનતાં. સંસાર સુખને મળની પેઠે ત્યજી દીધું. ભાત-ભાતનાં પકવાન ઝેર જેવા માનતાં. (શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૩/૨૩)

વાંકિયાનાં રાજબાઈ મહાતપસ્વિની હતાં. હાથમાં કંકણ પહેરતાં નહીં. આંખમાં આંજણ આંજતાં નહીં. એકાદશી, ધારણાં-પારણાં, ચાંદ્રાયણ વ્રત રાખતાં. કેવળ મીઠા વગરનું અન્ન જમતાં તે પણ દિવસમાં એક વાર. ઘી, ગોળ, સાકર, દહીં, દૂધ ક્યારેય લેતાં નહીં. જાડાં ખાદીનાં વસ્ત્ર પહેરતાં. જીવનપર્યંત કોઈ ધાતુને હાથે કરીને અડ્યાં નહીં. પોતાનો કરી એક પૈસો રાખ્યો ન હતો. પાણી પીવાની તુંબડી, કઠારી રાખતાં. કાછલીમાં પાણી પીતાં. કાષ્ઠના વાસણમાં જમતાં. પૃથ્વી ઉપર કંઈ પાથર્યા વગર સૂતાં. કોઈ પુરુષનું મુખ કે શરીર જોવાઈ જાય તો ઉપવાસ કરતાં. શ્રીહરિ સિવાય કોઈ પુરુષ સાથે બોલ્યાં જ નથી. ત્યાગનાં કીર્તનો ગાતાં ને વાંચતાં. શ્રીહરિ થાળ આપે તો તેમાંથી ફક્ત ભાતની પ્રસાદી જમતાં.

ભગવાન સ્વામિનારાયણની મૂર્તિને ત્રણે અવસ્થામાં દેખનારી આ ભક્ત બાઈઓનું કેવું અધ્યાત્મ કલેવર ઘડાયું હતું તેનું અનુમાન થઈ શકે છે. શ્રીહરિ દૂર વિચરતા હોય, સમૈયા ઉત્સવ કરતા હોય તેનાં દર્શન કુંડળનાં ક્ષત્રિયાણી ભક્ત રાઈમાને થતાં. તો આધોઈના કરણીબાને પણ શ્રીહરિની કૃપાથી નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. કરિયાણાનાં મીણબાઈમાને પણ શ્રીહરિની મૂર્તિ અખંડ દેખાતી.

ગામ ઊંઝામાં ઉદેકુંવર કરીને એક બ્રાહ્મણબાઈ નિત્ય એક શિંગોડું ખાઈને રહેતાં. શ્રીહરિ તેને નિત્ય દર્શન આપતા. આ બાઈને ષડ્ ઊર્મિઓ વ્યાપતી નહીં, એવાં તે મુક્ત હતાં. જીવનપર્યંત એમને એમ રહ્યું!!

શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા ધરાવતી પરમ પ્રીતિવાળી એ સંસારી મહિલાઓ પણ શ્રીહરિની કૃપાથી નિરાવરણ સ્થિતિને પામી ગઈ હતી. અરે! શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન જેવો આનંદ પીજના પાટીદાર અવલબાઈ જેવાં ભક્તોમાં સૌ અનુભવતાં. શાસ્ત્રમાં આને આવેશાવતાર કહે છે. આવો આવેશ દસ, બાર કે વીસ દિવસ રહેતો.

એક વખત શ્રીહરિ જાળિયા સાંગા બાબરિયાને ત્યાં આગ્રહથી બે દિવસ રોકાયા, પછી ભાદરા જવા નીકળ્યા, ત્યારે શ્રીહરિએ તેને પૂછ્યુંઃ 'સાંગા! તારે કંઈ જોઈએ છે?'

સાંગો કહેઃ 'દીકરાની ખોટ છે.'

શ્રીહરિ કહેઃ 'દીકરો થશે.'

પરંતુ તે વખતે તેમનાં પત્ની રતનબાઈએ શ્રીહરિના ઘોડાની સરક પકડીને કહ્યુંઃ 'એમ નહીં જવા દઉં. તમારી મૂર્તિ આપતા જાઓ.'

શ્રીહરિ તેમને કહેઃ 'તમારા અંતરમાંથી જતા નહીં રહીએ.'

મોટા મુનિઓને પણ ન મળે એવું વરદાન શ્રીહરિએ આપી દીધું. એ સંસારી મહિલાને દીકરા કરતાં શ્રીહરિની મૂર્તિની વધુ લગની હતી!

ગઢડામાં નેનપુરથી દેવજી ભગતનાં પત્ની શ્રીહરિ સમક્ષ ઘીનો ઘાડવો લઈ આવ્યાં હતાં. શ્રીહરિ કહેઃ 'દેવજી ભગત મજામાં તો છે ને?'

એ ખેડૂત મહિલા કહેઃ 'સુખિયા હતા ને વધુ સુખિયા થયા છીએ.' આ સાંભળી શ્રીહરિએ ચોખવટ કરવા કહ્યું ત્યારે એમણે કહ્યુંઃ 'અમારા જુવાન જોધ દીકરાને નિરાવરણ દૃષ્ટિ હતી. આપે બહુ કૃપા કરી. ભગતે સંકલ્પ કરેલો કે દીકરાને સંસારની બેડીમાં નાંખવો નથી. તેને તમે ધામમાં તેડી ગયા. એટલે અમને આનંદ થયો કે એ તમારો હતો અને તમે એને ધામમાં બેસાડી દીધો, પરંતુ લોકો કાણ-મોકાણ કરીને શોક ન કરે એટલે ભગત ખેતરે ગયા ને મને ઘીનો ઘાડવો લઈ રસોઈ દેવા અહીં મોકલી દીધી છે. આમ, આપની કૃપાથી અમે સુખિયા હતાં, અને એકનો એક દીકરો ધામમાં જવાથી વધુ સુખિયા થયાં છીએ.'

આવી ઉચ્ચ આધ્યાત્મિક સમજ હતી એ મહિલાઓની.

વડોદરાનાં સોની પાર્વતીબાઈને શ્રીહરિ સિવાય આ લોકમાં ક્યાંય હેત હતું નહીં. પતિ સત્સંગનો વિરોધી હતો છતાં તેઓ ભક્તિ કરતાં. જરાયે અકળાય કે મૂંઝાય નહીં, તેની ઉપર શ્રીહરિ બહુ રાજી થતા ને તેને હંમેશાં દિવ્યરૂપે દર્શન આપતા ને થાળ પણ જમતા.

જોડિયાનાં હરબાઈએ તો કચ્છ જવા વહાણમાં બેસી ગયેલા શ્રીહરિને રોકવા પોતાની ભક્તિથી દરિયામાં બવંડર સર્જી દીધું. છેવટે શ્રીહરિને તેમની ભક્તિને વશ થઈ રોકાઈ જવું પડ્યું હતું!

શ્રીહરિ સિવાય કોઈની પણ મર્યાદામાં ન રહેનાર માણકી ઘોડી ગઢડાનાં લાડુબા, જીવુબાની ભક્તિથી એક તસુ પણ ખસી શકતી નહીં. અરે, શ્રીહરિને જવાનું મોડું થતું હોય તોપણ દેવળિયાનાં કેશાબાના પ્રેમને વશ થઈ નમતું જોખવું પડતું.

કેટલીય બાઈભક્તોને શ્રીહરિએ નિરાવરણ સ્થિતિ કરાવી હતી.

કચ્છનાં કરણીબાને શ્રીહરિએ ડભાણ-યજ્ઞનાં દર્શન ત્યાં બેઠાં કરાવેલાં! નિરાવરણ દૃષ્ટિ!

આવાં જ દર્શન સુરતના ભિખારીદાસની પુત્રીને સુરતમાં બેઠાં જ થયાં. કચ્છ દેશના કોરાકોટ ગામનાં સદાબાને આવી નિરાવરણ દૃષ્ટિ હતી.

વસોના દાદા દવેની પુત્રી જમુના ડભાણ ગઈ પણ ભીડમાં યજ્ઞમંડપ સુધી પહોંચી જ ન શકી, તેથી તેણે પોતાની વૃત્તિ શ્રીહરિમાં જોડી દીધી. શ્રીહરિએ તેને સંપૂર્ણ વિધિનાં દર્શન કરાવ્યાં, જેમાં ભાદરાના મૂળજી શર્માને દીક્ષા દઈ શ્રીહરિ ગુણાતીતાનંદ સ્વામી નામ ધારણ કરાવે છે ને પોતાને રહેવાનું અક્ષરબ્રહ્મ ધામ છે તેવો અપરંપાર મહિમા કહે છે - એ બધું જમુનાએ તથા તેના ભાઈ ઈશ્વરે ઉતારે બેઠાં દૂરદર્શન સિદ્ધિથી માણ્યું!

વડોદરાનાં તંબોળીબાઈ સમાધિમાં શ્રીહરિને જમાડતાં. પ્રેમબાઈ નામની પાંચ વર્ષની બાળકીને ધ્યાન ને ભજનની રુચિ હતી. શ્રીહરિ દર્શન આપી તેને પ્રસાદ અને હાર દેતા. બધાને આશ્ચર્ય થતુંઃ ભગવાન ગરીબને કેવા વશ છે!!

દોરાના ભક્ત કાશીરામની દીકરી ચાણોદમાં પરણાવી હતી. એક વાર નર્મદામાં પૂર આવ્યું ત્યારે સૌની વિનંતીથી તે બાઈએ ચૂંદડી ને નારિયેળ નદીમાં પધરાવ્યાં. તુરત વાંસભર પાણી ઊતરી ગયું. સૌ કહેઃ ‘સ્વામિનારાયણનો પ્રતાપ અલૌકિક છે, તે વિના કળિયુગમાં આવી સતીબાઈઓ ક્યાંથી મળે?’

શ્રીહરિમાં અનન્ય નિષ્ઠાવાન આ બાઈઓમાં છતી દેહે પરમપદ અક્ષરધામ પામ્યાનો કેફ સૌ કોઈ અનુભવતું. મરીને ધામમાં જવું એમ નહીં. શ્રીહરિની પ્રાપ્તિ એ જ અક્ષરધામ.

ઘાણલાની મૂળીમા પોતાના પતિને કહે છેઃ ‘મારા કલ્યાણમાં તું શંકા શીદ કરે છે! આ હાથે શ્રીજીમહારાજનાં ચરણ ચાંપ્યાં છે, ને એ જ હાથની રસોઈ તેં રોજ ખાધી છે, તે તારું પણ કલ્યાણ થઈ ગયું!’

મહિલા ભક્તોની અંતરની સાચી ભક્તિ શ્રીહરિને જકડી રાખતી ને એટલે જ શ્રીહરિ રાતોરાત ઘોડીએ સવાર થઈ એ મહિલા ભક્તોની ભક્તિને સ્વીકારવા પહોંચી જતા. ક્યારેક બે સ્વરૂપ ધારણ કરીને પણ શ્રીહરિ તેમની ભક્તિને વધાવી લેતા.

ઉમરેઠમાં રૂપરામભાઈને ઘરે શ્રીહરિ પધરામણી કરવા જઈ રહ્યા હતા ને રસ્તામાં જમનાબાઈ મળ્યાં. તે કહેઃ ‘આજ તમારે મારા ઘરે જમવા આવવાનું છે, હું રસોઈ કરું છું...’ શ્રીહરિનો સંમતિક ઉત્તર સાંભળ્યા વિના જ તે ઘરે જઈ ઝટપટ રસોઈ કરવાં લાગ્યાં. ખરેખર તો શ્રીહરિનું બપોરનું ભોજન પણસોરા ગામે ગોઠવાઈ ચૂક્યું હતું. તેથી શ્રીહરિ ત્યાં જવા નીકળી ગયા. આ બાજુ જમનાબાઈએ હઠ લીધી કે મહારાજ! મારા ઘરે આવીને જમશે પછી જ હું જમીશ. ઉમરેઠથી આ સમાચાર મળતાં શ્રીહરિએ બે સ્વરૂપ ધારણ કર્યાં અને જમનાબાઈની ભક્તિને સ્વીકારી.

મહેસાણાનો સત્સંગ આજે ખૂબ વિકસ્યો છે, પણ તે વખતે શ્રીહરિને મહેસાણામાં આમંત્રણ આપવા એક ગરીબ બ્રાહ્મણી કસળીબાઈ હતાં! શ્રીહરિ તેમની ભક્તિને વશ થઈ પધાર્યા. કેવળ એક જ બાઈભક્તનું ઘર પાવન કર્યું! બાઈએ જમીને જવા આગ્રહ કર્યો. શ્રીહરિ કહેઃ ‘જમીને આવ્યા છીએ, તે નહીં જમીએ.’ બાઈએ બહુ આગ્રહ કર્યો. શ્રીહરિ કહેઃ ‘બીજું કંઈ કરાવશો નહીં, ફક્ત ખીચડી, શાક કરાવો.’ બાઈએ બ્રાહ્મણ પાસે ખીચડી-શાક કરાવ્યાં. સંતો ને શ્રીહરિ જમ્યા, પરંતુ ખીચડી વધી પડી. બાઈએ ઢાંકીને મૂકી રાખી.

શ્રીહરિએ રાતવાસો કરી સવારે જવા તૈયારી કરી ત્યારે કસળીબાઈ કહેઃ ‘મેં રેંટિયો કાંતીને પૈસા ભેગા કર્યા તેની ખીચડી કરી છે, તે બગાડશો?’

પછી શ્રીહરિએ પોતાની સાથે સંતો-ભક્તો હતા તેમને બધાને જમવાની આજ્ઞા કરી. સૌને સ્નાન-પૂજા બાકી હતાં, રસ્તામાં નદી આવે ત્યાં નાહવાનું ધારેલું. સૌ કહેઃ ‘હજુ અમે નાહ્યા નથી, પૂજા કરી નથી તે કેમ જમાય?’

શ્રીહરિ કહેઃ ‘અમારા વચને જમી લો તેમાં બાધ નથી... નાહવાનું - પૂજાનું પછી કરજો... આ બાઈનો ભાવ તો જુઓ!’

એ મહિલા ભક્તોની ભક્તિની રક્ષા કરવા સ્વયં શ્રીહરિ તેમને એક પિતા તરીકે સાસરીએ વળાવવા જતા.

કચ્છના માનકૂવા ગામના નાથાભાઈની દીકરી દેવબાઈને વિથોણ પરણાવી હતી છતાં તે સાસરે જતી નહોતી, કારણ કે સાસરિયાં મલિન દેવ-દેવીને માનતાં. ડાકલાં વાગતાં, મેલી વિદ્યાથી ભૂવા ધૂણતાં, બકરાં કપાતાં. આચાર-વિચારનું નિશાન નહીં. શ્રીહરિ માનકૂવા પધાર્યા. તે જ વખતે તેના સાસરી પક્ષવાળા તે બાઈને તેડવા આવેલા. બાઈએ શ્રીહરિને સાસરીની વાત કરી, શ્રીહરિ કહેઃ ‘તમે સાસરે જાઓ, સૌ સારાં વાનાં થશે.’

દેવબાઈ કહેઃ ‘તમે મને સાસરે વળાવવા આવો તો જાઉં.’ આથી, શ્રીહરિ રાજી થયા ને સંમતિ આપી. શ્રીહરિએ જાણે પોતે તે દીકરીના બાપ હોય તેમ બોલ્યાઃ ‘વેવાઈ! આ દેવબાઈ અમારી દીકરી છે. તેને વળાવવા અમે આવીશું. તમે આગળ જાવ, તૈયારી કરો...’

સાક્ષાત્ સ્વામિનારાયણ પોતાને ત્યાં આવતાં જાણી આખું ગામ સત્કારવા ભેગું થયું. શ્રીહરિએ સાંજે સભા કરી, સૌને સદાચારના નિયમ આપ્યા. માંસાહાર બંધ કરાવ્યો. વ્યસન મુકાવ્યાં. સત્સંગી કરી દીધા!

સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક સન્નારી સાસરે પણ પોતાના પતિને વ્યસન, કુસંગથી બચાવતી, પુરુષને ખરા અર્થમાં સાચો સત્સંગી બનાવતી. ક્યાંક કાળમીંઢ પથ્થરનું કાળજું ધરાવતા પતિનું પરિવર્તન સત્સંગી સ્ત્રી ન કરી શકે ત્યાં શ્રીહરિ જાતે પધારતા ને પરિવારમાં શાંતિ કરી દેતા.

લોયાના સાંગા પટેલની સ્ત્રી હેતબાને કુસંગી પતિનો ઢોર માર સહન કરવો પડતો. તોપણ તે પૂજા-પાઠ, નિયમ-ધર્મ ચૂકતાં નહીં. આથી શ્રીહરિ સ્વયં લોયા ગયા. એક સ્ત્રીનું ભથવારીનું કર્મ પોતે ઉપાડ્યું. ભાત લઈને ખેતર ગયા. પટેલને પ્રેમથી જમાડ્યા અને ખેતીમાં મદદ કરી. તેને વ્યસન-કુસંગ છોડાવી સત્સંગી કરી દીધો!

અબળા ગણાતી સ્ત્રીઓમાં શ્રીહરિની કૃપાથી અનોખું શૌર્ય પણ પ્રગટ્યું હતું. અમદાવાદના લોલંગર બાવાના આક્રમક ઝુંડ સામે સાંબેલા અને ગોફણો લઈને ઊભી રહેલી વહેલાલ ભક્તબાઈઓની નિષ્ઠા-ખુમારી ઈતિહાસમાં જાણીતી છે.

વીસનગરના સૂબાએ સ્વામિનારાયણીય હરિભક્તોને તડકે ઊભા રાખ્યા ત્યારે સૂબાનાં બહેન ઉદયકુંવરબા તેના વિરોધમાં હરિભક્તો સાથે તડકે બેઠાં. તેમણે પોતાનાં સાચાં સગાં શ્રીહરિ અને સત્સંગીઓને માન્યાં હતાં. આથી, શ્રીહરિએ સ્વયં પધારી સૂબાને સમાધિમાં કર્મફળની યાતનાનો અનુભવ કરાવ્યો ને પોતાનો આશ્રિત કરી કાયમનું સુખ કરી દીધું!

શ્રીહરિનાં આ મહિલા ભક્તોમાં કેટલાંય ભક્તોને સમાધિ થતી. શ્રીહરિની મૂર્તિનું સુખ તેઓ સમાધિ દ્વારા લેતાં. ઘણી વાર શ્રીહરિને કોઈ તત્કાળ સંદેશો મોકલવો હોય તો ત્યાં સમાધિનિષ્ઠ બહેનોને તે જણાવી દેતા. વળી, વિચરણમાં નિર્ધારિત સ્થળે ન પહોંચી શકાય તેમ હોય ત્યારે પણ શ્રીહરિ સમાધિ દ્વારા આગળના ગામે જાણ કરી દેતા કે 'અમે આવીએ છીએ. તૈયારી રાખજો.' વડોદરાનાં ઉમિયાબાઈની રસોઈ શ્રીહરિ એવી રીતે જમેલા. તેમને તો શી રસોઈ બનાવવી તે પણ કહેલું કે 'કેળાં ને રોટલી તૈયાર કરી રાખજો!'

ગોંડલના સુથાર દેવરામનાં પત્નીએ થાળ કર્યો ને વિચાર કર્યો કે 'મહારાજ જમે એવી રસોઈ છે, પણ હમણાં તો તે ક્યાં હશે?' પછી શ્રીહરિને માનસીમાં બેસીને વૃત્તિથી

શ્રીહરિનાં આ મહિલા ભક્તોમાં કેટલાંય ભક્તોને સમાધિ થતી. શ્રીહરિની મૂર્તિનું સુખ તેઓ સમાધિ દ્વારા લેતાં. ઘણી વાર શ્રીહરિને કોઈ તત્કાળ સંદેશો મોકલવો હોય તો ત્યાં સમાધિનિષ્ઠ બહેનોને તે જણાવી દેતા.



મહિલા ભક્તોની અંતરની સાચી ભક્તિ શ્રીહરિને જકડી રાખતી ને એટલે જ શ્રીહરિ રાતોરાત ઘોડીએ સવાર થઈ એ મહિલા ભક્તોની ભક્તિને સ્વીકારવા પહોંચી જતા.

અનેક મહિલા ભક્તોનાં સમર્પણ, સેવા, ચરિત્ર તથા આધ્યાત્મિક સદ્‌ગુણોના વિકાસના પ્રેરક પ્રસંગો આજે પણ નક્ષત્રોની જેમ ચમકી રહ્યા છે. આ બહેનો પોતાના વહાલસોયા પુત્રોને સંસાર છોડાવી સાધુ થવા પ્રેરણા આપતી.



સૂત્રેજમાં કાનુબાઈને પોતાના ચારેય વહાલા દીકરાને સાધુ થવા માટે અર્પણ કરી દીધા. તેમાંથી શ્રીહરિએ બે દીકરાને સ્વીકાર્યા અને સાધુ કર્યા, દહરાનંદ અને પ્રસાદાનંદ નામના એ સંતો ઇતિહાસમાં અમર થઈ ગયા.

ખેંચ્યા! શ્રીહરિ જૂનાગઢ જતા હતા ને ગોંડલ તરફ ખેંચાયા. છ સંતોને લઈ ગોંડલ આવ્યા.

એવી જ કારિયાણીમાં સીતબાની સ્થિતિ હતી. ચોમાસામાં ગાજ-વીજ ને વરસાદની વેળાએ એમણે ‘મહારાજ ક્યાં હશે? હાલ આવે તો ગરમ ગરમ રસોઈ જમાડું,’ એવો સંકલ્પ કર્યો. ને શ્રીહરિ માણકી લઈને પલળતાં પધાર્યા! પતિ વસ્તાખાચરે નવાંનકોર કપડાં દીધાં. તે પહેરીને શ્રીહરિ જમવા બિરાજ્યા. શ્રીહરિ જમતાં જમતાં વસ્તાબાપુને કહેઃ ‘ભક્તિનો પ્રવાહ પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે જ અમે આવીએ છીએ.’ આમ, આ મહિલા ભક્તો શ્રીહરિની મૂર્તિને વૃત્તિમાં જકડીને જાણે ખેંચતાં!

આવો જ પ્રસંગ ધોલેરાના પૂજાભાઈનાં પત્ની અજુબા અને બહેન ફુલીબાનો પણ છે. તે બંનેએ શ્રીહરિને માખણનાં ભજિયાં જમાડેલાં!

ડાંગરવાનાં જતનબા ફોઈ આત્મારૂપે વર્તતાં. તે ગઢડા શ્રીહરિનાં દર્શને આવ્યાં. ત્યારે શ્રીહરિએ રમૂજમાં કહ્યુંઃ ‘તમે કોણ છો?’

જતનબા કહેઃ ‘આત્મા.’

શ્રીહરિ કહેઃ ‘તમને બાળે, કાપે તો?’

જતનબા કહેઃ ‘ભલે બાળે, ભલે કાપે. એ તો શરીરને થાય છે. હું તેનાથી ભિન્ન છું.’

પછી તો જતનબાએ હાથ પર અગ્નિ મુકાવ્યો. હાથ બળવા લાગ્યો. પણ જતનબા કહેઃ ‘ભલે બળે. મારે ને દેહને ક્યાં સધિયારું છે!’ આવી દેહાતીત સ્થિતિ આ બાઈભક્તોને સહેજે વરી હતી.

### ■ સમજણપૂર્વકનું સમર્પણ

સંપ્રદાયના ઇતિહાસમાં અનેક મહિલા ભક્તોનાં સમર્પણ, સેવા, ચરિત્ર તથા આધ્યાત્મિક સદ્‌ગુણોના વિકાસના પ્રેરક પ્રસંગો આજે પણ નક્ષત્રોની જેમ ચમકી રહ્યા છે.

આ બહેનો પોતાના વહાલસોયા પુત્રોને સંસાર છોડાવી સાધુ થવા પ્રેરણા આપતી અને ગોપીચંદની માતાનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડતી.

સૂત્રેજમાં વિધવા પ્રજાપતિ કાનુબાઈને ઘરે શ્રીહરિ પધાર્યા હતા. કાનુબાઈ કહેઃ ‘આપની શી સેવા કરું?’

શ્રીહરિ કહેઃ ‘તમારી વહાલી વસ્તુ આપો.’

કાનુબાઈને પોતાના ચારેય દીકરા વહાલા હતા તે અર્પણ કર્યા. તેમાંથી શ્રીહરિએ બે દીકરાને સ્વીકાર્યા અને સાધુ કર્યા. દાહાનું નામ ‘દહરાનંદ’ રાખ્યું ને પ્રેમજીનું નામ ‘પ્રસાદાનંદ’ પાડ્યું.

વડતાલની સભામાં શિનોરના પાટીદાર કેશવલાલનાં

પત્ની રાજબાઈને શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો: 'તમારે સંતાન છે?'

રાજબાઈ કહે: 'ચાર પુત્રો છે – ગિરધર, વરાણશી, જોરાભાઈ ને બાપુભાઈ. તેમાંથી આપ ઇચ્છો તેને સાધુ કરો.'

શ્રીહરિ કહે: 'આ ગિરધર અને વરાણશી અમને આપશો?'

રાજબાઈએ તરત જ હા પાડી. શ્રીહરિએ તેમને ત્યાં જ રાખ્યા ને પાછળથી દીક્ષા આપી. ગિરધરનું નામ ઈશ્વરાનંદ અને વરાણશીનું નામ શ્રીનિવાસાનંદ રાખ્યું.

એવા જ કાનમના રૂંવાદ ગામના ભટ્ટ રામચંદ્ર, તેના ભાઈ રતનેશ્વર અને તેનાં માતુશ્રી સાથે શ્રીહરિનો સમાગમ કરવા ગઢપુર આવ્યા હતા. તે વિધવા મહિલાએ પોતાના બે પુત્રો શ્રીહરિને અર્પણ કર્યા અને શ્રીહરિએ રાજી થઈ તે બંને પુત્રોને દીક્ષા આપી રામચંદ્રનું નામ પુરુષોત્તમાનંદ અને રતનેશ્વરનું નામ ગોવિંદાનંદ પાડ્યું!!

હરજી ઠક્કરનાં મા જાનબાઈ ગામ તળાજાનો ત્યાગ કરી ગઢપુરમાં આવીને વસ્યાં હતાં. તેમનાં બે પુત્રો હતા. તેમાં મોટા હરજી ઠક્કરને શ્રીહરિની સેવામાં અર્પણ કરી દીધા હતા! એક વાર જાનબાઈએ શ્રીહરિ માટે ઊનું પાણી કરવા મોટો ચરુ મોકલ્યો. ત્યારે તેના નાના દીકરા ધનજીએ કહ્યું: 'નાનો દેવો હતો ને! મોટો શા સારુ દીધો?'

ત્યારે જાનબાઈ કહે: 'ભગવાનની સેવામાં તું આડ્ય કરે છે? માટે મારે તારું કામ નથી.' એમ કહી પોતે જીવ્યાં ત્યાં સુધી ધનજીનું મોઢું પણ ન જોયું.

આ બાઈભક્તો ગરીબીનો અણસાર આવવા દેતાં નહીં.

એક વાર શ્રીહરિ કચ્છમાં કંથકોટ પધાર્યા. કચરા લુવાણા ભક્તને ઘરે મહારાજનો ઉતારો હતો. કચરાની પત્ની પોતાનો સાડલો લઈ વેપારી પાસે ગઈ અને કહે: 'આ મારો સાડલો રાખો ને ઘી-સાકર આપો.'

વેપારી કહે: 'તારો સાડલો વેચાવે એવો કોણ છે?'

બાઈ કહે: 'અમારે રાંકને હાથ રતન જડ્યું છે.' એમ બાઈ સીધાનો સામાન લાવી. બ્રહ્મચારીએ રસોઈ કરી શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિએ બાઈને બહાર બોલાવી. દસેય આંગળીથી વેઢ-વીંટીઓ કાઢી તે બાઈને આપી. શ્રીહરિ સૌના સાંભળતાં બોલ્યા: 'આ લે અને તારો સાડલો વાણિયાને ત્યાંથી છોડાવી લાવ.' શ્રીહરિએ પ્રસન્ન થઈ કચરાને દાગીના આપ્યા, તેથી તે બહુ મોટો આસામી થયો.

આ એક-એક સ્ત્રીભક્ત પતિવ્રતા ને ત્યાગ-વૈરાગ્યની મૂર્તિઓ છે.

આખાનાં લાડુમા પાસે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કોઈ વાર હરિભક્તને સંદેશો આપવા મોકલતા, ત્યારે લાડુમાને દંડવત્ કરવાનું અવશ્ય કહેતા.


જેતલપુરનાં ગંગામાને શ્રીહરિએ ત્યાગી સદ્‌ગુરુનો દરજ્જો આપીને મહિલા-ભક્તોને વર્તમાન ધારણ કરાવવાનો આદેશ આપ્યો હતો! લાડુબા, જીવુબા, રાજબા, પાંચુબા, લાધીમા, માતાજી વગેરે મહિલા ભક્તો પણ શરણાગતિ મંત્ર દેતાં, કથાવાર્તા કરતાં, સત્સંગ વિસ્તારતાં, શ્રીહરિની રુચિ-મરજીને પિછાણતાં, દિવ્યભાવ દૃઢાવતાં. દાદાના દરબારમાં શ્રીહરિ વચનામૃત રેલાવતા ત્યારે મહિલા-ભક્તો પણ શ્રીહરિને પ્રશ્ન પુછાવી અધ્યાત્મનું રહસ્ય પામતાં. શ્રીહરિએ કેટલી ઊંચી કક્ષાએ આ ભક્તોને મૂકી દીધાં હતાં!

એકવાર શ્રીહરિ વડતાલમાં બિરાજતા હતા ત્યારે ભાદરણથી પાટીદાર ભગુભાઈ પોતાનાં માતુશ્રી સાથે દર્શને આવ્યા હતા. સભામાં જ્ઞાનગોષ્ઠિ - પ્રશ્નોત્તર થતા હતા. તેમાં ભગુભાઈએ સમાધિ અંગે પ્રશ્ન કર્યો. ભગુભાઈ તો હજુ બાળક અવસ્થામાં હતા. તે આવો જટિલ પ્રશ્ન ન કરી શકે, પરંતુ આ પ્રશ્ન તેમની માતાએ પુછાવ્યો હતો - એવું કર્ણોપકર્ણ સાંભળવા મળે છે.

આ ભક્તોમાં શ્રીહરિએ અધ્યાત્મને રોમરોમમાં ભરી દીધું હતું. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી સારંગપુરના પુષ્પદોલોત્સવનું વર્ણન ભક્તચિંતામણિમાં કરે છે. તેમાં શ્રીહરિ મહિલા ભક્તોને 'ફગવા' માંગવા કહે છે. આ ફગવા એટલે સ્થૂળ ધાણી-ખજૂર-દાળિયાનો પ્રસાદ નહીં પણ કોઈ આધ્યાત્મિક માંગણી છે. આ તક ઝડપી લેતાં વહેલાલનાં વખતબા, ડાંગરવાનાં જતનફોઈ, આદરજનાં સુજાનબા વગેરે બાઈભક્તો મળીને શ્રીહરિ પાસે અદ્‌ભુત વરદાન માગે છે. એ પ્રાર્થના *'મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી, એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે...'* એ પદ્યમાં ગ્રથિત થઈ છે. આજ સુધી જે કંઈ પ્રાર્થનાઓ સંસ્કૃત-પાકૃત ભાષામાં ઉપલબ્ધ છે તેમાં આ પ્રાર્થના મુગટમણિ જેવી છે.

વળી, સત્સંગિજીવન ગ્રંથના ત્રીજા પ્રકરણમાં સાંખ્યયોગી બાઈભક્તોની કરેલી પ્રાર્થના: 'અતિમનોહરમ્ સર્વસુંદરમ્...' પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

આમ, પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે રોપેલા મહિલા ઉત્કર્ષના દિવ્ય વૃક્ષની શાખાઓ અનેક ક્ષેત્રે અને અનેક સ્તરે વિસ્તરી ચૂકી છે, જેનાં મધુર ફળ ચાખીને અસંખ્ય મહિલાઓ સુખ-શાંતિનો અનુભવ કરે છે. ◆





## મહિલા ઉત્કર્ષની જ્યોતના નિરાળા ધારક

# પ્રમુખસ્વામી મહારાજ

■ પ્રો. આનંદભાઈ આચાર્ય, પ્રો. જયેશભાઈ માંડણકા

૧૮મી સદીમાં સામાજિક, ધાર્મિક, નૈતિક અને રાજકીય એમ તમામ ક્ષેત્રે મહિલાઓની સ્થિતિ દયનીય હતી. બાળલગ્ન, સતીપ્રથા, બાળકીને દૂધ પીતી કરવી, દહેજપ્રથા, વિધવાઓ પ્રત્યે તિરસ્કાર જેવી અમાનુષી પ્રથાઓએ મહિલાઓને બદતર હાલતમાં મૂકી દીધી હતી. શિક્ષણના અભાવને કારણે મહિલાઓ અંધશ્રદ્ધા અને વહેમના જાળામાં ફસાયેલી હતી. એવા સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરા પર અવતરીને મહિલા ઉત્કર્ષની જ્યોતિ પ્રગટાવી હતી. અંધકાર યુગમાં પ્રવર્તતા આ કુરિવાજોમાંથી ઉગારી ભગવાન સ્વામિનારાયણે મહિલાઓના જીવનમાં સત્સંગ અને ભક્તિનાં અજવાળાં પ્રસરાવ્યાં હતાં. ભગવાન સ્વામિનારાયણે કરેલાં નારી-ઉત્કર્ષનાં આંદોલનોની વિશેષતા એ હતી કે તે માત્ર અમુક વર્ગ કે સમુદાય પૂરતું સીમિત ન હતું પરંતુ સર્વ સમાવેશક હતું. તેમાં સ્ત્રીઓના એકાંગી ઉત્કર્ષની જ નહીં, પરંતુ તેઓના સર્વાંગી આધ્યાત્મિક વિકાસની ખેવના હતી.

બસ્સો વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે આરંભેલા મહિલા ઉત્કર્ષના એ કાર્યને તેઓના પાંચમા આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિશાળ ફલક પર વિસ્તાર્યું છે. સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખે મહિલાઓના ઉત્કર્ષની આગવી કેડી કંડારી મહિલા પ્રવૃત્તિના નૂતન આયામો પૂરા પાડ્યા છે. દેશ-વિદેશમાં સ્વામીશ્રીના આશીર્વાદ અને પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પ્રવૃત્તિએ આયોજનબદ્ધ વિકાસ સાધ્યો છે. અભણ ગૃહિણીથી માંડીને ઉચ્ચ પદવી મેળવનાર આધુનિક માનુનીઓ તેનાથી લાભાન્વિત થઈ છે. એટલું જ નહીં, સ્વામીશ્રીની પ્રેરણાથી થયેલું મહિલા ઉત્કર્ષનું આ કાર્ય કેવળ મહિલાઓ પૂરતું સીમિત ન રહેતાં સમગ્ર સમાજ માટે ઉપકારક સાબિત થયું છે.

ભગવાન સ્વામિનારાયણે આપેલા નિયમ-ધર્મના પાલનમાં દૃઢ રહીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મહિલા પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહિત કરી વ્યવસ્થિત બંધારણીય માળખું આપ્યું છે. સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિમાન બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પ્રવૃત્તિએ



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, કરમસદ

દેશ-વિદેશનાં મહિલાઓના નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષનું અનોખું આંદોલન જગાવ્યું છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમયે સમયે થતાં વૈવિધ્યસભર આયોજનોમાં સ્વામીશ્રીએ મહિલા-શક્તિનો રચનાત્મક વિનિયોગ કરીને વિશ્વને મહિલાઓની પ્રતિભાનું દર્શન કરાવ્યું છે. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. આમ્રપાલીબહેન મર્ચંટે નોંધ્યું હતું કે 'ભગવાન સ્વામિનારાયણે આપેલા કડક અને ચુસ્ત નિયમોનું પાલન કરતા હોવા છતાં, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને તેમના વિદ્વાન સંતો સ્ત્રીઓના ઉત્કર્ષ માટે પણ એટલા જ ઉન્નત, વિશાળ અને ખુલ્લા હૃદયી વિચારો ધરાવે છે. એટલે જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં મહિલા વિકાસ પ્રવૃત્તિ ધાર્મિક સંસ્થાઓમાં એક આગવી ભાત પાડે છે. ...ધર્મમાં ક્યાંય સમાધાન કર્યા વિના પણ પ્રમુખસ્વામી મહારાજે આધુનિક મહિલાઓના ઉત્કર્ષ માટે જે પ્રવૃત્તિઓની પ્રેરણા આપી છે તે મસ્તક ઝુકાવી દે છે.'

અહીં સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયેલા મહિલા ઉત્કર્ષનાં કાર્યોની ઝાંખી પ્રસ્તુત છે.

## ■ શિક્ષણ અને કારકિર્દી ઘડતર

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કન્યા કેળવણીના પ્રખર પુરસ્કર્તા હતા. પોતાના જીવનમાં શિક્ષણ-જ્ઞાનનો દીપ પ્રજ્વલિત કરી કન્યાઓ પ્રકાશમય અને ઉન્નત જીવન જીવી શકે તે માટે સ્વામીશ્રીની પ્રેરણાથી કરમસદ અને રાંદેસણ ખાતે આધુનિકતમ વિદ્યાસંકુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ શાળાઓના નિર્માણ દ્વારા સ્વામીશ્રીએ હજારો કન્યાઓને સંસ્કારયુક્ત કેળવણી ઉપલબ્ધ કરાવી છે. અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના વૈજ્ઞાનિક આર. રમેશ જણાવે છે કે, 'દીકરીઓ માટે સંસ્કાર અને શિક્ષણની આટલી સુંદર વ્યવસ્થા અને ખાસ કરીને તેમની સુરક્ષા સાથે આટલું સુંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ખૂબ મોટો ઉપકાર કર્યો છે.'

સ્વામીશ્રીની પ્રેરણાથી રચાયેલાં આ વિદ્યાસંકુલોમાં વિદ્યાર્થિનીઓની નાનામાં નાની જરૂરિયાતોના વિચારની સાથે તેમના ચારિત્ર્ય-ઘડતર અને સંસ્કારોના જતનની વિશેષ કાળજી લેવામાં આવે છે. વિદ્યાભ્યાસની સાથે સાથે આ સંકુલોમાં વિદ્યાર્થિનીઓનાં હૈયામાં માતા-પિતા, ભગવાન અને ગુરુ પ્રત્યે અનોખો આદર અને શ્રદ્ધા સહેજે પ્રગટ થાય છે. ભગવાન પ્રત્યેની પ્રબળ શ્રદ્ધા તેઓમાં આપોઆપ શિસ્ત જગાવે છે અને ગમે તેવા કઠિન સંજોગોમાં પણ સ્થિર-ધીર રહેવાની શક્તિ આપે છે. વળી, દરેકમાં ભગવાનને જોવાની દૃષ્ટિ ખીલવાને કારણે આ સંકુલોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓમાં દયા, પ્રેમ, ક્ષમા, સહનશીલતા, ઉદારતા, સૌજન્ય જેવા ગુણો આપોઆપ



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, રાંદેસણ

ખીલી રહ્યા છે. આ પવિત્ર સંકુલો સમાજ પ્રત્યે સંવેદનશીલ અને જવાબદાર ભાવિ સન્નારીઓ તૈયાર કરી રહ્યાં છે. આ વિદ્યાસંકુલોમાં અભ્યાસ કરીને સેંકડો દીકરીઓ પારિવારિક અને વ્યાવસાયિક ક્ષેત્રે શ્રેષ્ઠતમ માપદંડો સ્થાપી ચૂકી છે. દિલ્હી યુનિવર્સિટીના હિન્દી વિભાગના એસોસિયેટ પ્રોફેસર સુશ્રી ઈન્દુજીના મતે કન્યાઓ માટે આવાં વિદ્યાલયોનું હોવું એ ભારત માટે ગૌરવપ્રદ બાબત છે.

આ ઉપરાંત સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પ્રૌઢ અને અશિક્ષિત મહિલાઓ માટે શરૂ કરવામાં આવેલા સાક્ષરતા અભિયાનનો હજારો મહિલાઓને લાભ પ્રાપ્ત થયો હતો. વિશેષ કરીને ખેડા જિલ્લામાં આ અભિયાનને મળેલી સફળતાની નોંધ ગુજરાત સરકારે પણ જે તે સમયે લીધી હતી. ભાદરા - ગુણાતીતનગરમાં સ્થપાયેલી કન્યાશાળા જામનગર ક્ષેત્રમાં આશીર્વાદરૂપ નીવડી હતી, કારણ કે એ સમયે તે વિસ્તારમાં કન્યાઓ માટે ઉચ્ચ માધ્યમિક શાળા આ સિવાય બીજે ક્યાંય નહોતી.


વિદ્યાસંકુલોનાં નિર્માણ અને સાક્ષરતા અભિયાનની સાથે સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ સત્સંગકેન્દ્રો ખાતે યોજાતી કારકિર્દી માર્ગદર્શન શિબિરો, વાંચન પર્વ, અભ્યાસ પર્વ, શૈક્ષણિક સંકુલોમાં થતી કેમ્પસ સભાઓ, સ્પોકન ઇંગ્લિશના વર્ગો, ઓડિયો-વિઝ્યુઅલ વર્કશોપ, જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને ગુણવત્તાના ધોરણે અપાતી સ્કોલરશિપ જેવી પ્રવૃત્તિઓ હજારો કિશોરીઓ - યુવતીઓની કારકિર્દી ઘડતરમાં ઉપકારક સાબિત થઈ રહી છે.

## ■ પ્રતિભા વિકાસ પર્વ

મહિલાઓ નિર્ભય, આત્મનિર્ભર અને પરિવારની સુખાકારીની આધારશિલા બને એવા ઉમદા હેતુથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સન ૧૯૯૮થી પ્રતિભા વિકાસ પર્વનો આરંભ કરવામાં આવ્યો છે. સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિમાન આ પર્વે યુવતીઓ સંસ્કારથી સમૃદ્ધ, કૌશલ્યોથી અલંકૃત અને વ્યવસાયે સ્વાયત્ત બને તેવા સર્વતોમુખી વિકાસના ધ્યેયને આવરી લીધો હતો.

કમ્પ્યૂટર તાલીમ, સ્પોકન ઇંગ્લિશના વર્ગો, હસ્તકલા, સીવણકલા, હેન્ડીક્રાફ્ટ, ગ્લાસ પેઇન્ટિંગની તાલીમ, નૃત્યકલા અને ગીત-સંગીતના વર્ગો, રસોઈકળા તાલીમ, યોગાસન અને પ્રાણાયામની સ્વાસ્થ્યલક્ષી તાલીમ, સ્વરક્ષા માટે કરાટેની તાલીમ જેવાં વિકાસલક્ષી સોપાનોએ યુવતીઓના સર્વાંગી વિકાસની કેડી કંડારી છે. આ પર્વ અંતર્ગત પ્રતિવર્ષ ૧૦૦થી વધુ ગામડાંઓ અને શહેરોમાં યોજાતી ૬૦થી વધુ પ્રશિક્ષણ શિબિરોથી હજારો યુવતીઓમાં આર્થિક રીતે સ્વનિર્ભર થવાનો આત્મવિશ્વાસ જગાવ્યો છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિમાન પ્રતિભા વિકાસ પર્વની વિવિધ પ્રવૃત્તિઓએ હજારો યુવતીઓના જીવનઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.



આ પર્વની પ્રવૃત્તિઓ યુવતીઓના વ્યક્તિત્વ વિકાસમાં અનેક રીતે મહત્ત્વપૂર્ણ બની છે. આ પ્રવૃત્તિઓએ અનેક યુવતીઓની લઘુતાગ્રંથિ દૂર કરી આત્મવિશ્વાસ વધાર્યો છે, તેમની સુષુપ્ત અને સર્જનાત્મક શક્તિઓને ખીલવીને તેઓને પોતાના વિચારો વ્યક્ત કરવાનું વાતાવરણ પૂરું પાડ્યું છે. એટલું જ નહીં આ પર્વમાંથી તાલીમ મેળવીને હજારો યુવતીઓ આત્મનિર્ભર થઈ છે તેમજ પોતાના પરિવારના નિર્વાહમાં સહાયરૂપ બની છે. સાથે સાથે અનેક પ્રેરક તથા રચનાત્મક આયોજનોએ સાચા અર્થમાં યુવતીઓની પ્રતિભા નિખારી છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિમાન પ્રતિભા વિકાસ પર્વની વિવિધ પ્રવૃત્તિઓએ હજારો યુવતીઓના જીવનઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ પર્વે હજારો યુવતીઓને સમૂહ જીવનના પાઠો શીખવ્યા છે. યુવતીઓએ ઉમદા મૂલ્યો આત્મસાત્ કરીને આધ્યાત્મિક-નૈતિક ઊંચાઈઓ સર કરી છે. ગ્રામીણ અને પછાત વિસ્તારની કન્યાઓ ગૌરવપૂર્વક મસ્તક ઉન્નત રાખીને જીવતી થઈ છે. અગણિત મહિલાઓ અનેક સામાજિક પ્રશ્નોમાંથી ઉકેલ પ્રાપ્ત કરીને સુખી થઈ છે. આ પર્વ, મહિલાઓની એક પેઢી તરફથી બીજી પેઢીને પારંપરિક કળા અને કૌશલ્ય હસ્તાંતરિત કરવાનો સુંદર અને મહત્ત્વપૂર્ણ ઉપક્રમ છે. સ્વામીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આ પર્વ અંતર્ગત યોજાતી વિવિધ પ્રવૃત્તિઓએ યુવતીઓના ઉત્કર્ષનું સૌને અનેરું દર્શન કરાવ્યું છે. આ પર્વથી લાભાન્વિત બનેલી યુવતીઓ આજે સ્વ-વિકાસમાં, પરિવારની પ્રગતિમાં તથા સમાજની સેવામાં પોતાનું અનન્ય યોગદાન આપી રહી છે.

■ **BAPS WILL :**

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખ દ્વારા સન ૨૦૦૫થી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જૂનાગઢ, ભૂજ, આણંદ, મુંબઈ જેવાં મહાનગરોમાં વસતી યુવતીઓના વ્યક્તિત્વ વિકાસ માટે Womens Ideals for Learning and Living (WILL)નો આરંભ કરવામાં આવ્યો હતો. આ આયોજન અંતર્ગત નિયમિત સમયના અંતરાલમાં બૅંકિંગ, મૅનેજમૅન્ટ, બાળઉછેર, આરોગ્ય, અસરકારક અભ્યાસ પદ્ધતિ જેવા વિષયો પર વિદ્વાનોનાં વ્યાખ્યાનો, પરિસંવાદો, સમૂહચર્ચાઓ, તાલીમ શિબિરોમાંથી પ્રેરણા મેળવીને હજારો યુવતીઓ આધુનિક જમાના સાથે કદમ મિલાવી રહી છે.

## ■ દહેજબંધી અને વ્યસનમુક્તિ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે દહેજબંધી અને વ્યસનમુક્તિની ઝુંબેશ ચલાવી એક સામાજિક ક્રાંતિ કરી હતી. મહિલાઓના ગૌરવને હણી લેતી દહેજપ્રથાને કારણે દીકરીનો જન્મ આવકારદાયક ન હતો. આ કુપ્રથાને કારણે મહિલાઓની હત્યા અને આત્મહત્યાનું પ્રમાણ ઘણું ઊંચું હતું. પૂરતું દહેજ ન આપી શકવાને કારણે સાસરીમાં પુત્રવધૂ પરના અત્યાચારોએ માઝા મૂકી હતી. એવા સમયે દહેજબંધીની ઝુંબેશ ચલાવીને સ્વામીશ્રીએ કન્યાજન્મનું ગૌરવ અનેકગણું વધાર્યું હતું. જાહેર પ્રવચનોમાં કે વ્યક્તિગત પ્રસંગોમાં અંગત રસ લઈને સ્વામીશ્રીએ દહેજના દૂષણને જડમૂળથી ઉખેડવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. સ્વામીશ્રીએ કરેલી હાકલને પરિણામે હજારો યુવાનો દહેજ ન લેવા અંગે કૃતનિશ્ચય થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સન ૧૯૯૦માં વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ૨૦,૦૦૦ યુવકોએ દહેજ ન લેવાના શપથ લીધા હતા. સાથે સાથે સ્વામીશ્રીએ જુદા જુદા મહોત્સવોમાં સમૂહ લગ્નોની પ્રથા શરૂ કરાવીને દીકરીને પરણાવવા માટે પિતાને લગ્નમાં કરવા પડતા ખોટા ખર્ચાઓ પર કાપ મુકાવી તેઓનું આર્થિક સંકટ હળવું કર્યું હતું.

સ્વામીશ્રીએ અનેક વખત જાહેર સભાઓમાં દહેજ ન લેવા તથા સમૂહ લગ્નને પ્રોત્સાહન આપવાની હાકલ કરી છે. એક પ્રસંગે સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'લોકો દેખાદેખીથી કે મોભો સાચવવા ખોટા ખર્ચા કરે છે. તેમાં વળી પૈઠણનો પ્રશ્ન વધુ મૂંઝવનાર છે. લોકો એવું માને છે કે પૈઠણ તો લેવી જ જોઈએ. ભલા માણસ! લગ્ન એ કાંઈ સોદો છે? લગ્ન એ તો ભાવનાની વાત છે. એક પઈની'યે પૈઠણ લેવી નહીં. દીકરા-દીકરીઓને કરોડો રૂપિયા ખર્ચીને પરણાવો કે સાદાઈથી સમૂહ લગ્નમાં પરણાવો, પણ મૂળ વાત તો પરણાવવાની જ છે ને? પૈઠણ લેવાથી કોઈના ઘરબાર ચાલતાં નથી. કોઈનું લેવાની ભાવના કરતાં ઉદાર દિલ રાખવામાં વાંધો શું છે? સમૂહમાં લગ્ન કરવાથી થોડો કાંઈ ગૃહસ્થાશ્રમ મટી જવાનો છે?'

ક્યારેક કોઈ દહેજમાં મળેલી રકમ મંદિરમાં દાનમાં આપવાનો સંકલ્પ કરે ત્યારે પણ સ્વામીશ્રી તેઓને તેમ કરવાની સ્પષ્ટ ના પાડી દેતા. એકવાર એક પિતાએ સ્વામીશ્રીને કહ્યું: 'દીકરીના પિતા સુખી કુટુંબના છે અને સામેથી જ દહેજ આપવા રાજી છે, તો દહેજની રકમ મંદિરમાં આરસ પાથરવાની સેવામાં આપવાનો મારો સંકલ્પ છે.' તેઓને એમ હતું કે તેઓના આ સાત્ત્વિક સંકલ્પથી સ્વામીશ્રી રાજી થઈ હા પાડશે. પરંતુ સ્વામીશ્રીએ તેઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'સેવા માટે પણ દહેજ તો લેવાય જ નહીં. એમાં અંતે તો દહેજની પ્રથા જ વકરે છે ને?'

દહેજબંધીની જેમ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વ્યસનમુક્તિનું અનોખું આંદોલન છેડ્યું હતું. વ્યસનમુક્તિ અંગે રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને શેરીસંવાદ, વ્યસનમુક્તિ પ્રદર્શનો, વ્યસનમુક્તિ પુસ્તિકા, વીડિયો શો, સમૂહ સંપર્ક અને સભાઓ જેવાં આયોજનો દ્વારા સ્વામીશ્રીએ લાખો મહિલાઓના પરિવારોને બરબાદ થતાં અટકાવ્યા છે. એટલું જ નહીં, વ્યસનોને લીધે પરિવારમાં થતા રોજ રોજના ઝઘડાઓ અને મારપીટના અત્યાચારોમાંથી તેઓને મુક્તિ અપાવી છે.

દારૂની લતે ચડેલા એક યુવાનની પત્ની પોતાના પતિની કુટેવના ત્રાસથી તેને છોડીને ચાલી ગઈ હતી. સમય જતાં એ યુવકને સત્સંગ થતાં તેણે પોતાની એ કુટેવ છોડી દીધી હતી. એક વખત તે યુવક સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો. તેણે સ્વામીશ્રીને કહ્યું, 'બાપા, મેં દારૂની ટેવ છોડી દીધી છે તો હવે પત્ની પાછી આવે એવા આશીર્વાદ આપો.'

એ સમયે સ્વામીશ્રીએ તેને સમજાવતાં કહ્યું, 'પતિ-પત્ની એકબીજાનાં સુખ-દુઃખમાં સહારો ગણાય. પત્ની કાંઈ ઓછી ગુલામ છે કે તું દારૂ પીએ કે ગમે તેવું ખરાબ વર્તન કરે એ બધું ખોટી રીતે સહન કરી લે? તારી દારૂની લત સામે એને વાંધો પડ્યો તેથી ચાલી ગઈ છે, તો હવે એ વાતની ખબર પડશે કે તેં પીવાની ટેવ છોડી દીધી છે અને તારું વર્તન સુધરી ગયું છે, એટલે આપોઆપ પાછી આવી જશે.'

સ્વામીશ્રીના વ્યસનમુક્તિના કાર્યથી મહિલાઓને થયેલા લાભ અંગે 'શ્રી ગુરુચરણે' પુસ્તકમાં ડૉ. પૂર્ણિમા દવે નોંધે છે કે, 'દારૂ, અફીણ, જુગાર જેવી કુટેવોમાં પૈસાની સાથે જિંદગી અને કુટુંબને બરબાદ કરી નાખતા પુરુષોને વ્યસનમુક્ત કરી સ્વામીશ્રીએ સ્ત્રી-જાતિ ઉપર મહાન ઉપકાર કર્યો છે. દારૂના વ્યસનની સાથે સાથે કામ, ક્રોધ, વ્યભિચાર જેવાં દૂષણો જોડાયેલાં હોય છે. ક્રોધી પુરુષોની પત્નીની દશા સિંહની ત્રાડથી બીકની મારી મરી જતી ગભરુ મૃગલી જેવી હોય. આવા ક્રોધી અને ઘમંડી યુવાનને કોઈ પડકારે તો સામસામી તલવાર ખેંચાય, ધિંગાણાં થાય અને માથાં વધેરાય. 'હું બોલું એ જ કાયદો' એવા ગર્વ અને નશામાં ચકનાચૂર રહેતા કેટલાય યુવાનોને સ્વામીશ્રીએ નાથ્યા અને તેના પરિવારની સ્ત્રીઓને શાંતિ અને સુરક્ષા બક્ષી.'

## ■ આદિવાસી મહિલાઓનો ઉત્કર્ષ

આદિવાસી પરિવારો પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો પ્રભાવ એ કોઈ લેખન, વક્તવ્ય કે ચર્ચાનો વિષય નથી. એ તો રૂબરૂ જઈને જાત અનુભવ કરીએ તો ખ્યાલ આવે! વિશ્વફલક પર વિસ્તરેલી બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ આધ્યાત્મિક અને સેવા પ્રવૃત્તિઓમાં અહોનિશ વ્યસ્ત પ્રમુખસ્વામી મહારાજે આદિવાસીઓના ઉત્કર્ષ માટે કઈ રીતે સમય ફાળવ્યો હશે એની કલ્પના કરવી પણ દુષ્કર છે. વર્ષો પૂર્વે જ્યારે માર્ગ, વાહનવ્યવહાર અને વીજળી જેવી પાયાની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં નહોતી ત્યારે પોતાના સ્વાસ્થ્યની પરવાહ કર્યા વિના સ્વામીશ્રીએ ડુંગરે ડુંગરે અને છાપરે છાપરે ફરીને આદિવાસી પરિવારોને સાચી સમજ, સ્નેહ અને સત્સંગનાં પીયૂષ પાયાં હતાં. આજે પણ સ્વામીશ્રીએ કરેલા આ ભગીરથ પુરુષાર્થની સ્મૃતિ કરતા આ વિસ્તારના ભાવિકો ગદ્ગદ થઈ જાય છે. કારણ કે તેઓ માને છે કે વર્ષોથી ચાલી આવતી માનસિકતા અને ઘરેડને બદલવી સહેલી ન હતી. જ્યારે આખેઆખો સમાજ વ્યસન, વહેમ અને અંધશ્રદ્ધામાં ગળાડૂબ હોય ત્યારે તેને તેમાંથી બહાર કાઢીને ભાવિ ઉત્કર્ષમાં વિશ્વાસ અને શ્રદ્ધા જગાવવાનું દુષ્કર કાર્ય સ્વામીશ્રીએ અપ્રતિમ કરુણા અને સ્નેહથી કર્યું હતું.

સ્વામીશ્રીની ઉદાર, વિશાળ અને દીર્ઘ દૃષ્ટિને કારણે સત્સંગથી લાભાન્વિત થયેલાં હજારો આદિવાસી બહેનોના જીવનમાં આધ્યાત્મિકતા, આત્મીયતા અને સ્નેહપૂર્ણ સશક્તિકરણનું દર્શન થાય છે. હજારો આદિવાસી મહિલાઓમાં સ્વચ્છતા, શિક્ષણ, વ્યસનમુક્તિ, શાકાહાર તથા આરોગ્યપ્રદ જીવનશૈલી અંગે જાગૃતિ આવી છે. વહેમ, વ્યસન, કુરિવાજો અને અંધશ્રદ્ધા સામે લડવાનું તેઓને નૈતિક બળ પ્રાપ્ત થયું છે. બલિ ચઢાવવાની, ડામ આપવાની કુપ્રથા તથા મંત્ર-તંત્ર, દોરાધાગા વગેરે અંધશ્રદ્ધામાંથી મુક્તિ મળી છે. પોશીનાના પિપળિયા ગામનાં ગજરીબહેન ઘણીવાર કહેતાં કે, 'ભલું થાય આ પ્રમુખસ્વામી મહારાજનું કે હું મારી આવરદા એમને આપી દઉં. પ્રમુખસ્વામી મહારાજે અમારા ભલા માટે કેટલું બધું કર્યું છે! અમને મારપીટમાંથી છોડાવ્યાં. સૌને વ્યસનમુક્ત કર્યાં. અમને સૌને સુખિયાં કરી દીધાં.'

સમૂહમાં બેસીને સત્સંગનો લાભ લેવાથી આદિવાસી બહેનોમાં સંઘભાવના અને સામુદાયિક ચેતના પ્રગટી છે. એક વિરાટ સામુદાયિક પરિવર્તનનો પાયો નંખાયો છે. સકારાત્મક અને આધ્યાત્મિક ચિંતનની પ્રક્રિયા શરૂ થઈ છે. કથામાં રજૂ થતાં મહાન ઐતિહાસિક પાત્રો અને આધ્યાત્મિક સિદ્ધાંતો સાથે અનુસંધાન સધાયું છે. ખરા અર્થમાં આત્મવિશ્વાસ અને પરમાત્મામાં શ્રદ્ધા પ્રગટ થતાં આદિવાસી બહેનોને પ્રતીતિ આવી કે ભગવાનનું બળ રાખી આપણે પણ પ્રગતિ કરી શકીએ છીએ અને આપણા પરિવારને સુખી કરી શકીએ છીએ. અને તેથી બહેનો પોતે લખતાં-વાંચતાં થયાં અને પોતાનાં બાળકોના અભ્યાસમાં શરૂઆતથી જ કાળજી લેવા માંડ્યાં. પરિણામે તેઓનાં બાળકો પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને સફળ કારકિર્દી રચી શક્યાં. ઉચ્ચ શિક્ષણ મેળવવું એ આદિવાસી સમાજની અગ્રતા થઈ ગઈ. જે બહેનો પોતાના ઘરની બહાર નીકળીને અજાણ્યા લોકો સાથે વાત કરવામાં પણ સંકોચ અનુભવતી હતી તે બહેનોમાં એવો તો આત્મવિશ્વાસ જાગ્યો કે સેંકડો બહેનોની સભાઓને તેઓ પોતાનાં મનનીય વ્યાખ્યાનોથી મંત્રમુગ્ધ કરી રહ્યાં છે. આ બહેનો જ્યારે કથાવાર્તા અને પારાયણ કરતાં હોય ત્યારે ઉપનિષદકાલીન વિદુષીઓનાં દર્શન થતાં હોય તેવો અનુભવ કરાવે છે. સ્વામીશ્રીએ કરેલી આ ઉપકારવર્ષા આજે પણ હજારો આદિવાસી બહેનોનાં હૈયાં ભીંજવી રહી છે.

## ■ મહિલા સત્સંગ સભાઓ અને સંમેલનો

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મહિલાઓનાં ધર્મ અને ભક્તિને પોષણ મળે તે માટે ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલી પ્રણાલી મુજબ પુરુષોની સમાંતર અલગ મહિલા સત્સંગ મંડળો સ્થાપીને તેમને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની તક પૂરી પાડી છે. પ્રતિસપ્તાહે યોજાતી હજારો મહિલા સત્સંગ સભાઓ મહિલાઓનું પારિવારિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આરોહણ કરાવી રહી છે.

વળી, સ્વામીશ્રીની પ્રેરણાથી પ્રતિવર્ષ ચાતુર્માસ દરમ્યાન યોજાતું પારાયણ પર્વ મહિલાઓમાં રહેલી ભક્તિનું વિરલ દર્શન કરાવે છે. આ પર્વમાં વચનામૃત, હરિલીલામૃત, ભક્તચિંતામણિ જેવા ગ્રંથોમાંથી ભગવાનનાં દિવ્ય ચરિત્રોનું પાન કરાવતાં પ્રેરક વક્તવ્યો, સંવાદ, નૃત્યો અને કીર્તનભક્તિ જેવા કાર્યક્રમો આ પર્વમાં સામેલ હજારો મહિલાઓને પવિત્ર જીવન જીવવાની પ્રેરણાઓ આપે છે.

આ ઉપરાંત વિવિધ સ્થળોએ મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઉપક્રમે યોજાતાં મહિલા સંમેલનો શાસ્ત્ર, મંદિર અને સંતનો મહિમા દૃઢ કરાવી ઉત્સવનો ઉદ્ઘોષ કરે છે. એટલું જ નહીં, મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ ઉપક્રમે યોજાતી નગરયાત્રામાં પણ બહેનો હર્ષોલ્લાસપૂર્વક સંમિલિત થઈ વિશેષ ભક્તિ

અદા કરે છે. સાથે સાથે ગુજરાતના આદિવાસી વિસ્તારોથી લઈને અમેરિકા સુધીનાં તમામ બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીની પ્રેરણાથી સન ૧૯૭૫માં ગોંડલ મુકામે સર્વ પ્રથમ મહિલા સંમેલનનાં પગરણ મંડાયાં, ત્યારથી લઈને આજદિન સુધી મહિલા દિન ઉપક્રમે યોજાતાં સંમેલનો કે કોન્ફરન્સ દેશ-વિદેશનાં લાખો મહિલાઓ માટે તેઓના પ્રશ્નો અને સમસ્યાઓ પ્રત્યે વિશેષ જાગૃતિ કેળવનારાં બની રહ્યાં છે.

### ■ સત્સંગ શિબિરો અને અધિવેશનો

બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓનાં જીવનમાં સત્સંગ અને અધ્યાત્મનાં મૂલ્યો દૃઢ થાય તે માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ શિબિરો અને અધિવેશનોનું વિશિષ્ટ આયોજન આપ્યું હતું. દર વર્ષે દેશ-વિદેશનાં વિવિધ બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રો ખાતે શિબિરો અને અધિવેશનો બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓના ઘડતરની વિશિષ્ટ તાલીમશાળા બની રહે છે. ત્રણ કે ચાર દિવસની સત્સંગ શિબિરોમાં રજૂ થતાં પ્રેરક પ્રવચનો, ગોષ્ઠિ, સંવાદો વગેરેની પ્રસ્તુતિ સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરી આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરનારી બની રહે છે. તો અધિવેશનો બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ખીલવવાની તક પૂરી પાડનારાં બની રહે છે. અધિવેશનોમાં વચનામૃત, સ્વામીની વાતો, કીર્તન, શ્લોક-સાખી વગેરેનાં મુખપાઠ તથા વકતૃત્વ, શીઘ્ર વકતૃત્વ, નિબંધલેખન, કીર્તનગાન, સ્કિટ, ચિત્રકામ જેવી સ્પર્ધાઓએ હજારો બહેનોની પ્રતિભાને સાચા અર્થમાં નિખારી છે.

વળી, આ અધિવેશનોએ હજારો બહેનોમાં જાહેરમાં કામ કરવાનો અને જાહેરમાં વક્તવ્ય આપવાનો અનેરો આત્મવિશ્વાસ જગાવ્યો છે. તેઓના ક્ષોભ અને સંકોચ દૂર થયા છે. સમયની કિંમત અને તેના સદુપયોગનું મહત્ત્વ સમજાયું છે. બાલિકાઓ અને યુવતીઓના અભ્યાસમાં એકાગ્રતા અને યાદશક્તિ વધ્યાં છે અને તેઓને પોતાની કલા અને કૌશલ્યને વિકસાવવા માટે આ અધિવેશનોએ વિશાળ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. શિબિરો અને અધિવેશનોમાં સહભાગી થવાથી બહેનોમાં આત્મશિસ્ત, સંગઠન ભાવના, નેતૃત્વ શક્તિ, સંઘભાવના, આયોજન શક્તિ જેવા ગુણો વિકસ્યા છે. પોતાની ફરજ જવાબદારીપૂર્વક નિભાવવાની તાલીમ પણ તેઓને આમાંથી મળી છે.

સ્વામીશ્રીની દીર્ઘ દૃષ્ટિને કારણે હજારો આદિવાસી બહેનોના જીવનમાં આધ્યાત્મિક્તા, આત્મીયતા અને સ્નેહપૂર્ણ સશક્તિકરણનું દર્શન થાય છે.



અનેક પરિવાર-સમસ્યાઓએ ગૃહિણીની શાંતિને હણી લીધી છે, ત્યારે સ્વામીશ્રીની પ્રેરણાથી ઘરસભા દ્વારા હજારો ગૃહિણીઓ શાંતિ-સુખ અનુભવી રહી છે.



## ■ ઘરસભા - પારિવારિક એકતા

નારીનાં અનેકવિધ સ્વરૂપોમાંનું એક સ્વરૂપ ગૃહિણીનું છે. પોતાના પરિવારમાં સદાય સુખ, શાંતિ અને આનંદનું વાતાવરણ રચાય એવો દરેક ગૃહિણીનો સંકલ્પ હોય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આપેલા ઘરસભા રૂપી વરદાનથી ગૃહિણીઓનો આ સંકલ્પ સાકાર થઈ શક્યો છે.

એક તરફ આધુનિક યુગની અનેક પરિવાર-સમસ્યાઓએ ગૃહિણીની શાંતિને હણી લીધી છે, ત્યારે બીજી તરફ સ્વામીશ્રીની પ્રેરણાથી ઘરસભા કરતા હજારો પરિવારોની ગૃહિણીઓ પોતાના ઘરમાં મંદિર જેવી પવિત્રતા, શાંતિ અને સુખનો અનુભવ કરી રહી છે. સ્વામીશ્રીના આદેશને અધ્ધર ઝીલીને ગૃહિણીઓએ ઘરસભારૂપી આંદોલન આદર્યું છે, જેનાથી હજારો પરિવારોમાં સંપ અને એકતાનું વાતાવરણ ખડું થયું છે. પરિવારના સભ્યોમાં પરસ્પર આદર, પ્રેમ, શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોતિ પ્રગટી છે. માતાઓ પોતાનાં સંતાનોને નીતિ, ચારિત્ર્ય, સંસ્કાર અને સત્સંગના આદર્શો સહેલાઈથી આત્મસાત્ કરાવી શકી છે. સાસુ-વહુ વચ્ચેના સંબંધોમાં સંવાદિતા વધી છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં સુમેળ સધાયો છે અને ઘરનું વાતાવરણ શાંતિપૂર્ણ બન્યું છે. ટી.વી., સોશિયલ મિડિયા અને ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સમાં રચ્યાંપચ્યાં રહેતાં સૌ કોઈ ઘરસભાને કારણે એકબીજાની વધુ નિકટ આવ્યાં છે. વિકટ સંજોગોમાં પણ પરિવારમાં એકતા અને ધીરજ જળવાઈ રહેવાથી મુશ્કેલીઓમાંથી ઊગરી શક્યાં છે. દુઃખદ પ્રસંગો જીરવવાનું બળ ઘરસભામાંથી પ્રાપ્ત થયું છે. પરિવાર, સમાજ, સંસ્કૃતિ અને ધર્મની ધરોહર સમો સશક્ત સમુદાય તૈયાર થયો છે. વડીલો અને સંતાનો વચ્ચેનો જનરેશન ગેપ દૂર થયો છે. સકારાત્મક અભિગમ કેળવાયો છે. અંતર્દૃષ્ટિ થવાથી સ્વભાવોમાં પરિવર્તન આવ્યું છે. પરસ્પર એકબીજાંને સમજવાની, એકબીજાંને અનુકૂળ થવાની અને એકબીજાનું સારું કરવાની રીત ઘરસભામાંથી શીખ્યાં છે.

સ્વામીશ્રીએ પારિવારિક, સાંસ્કૃતિક, નૈતિક અને સામાજિક સમસ્યાઓના અમોઘ ઈલાજ સમી ઘરસભારૂપી સંજીવની પ્રદાન કરીને હજારો મહિલાઓના પરિવારોમાં શાંતિ-સુખ સાથે ભક્તિ-સત્સંગનાં અજવાળાં પ્રસરાવ્યાં છે.

## ■ મહોત્સવો અને સમૈયાઓ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિવિધ મહોત્સવો અને સમૈયાઓમાં મહિલાઓને સહભાગી કરીને મહિલાઓમાં રહેલી મૅનેજમૅન્ટ અને સંચાલન કળાને

વિકસાવી છે. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ, આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવ, આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવ, કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા, યોગી શતાબ્દી મહોત્સવ, અમૃત મહોત્સવ, બી.એ.પી.એસ. સંસ્થાનો શતાબ્દી મહોત્સવ, શાસ્ત્રીજી મહારાજ સાર્ધ શતાબ્દી મહોત્સવ - આદિ મહોત્સવોમાં મહિલાઓને સામેલ કરીને તેઓની રચનાત્મક શક્તિનું સૌને દર્શન કરાવ્યું છે.

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વખતોવખત આયોજિત થતા આવા ભવ્ય મહોત્સવો સામાજિક અને સામુદાયિક જાગૃતિનાં કેન્દ્રો બની રહ્યાં છે. મહોત્સવના ઉપક્રમે યોજાતાં વિશાળ જનજાગૃતિ અભિયાનો, હોસ્પિટલોની સફાઈ, ગ્રામ સફાઈ, શાળા સફાઈ, મૂલ્યનિષ્ઠ જીવનની પ્રેરણા આપતાં વિશિષ્ટ સંપર્ક અભિયાનો જેવાં સામાજિક ઉત્કર્ષનાં ઉમદા સેવાકાર્યોમાં નારીશક્તિનો સમાજોપયોગી વિનિયોગ થઈ રહ્યો છે.

સાથે સાથે દરેક મહોત્સવો બહેનોમાં રહેલી ઈષ્ટદેવ તેમજ ગુરુહરિ પ્રત્યેની ભક્તિનું પોષણ આપનારા બની રહ્યા છે. મહોત્સવના એક, બે કે ચાર-ચાર વર્ષ પૂર્વેથી બહેનોએ ભગવાન સ્વામિનારાયણ તથા સ્વામીશ્રીની પ્રસન્નતા અર્થે તેમજ મહોત્સવની સફળતા અર્થે અધિક માળા, પ્રદક્ષિણા, તીર્થયાત્રા, ગ્રંથ પારાયણ, ઉપવાસ, મિષ્ટાન્ન ત્યાગ જેવા અનેક પ્રકારના નિયમો ગ્રહણ કરીને વિશિષ્ટ ભક્તિનું દર્શન કરાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ મહોત્સવો દેશ-વિદેશનાં જુદા જુદા સ્તરોની બહેનોમાં નમ્રતા, સરળતા, સેવા, સંપ, ભક્તિ જેવા વિરલ ગુણોની ખિલવણી કરનારા બની રહ્યા છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી ઊજવાયેલા આ મહોત્સવોએ હજારો મહિલાઓનાં કલ્યાણકારી સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. મહોત્સવોમાં ડેકોરેશન, જનસંપર્ક, મૅડિકલ, રક્તદાન શિબિર, બુકસ્ટોલ, રસોડું, પાણી, સ્વચ્છતા, સ્વયંસેવિકાદળ, સલામતી, ઉતારા, ક્લોકરૂમ, સ્વાગત કક્ષ, વ્યસનમુક્તિ કુટિરો, પ્રેરણાદાયી પ્રદર્શનો વગેરે વિભાગોની સેવાઓએ મહિલાઓનું સર્વાંગી ઘડતર કર્યું છે. મહોત્સવો દરમ્યાન યોજાતાં જ્ઞાનસત્રો, પરિસંવાદો, અધ્યાત્મ સંમેલન, કીર્તન આરાધના, સંવાદો, લોકનૃત્યો જેવા કાર્યક્રમો બહેનોમાં ધર્મની સાચી સમજ કેળવીને તેઓના વ્યક્તિત્વ વિકાસ અને ઉન્નતિના પોષક બન્યા છે. સ્વામીશ્રીની પ્રેરણાથી યોજાતા આ મહોત્સવો માત્ર સંપ્રદાય પૂરતા જ નહીં, પરંતુ સમગ્ર નારી સમાજ માટે એક સીમાચિહ્‌ન સમા બની રહ્યા છે.

દેશની જેમ વિદેશની ધરતી પર ઊજવાયેલા વિવિધ મહોત્સવો પણ નારી-ઉત્કર્ષના મહાન પર્વો બની રહ્યા છે. પૂર્વે ૧૯૮૫માં લંડન ખાતે યોજાયેલા કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા તથા સુવર્ણતુલા મહોત્સવ, ૧૯૯૧માં અમેરિકામાં યોજાયેલ કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા તથા ૧૯૯૫માં યોજાયેલ લંડન મંદિર મહોત્સવો કે આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, આરબ દેશોમાં ઉત્સવો પ્રસંગે બહેનોએ જે સેવાઓ કરી તે અદ્વિતીય તથા અકલ્પનીય બની રહી. આ મહોત્સવોમાં વિવિધ સેવાઓમાં સહભાગી થઈને બહેનોએ આધ્યાત્મિક ભાથાં બાંધી લીધાં હતાં. હજારો માણસોની રસોઈ, સ્વચ્છતા, સભાવ્યવસ્થા આદિ સેવાનાં આયોજનો પરદેશમાં રહીને કરવાં એ ભલભલાને વિચારતાં કરી મૂકે એવી બાબત છે.

તેમાંય લંડન મંદિરનિર્માણ વખતે પુરુષો સાથે કદમ મિલાવી બહેનોએ વિશાળ જથ્થામાં કેન કલેક્શન કરી તેના રિસાઇકલિંગ દ્વારા પર્યાવરણના જતનનું વૈશ્વિક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પરદેશમાં ઊજવાયેલા આ ઉત્સવોના અનેકવિધ વિભાગોમાં બહેનોએ કરેલી અનન્ય સેવાઓ ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે.

## ■ રાહતકાર્યો

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભૂકંપ, સુનામી, વિનાશક વાવાઝોડાં, અતિવૃષ્ટિ કે દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓના સમયે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થતાં રાહતકાર્યોમાં મહિલાઓની રચનાત્મક સેવા-શક્તિનો વિનિયોગ કર્યો હતો. નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિમાન રાહતકાર્યોમાં આપત્તિગ્રસ્તો માટે ફૂડપેકેટ્સ તૈયાર કરવાં, ઘરોઘર ફરીને અનાજ કે કપડાં ઉઘરાવવાં, પૂરનાં પાણી ઓસરી ગયાં હોય તો ત્યાં શેરીમાંથી કાદવ દૂર કરી શેરીઓ સ્વચ્છ કરવી, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવું જેવી વિવિધ સેવાઓમાં બી.એ.પી.એસ. સંસ્થાની મહિલાઓએ નિઃસ્વાર્થ ભાવે જોડાઈને દુઃખી લોકોનાં દુઃખ દૂર કરવામાં સહાય કરી હતી. એટલું જ નહીં, સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયેલાં આ રાહતકાર્યોના લાભાર્થી એવાં હજારો બહેનો કપરા સમયમાં સ્વામીશ્રીએ તેઓ પર કરેલી ઉપકારવર્ષાને આજે પણ વિસારી શકતાં નથી.

કચ્છના માધાપરનાં સવિતાબહેન સ્વાનુભવ વર્ણવતાં જણાવે છે કે ‘૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ભૂકંપમાં અમારાં ઘર પડી ગયાં હતાં. એ વખતે

પ્રમુખસ્વામી મહારાજે અમોને દત્તક લીધાં અને માધાપરના ટેકરા ઉપર અમારા જેવા ૬૪ પરિવારોને રહેવા માટે મકાનો બાંધી આપ્યાં હતાં. પ્રમુખસ્વામી મહારાજે લાઇટ, પાણી, ગટર, બાથરૂમ જેવી અમારી નાનામાં નાની સગવડોનો વિચાર કરી આ મકાનો બાંધી આપ્યાં તેથી આજે અમે સૌ અહીં સુખેથી રહી શકીએ છીએ. વળી, પાણીની અછતવાળા આ વિસ્તારમાં તેઓએ અમારા માટે પાણીના બોરની પણ ખાસ વ્યવસ્થા કરાવી આપી હતી. સાથે સાથે તેઓએ મારા જેવી અનેક બહેનોને હાથલારી, મસાલા તથા અનાજ દળવાની ઘંટીઓ જેવાં આજીવિકાનાં સાધનો પૂરાં પાડીને અમારા પર ખૂબ મોટો ઉપકાર કર્યો હતો. તેઓનું આ ઋણ અમે ક્યારેય ચૂકવી શકીએ તેમ નથી.'

## ■ મહિલાઓ માટે પ્રકાશનો

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી જુલાઈ ૧૯૭૩થી આધુનિક નારીને સંબોધતા 'પ્રેમવતી' સામયિકનો પ્રાદુર્ભાવ થયો. મહિલાઓ માટે પ્રકાશિત થતાં ધાર્મિક સામયિકોમાં આ સામયિક કદાચ સર્વપ્રથમ હશે તેમ કહી શકાય. છેલ્લાં ૪૯ વર્ષોથી આ સામયિકે મહિલાઓને પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે વિરાટ બૌદ્ધિક મંચ પૂરું પાડ્યું છે. આ સામયિકનો આરંભ કરાવીને સ્વામીશ્રીએ બહેનોને મહાન મહિલા ભક્તોની ગુણિયલ ગાથાઓ દ્વારા આદર્શો ચીંધ્યા છે. સંપ્રદાયના ગૌરવવંતા ઇતિહાસને નવપલ્લવિત રાખ્યો છે. ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોને ઉજાગર કર્યાં છે. ભારતીય તીર્થો, સંતો, શાસ્ત્રો અને સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોનું મહિમાગાન કર્યું છે. પ્રેરણાદાયી નારી-રત્નોને પ્રકાશિત કર્યાં છે. બહેનોની જિંદગીમાં ઉપસ્થિત થતાં પડકારોના ઉકેલ ચીંધ્યા છે. મહિલાઓના શૈક્ષણિક, વ્યાવસાયિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્કર્ષની રૂડી રૂપરેખા આલેખી છે. બાલિકાઓ, યુવતીઓ અને ગૃહિણીઓના વ્યક્તિત્વને નિખાર આપ્યો છે. દેશ-વિદેશની મહિલાઓની સિદ્ધિઓનું બહુમાન કર્યું છે. તેમજ વિશ્વના ખૂણે ખૂણે થતી વિવિધ મહિલા સત્સંગ પ્રવૃત્તિઓના સમાચારો પ્રસરાવી આત્મીયતાની મહેક પ્રસરાવી છે.

સન ૧૯૯૭માં પ્રેમવતીના રજતજયંતી વર્ષે સ્વામીશ્રીએ મહિલા પ્રવૃત્તિના સંયોજકો શ્રી અ.નિ. નીલકંઠભાઈ મહેતા અને શ્રી કિરણભાઈ પીઠવાને ''પ્રેમવતી' દ્વારા મહિલાઓમાં પણ સત્સંગની દૃઢતા વધે ને એકાંતિકી ભક્તિ દૃઢ થાય ને સારો સમાસ થાય.' એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ ઉપરાંત સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ..પી.એસ. સંસ્થાની મહિલા પાંખ દ્વારા અનેક ભક્તિ સંગીતનાં ઑડિયો પ્રકાશનો તૈયાર કરાવ્યાં હતાં. શ્રી દિલીપભાઈ ધોળકિયા, શ્રી રવીન્દ્ર જૈન, શ્રી આસિત દેસાઈ, શ્રી નીનુ મઝુમદાર જેવા ખ્યાતનામ સંગીતકારોના સંગીત અને શ્રી અનુરાધા પૌંડવાલ, શ્રી હેમા દેસાઈ, શ્રી સાધના સરગમ આદિ વિખ્યાત ગાયિકાઓના સુમધુર કંઠે ગવાયેલ આ ઑડિયો પ્રકાશનો મહિલાઓના સત્સંગ અને ભક્તિને પોષણ આપી રહ્યાં છે.

## ■ સત્સંગ શિક્ષણ પરીક્ષા

આધુનિક યુવાનો અને યુવતીઓમાં ધર્મ અને સંપ્રદાયના તત્ત્વજ્ઞાનની અભિવૃદ્ધિ થાય તે માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ શિક્ષણ પરીક્ષાનો આરંભ કરાવ્યો હતો. સ્વામીશ્રીની પ્રેરણાથી પ્રતિવર્ષ યોજાતી સત્સંગ શિક્ષણ પરીક્ષામાં દેશ-વિદેશનાં બહેનો વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર સંમિલિત થાય છે. પરીક્ષાનાં આયોજન અને અમલીકરણમાં બહેનોનું પ્રદાન અનન્ય રહ્યું છે. પરીક્ષાના પેપર સેટિંગ, પરીક્ષણ તથા માર્કશીટ તૈયાર કરવાના કાર્યમાં બહેનોની સેવાઓ હંમેશાં પ્રશંસનીય રહી છે.

## ■ આધ્યાત્મિક ઉત્કર્ષ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષની સાથે સાથે તેઓના સંપૂર્ણ આધ્યાત્મિક ઉત્કર્ષની ખેવના પણ કરી હતી. આશ્રિત મહિલાઓને ગુરુહરિના છત્રની શીળી છાયા સદાય અનુભવાતી રહી છે. સુખદુઃખના તમામ પ્રસંગોમાં તેઓને ભગવાન અને ગુરુહરિ સદાય પોતાની સાથે જ છે તેવો અનુભવ સહેજે જ થતો રહ્યો છે. તેઓએ કરેલી પ્રાર્થનાઓ સ્વીકારીને તેમના સંકલ્પો સ્વામીશ્રીએ પૂર્ણ કર્યા હોય એવાં અસંખ્ય બહેનોના અનુભવ છે. વળી, સ્વામીશ્રીની દિવ્ય અનુભૂતિએ બહેનોને જપ, તપ, વ્રત, અનુષ્ઠાન, સેવા, ભક્તિ અને સત્સંગની સરવાણી સતત વહેતી રાખી છે. બહેનોની આવી ભક્તિમાંથી પ્રેરણા પામીને તેઓના પરિવારજનોનો સત્સંગ પણ વધુ દૃઢ થયો હોવાનાં પણ અસંખ્ય ઉદાહરણો છે. સેંકડો માતાઓનાં હૈયામાં સ્વામીશ્રીએ અધ્યાત્મનાં એવાં તે અજવાળાં પાથર્યાં છે કે તેઓએ પોતાના વહાલસોયા તેજસ્વી પુત્રોને અધ્યાત્મના પંથે પ્રયાણ કરી ત્યાગાશ્રમ દીપાવવાની પ્રેરણા આપી છે.

આમ, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિના શાશ્વત રાહે બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ

પ્રવૃત્તિઓના માધ્યમથી મહિલાઓનો સાચા અર્થમાં સામાજિક, આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ કર્યો છે. દેશ-વિદેશમાં વસતી હજારો મહિલાઓએ સ્વામીશ્રીની પ્રેરણાથી સાધેલા ઉત્કર્ષનો સ્વર રજૂ કરતા યુ.એસ.એ.ની ન્યૂયોર્ક યુનિવર્સિટીના માનવવંશ શાસ્ત્રી પ્રો. હાના કીમ નોંધે છે કે, ‘ગુરુ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી મહિલાઓને અહીં સર્જનાત્મક અને અર્થપૂર્ણ જીવન કેવી રીતે જીવવું તે જ્ઞાન લાધી ગયું છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મહિલા પ્રવૃત્તિ એ મહિલાઓને મળેલી એક અણમોલ ભેટ છે, જેની સૌ બીજાઓને પણ લહાણી કરી શકે છે. આ ભેટ સશક્તિકરણની, આત્મ-નિયંત્રણની અને આત્મવિશ્વાસની ભેટ છે.’ ◆


**નારી ભક્તોની તેજસ્વી અને યશસ્વી ધારાને પ્રવાહિત કરતી અદ્‌ભુત પુસ્તક-શ્રેણી**

# ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નારી ભક્તરત્નો

**ભાગ ૧ થી ૬**

આર્યાવર્તની પુણ્યભૂમિ પર વૈદિક સમયથી મહાન નારી ભક્તરત્નો અવતરતાં રહ્યાં છે.
આ સતત વહેતી ધારા સાથે અનેક મહાન નારી ભક્તરત્નોની એક વધુ પ્રકાશમય પરંપરા
પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપી છે. આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે
સ્ત્રીઓના ઉદ્ધારની જે મહાન ક્રાંતિ કરી હતી, તેનું પ્રતિબિંબ આ પુસ્તક-શ્રેણીમાં ઝળકે છે.
એ પ્રત્યેક નારી ભક્તનું ચરિત્ર અનેક સદ્‌ગુણોનું દર્શન કરાવીને ભક્તિનો આદર્શ પ્રસ્થાપિત કરે છે.
માળાના મણકા સમાન આ સ્ત્રી ભક્તોએ, શ્રીહરિની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરીને,
ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી હતી. આ નારી ભક્તરત્નોના મહિમાનું ગાન આ પુસ્તકમાળામાં કરાયું છે.
આ પ્રેરક ચરિત્રોની ગાથા આજના યુગમાં સૌ કોઈને જીવન જીવવાની કળા શીખવે છે.
પૂજ્ય અક્ષરજીવનદાસ સ્વામીની રસાળ કલમે લખાયેલાં આ ચરિત્રો ભગવાન સ્વામિનારાયણના
સ્ત્રી-ઉદ્ધારના વિરાટ કાર્યની એક ઝાંખી કરાવે છે.




આજે જ વસાવીએ, સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત -
શ્રીહરિની અપાર પ્રસન્નતાનાં અધિકારી બનેલાં
એ મહાન નારી-ભક્તોનાં પ્રેરક ચરિત્રોની ગાથાને રજૂ કરતી
પુસ્તક-શ્રેણીને...



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર — કૉલેજમાં પ્રવેશ અંગે

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી યુવાનો અક્ષરપુરુષોત્તમદર્શનમાં શાસ્ત્રીય રીતે ઊંડાણ પ્રાપ્ત કરી શકે એવા ઉમદા હેતુથી સારંગપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (કૉલેજ) કાર્યરત છે, જે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે.

આ કૉલેજમાં ધોરણ ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટ્સ)માં ઉત્તીર્ણ થયેલો કોઈપણ વિદ્યાર્થી પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. અહીં સંસ્કૃત માધ્યમ દ્વારા B.A. અને M.A.ની ડિગ્રી પ્રાપ્ત થાય છે, જેમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી લિખિત પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય વગેરે ગ્રંથોના અધ્યયનનો અવસર પણ મળે છે. બ્રાહ્મણ યુવકો માટે અહીં એક વર્ષના **'ડિપ્લોમા ઈન કર્મકાંડ'**ના અભ્યાસની પણ વ્યવસ્થા છે. અહીં અભ્યાસની સાથે પ્રવચનકળા, લેખનકળાની વિશિષ્ટ તાલીમ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત વિવિધ કૉન્ફરન્સમાં પ્રસ્તુતિ દ્વારા પ્રેઝન્ટેશનની પણ તાલીમ આપવામાં આવે છે. **અભ્યાસ દરમ્યાન નિવાસ, ભોજન તથા અભ્યાસની વ્યવસ્થા બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિના મૂલ્યે કરવામાં આવે છે.**

જે વાલીઓને પોતાના સંતાનને આ અભ્યાસમાં આ જ વર્ષે (૨૦૨૨માં) જોડવાની ઇચ્છા હોય તેઓએ તા. ૨૦-૫-૨૦૨૨ સુધીમાં અહીં આપેલી લીંક દ્વારા અથવા નીચે દર્શાવેલ QR code સ્કેન કરી પ્રાથમિક માહિતી માટેનું Google પર ફૉર્મ ભરી દેવું. **ફૉર્મ ભરવા માટેની લીંકઃ-** https://bit.ly/3syQXcS

**વિશેષ માહિતી માટે વેબસાઇટઃ-** https://research.baps.org/

**સંપર્કઃ** શ્રી દિવ્યેશભાઈ: ૯૧-૭૦૪૬૧૧૫૯૧૫, શ્રી તેજસભાઈ: ૯૧-૯૭૨૫૨૦૫૬૦૩

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (વિદ્યાનગર) તથા વિદ્યામંદિર (બાકરોલ) — છાત્રાલય-શાળામાં પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બાકરોલમાં ધોરણ ૬ થી ૧૦ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) તથા ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)માં પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. બાકરોલ વિદ્યામંદિરમાં JEE/NEETનું શિક્ષણ ધોરણ ૮ થી ૧૨ સુધી આપવામાં આવે છે.

**બી.એ.પી.એસ. છાત્રાલય વિદ્યાનગરમાં પ્રવેશ અંગે :** બાકરોલમાં વિદ્યામંદિરમાં ધોરણ ૧૧ અને ૧૨મા અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ના અભ્યાસક્રમના આધારે લેખિત પરીક્ષા (ગણિત, વિજ્ઞાન અને સત્સંગ પ્રશ્નોત્તરી) તથા ઈન્ટરવ્યૂના આધારે બી.એ.પી.એસ. છાત્રાલયમાં પ્રવેશ મળશે. વિદ્યાર્થીઓએ પાસપોર્ટ ફોટો, આધારકાર્ડ, ધોરણ ૯ના પરિણામની ઝેરોક્ષ લઈને આવવું.

**ઈન્ટરવ્યૂની તારીખઃ** તા. ૯-૪-૨૦૨૨(શનિવાર) અથવા તા. ૧૭-૪-૨૦૨૨ (રવિવાર) સવારે ૮.૦૦ વાગ્યાથી.
(વિદ્યાર્થીએ પરીક્ષા અને ઈન્ટરવ્યૂ માટે કોઈપણ એક જ દિવસ પસંદ કરવાનો રહેશે.)

**વિશેષ નોંધઃ છાત્રાલયમાં ધોરણ ૧૧-૧૨ના ફક્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બાકરોલમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે.**

**સ્થળઃ** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (APC), પ્રમુખસ્વામી સર્કલ, ભાઈકાકા માર્ગ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**છાત્રાલયની વધુ માહિતી માટેઃ** મેહુલ પટેલ ૯૯૯૮૯૯૦૨૩૦, વિદ્યામંદિર માટેઃ ૬૩૫૨૮૫૨૫૩૭, ૯૯૯૮૪૩૩૫૫૭

છાત્રાલયના ઍડમિશન માટે સૌપ્રથમ ONLINE LINK પર ફૉર્મ ભરવાનું રહેશે, જેની લિંક તા. ૧૦-૩-૨૦૨૨(ગુરુવાર)થી છાત્રાલયના ઉપરોક્ત નંબર પરથી પ્રાપ્ત થશે.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢ — શાળામાં પ્રવેશ અંગે

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જૂન ૨૦૨૨-૨૩થી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અક્ષરવાડી ખાતે નૂતન ગુરુકુળ શહેર તથા ગ્રામ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ચારિત્ર્યયુક્ત શિક્ષણ આપવા માટે કાર્યરત થઈ રહ્યું છે. જેમાં શહેર તથા ગ્રામ્યક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૮ થી ૧૨ સાયન્સ, કોમર્સ (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ)માં પ્રવેશ અંગેની માહિતી નીચે મુજબ છે.

**પ્રવેશ માટે ઈન્ટરવ્યૂ તારીખઃ** તા. ૧૩ માર્ચ(રવિવાર), ૨૦ માર્ચ(રવિવાર), ૧૪ એપ્રિલ(ગુરુવાર), ૧૭ એપ્રિલ(રવિવાર), ૨૪ એપ્રિલ(રવિવાર), ૮ મે(રવિવાર), ૧૫ મે(રવિવાર) અને ૨૨ મે(રવિવાર), ૨૦૨૨ના રોજ સવારે ૮-૩૦ વાગ્યે યોજાશે.

**નોંધઃ** (૧) પ્રવેશ માટે પ્રવેશ લિંક https://forms.gle/FVn4rAk7hhTKGz5i9 અથવા આ જાહેરાત સાથે આપેલા QR કોડને

સ્કેન કરી આપનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
(૨) પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન તથા સત્સંગલક્ષી પ્રશ્નો પુછાશે.
(૩) આગળના વર્ષના વાર્ષિક પરિણામની માર્કશીટ નકલ ૧ તથા પાસપોર્ટ સાઇઝના ૨ ફોટા સાથે લાવવા.
**સરનામું:** બી.એ.પી.એસ. વિદ્યામંદિર, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અક્ષરવાડી, પ્રમુખસ્વામી માર્ગ, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મો. ૯૯૯૮૯૯૩૮૮૭, ૯૯૯૮૯૯૩૮૧૪, ૯૯૯૮૯૯૩૨૨૬

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સુરત — શાળામાં પ્રવેશ અંગે

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય કૃપા અને આશીર્વાદથી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સુરતમાં બાળકોને નર્સરી થી ધોરણ ૧૨ સાયન્સ, કોમર્સ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ), તેમજ બાલિકાઓને નર્સરીથી ધોરણ ૯ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)માં ચારિત્ર્ય અને ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. પોતાનાં સંતાનોના માટે પ્રવેશ મેળવવા ઈચ્છુક વાલીઓ સોમવારથી શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી રૂબરૂ સંપર્ક કરી શકશે. તથા ઈમેલ કે ફોન દ્વારા પણ માહિતી પ્રાપ્ત કરી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂમાં હાલના ધોરણના વિષયોને અનુલક્ષીને તેમજ સત્સંગલક્ષી પ્રશ્નોની પરીક્ષા લેવામાં આવશે. એડમિશન પૂછપરછ માટે આપેલ QR કોડ સ્કેન કરીને લિંક પ્રાપ્ત કરી શકશો.
વિશેષ માહિતી માટે સંપર્ક : ૭૦૬૯૦૬૨૧૫૧/૫૨ ઈમેલ: info.svmsurat@baps.edu.in
**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બી.એ.પી.એસ મંદિર કેમ્પસ, સરદાર બ્રિજ પાસે, અડાજણ, સુરત
**નોંધ: ધોરણ ૧૧, ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે.**

## અભિનંદન — બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી યુવાન-હરિભક્તોને અભિનંદન...

### નેશનલ માર્શલ આર્ટ્સની સ્પર્ધામાં ૧૪ મેડલ સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર સુરત, પ્રથમ ક્રમે...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સુરત ખાતે થોડાં વર્ષ પૂર્વે શરૂ થયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ કરીને શૈક્ષણિક કારકિર્દી કંડારી રહ્યા છે. તાજેતરમાં આ વિદ્યામંદિરે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.



તાજેતરમાં માર્શલ આર્ટ્સની National 6th Jeet Kune Do Martial Arts Federation Cup Competitionનું આયોજન દિલ્હીના લાલ કટોરા સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું ઉદ્ઘાટન ભારતના માહિતી પ્રસારણ અને રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે કર્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ભારતનાં ૧૪ રાજ્યોમાંથી કુલ ૧૦૫૬ સ્પર્ધકો આવી પહોંચ્યા હતા. ગુજરાત રાજ્યમાંથી પણ ૩૬૮ સ્પર્ધકો આ સ્પર્ધામાં સામેલ થયા હતા. તે પૈકી ગુજરાતના ૩૫ સ્પર્ધકોએ મેડલ પ્રાપ્ત કર્યા હતા. તેમાં બી.એ.પી.એસ. વિદ્યામંદિર સુરતના સ્પર્ધકોએ ૯ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૧ બ્રોન્ઝ પ્રાપ્ત કરીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. વિજેતા સ્પર્ધકો હવે તૂર્કી ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. દરેક સ્પર્ધકે ખૂબ પુરુષાર્થ કરીને આ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે, તે બદલ બી.એ.પી.એસ. પરિવાર વતી સૌને હાર્દિક અભિનંદન...

## શ્રી ઉત્સવ સંજયભાઈ અમીન, વિદ્યાનગર. (મેકાટ્રોનિક્સ વિદ્યાશાખામાં જીટીયુમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ...)



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી એન્ડ બી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, વલ્લભવિદ્યાનગરમાં ડિપ્લોમામાં અભ્યાસ કરતા શ્રી ઉત્સવ અમીન મેકાટ્રોનિક્સ એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં ૯.૭૦ CGPA અને ૧૦ SPI સાથે પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે. તે બદલ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીએ તેઓને ગોલ્ડ મેડલ અર્પણ કરીને નવાજ્યા છે. વિદ્યાનગર યુવકમંડળના આ સંનિષ્ઠ યુવકે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધાર્યું છે. હાર્દિક અભિનંદન...

## શ્રી ગુણવંતભાઈ એસ. પટેલ, ચીખલી. (રાજ્યકક્ષાની માસ્ટર્સ ઍથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ અને રજતચંદ્રક વિજેતા...)



ચીખલી સત્સંગમંડળના વરિષ્ઠ હરિભક્ત શ્રી ગુણવંતભાઈ પટેલે તાજેતરમાં દેવભૂમિ દ્વારકા ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની માસ્ટર્સ ઍથ્લેટિક્સ સ્પર્ધામાં ૬૫ વર્ષથી વધુ વયજૂથમાં ભાગ લીધો હતો. તેઓએ ૨ કિ.મી. Cross Country સ્પર્ધામાં ગોલ્ડ મેડલ તથા ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. ગુણવંતભાઈએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં સુવર્ણચંદ્રક અને રજતચંદ્રક પ્રાપ્ત કરીને બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધાર્યું છે. હાર્દિક અભિનંદન...

## અક્ષરવાસ — બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી નવીનચંદ્ર જયંતીભાઈ અબાસણા, ધ્રાંગધ્રા, ઉં.વ. ૫૯, અક્ષરવાસ તા. ૨-૧-૨૦૨૨



મૂળ મોજીદડના વતની અને વર્ષોથી નોકરી માટે ધ્રાંગધ્રામાં સ્થાયી થયેલા નવીનચંદ્ર જયંતીભાઈ અબાસણાને સત્સંગ વારસામાં મળ્યો હતો. તેઓએ ધ્રાંગધ્રામાં વર્ષો સુધી બાળ નિર્દેશક અને ત્યારબાદ સત્સંગ મંડળમાં પણ ઘણાં વર્ષો સુધી પ્રકાશન નિરીક્ષક તરીકે સેવાઓ આપી હતી. છેલ્લાં બે વર્ષથી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ધ્રાંગધ્રા મંદિરમાં પૂર્ણકાલીન સેવાઓ કરતા હતા. આવા, સેવાભાવી ભક્તરાજના અક્ષરવાસથી ધ્રાંગધ્રા સત્સંગમંડળને ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી ચંદુભાઈ કાનજીભાઈ ભેંજાળિયા, બોટાદ, ઉં.વ. ૬૭, અક્ષરવાસ તા. ૯-૧૧-૨૦૨૧



ધંધૂકા તાલુકાના આકરુ ગામના વતની અને વર્ષોથી બોટાદ સ્થાયી થયેલા શ્રી ચંદુભાઈ ભેંજાળિયાના અક્ષરવાસથી બોટાદ સત્સંગ મંડળને વિશેષ ખોટ પડી છે. સન ૨૦૦૦થી તેઓ બી.એ.પી.એસ. સત્સંગના યોગમાં આવ્યા. એક શિક્ષક તરીકેની કારકિર્દી હોવાથી ધર્મગ્રંથનો અભ્યાસ તેઓને વિશેષ હતો. તેથી તેમના સંપર્કમાં આવનાર પ્રત્યેકને તેઓ સત્સંગની દૃઢતા કરાવતા. ૧૦ વર્ષ સુધી બોટાદ ક્ષેત્રમાં અગ્રણી કાર્યકર તરીકે નોંધપાત્ર સેવાઓ કરીને, ૧૦ વર્ષ સુધી તેઓએ સારંગપુર ક્ષેત્રમાં સત્સંગપ્રવૃત્તિ નિર્દેશક તરીકે સેવાઓ કરી હતી. સતત સેવારત રહેનાર અને અન્યને સત્સંગના માર્ગે વાળનાર તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી પુરુષોત્તમભાઈ રણછોડભાઈ જેઠવા, નવસારી, ઉં.વ. ૮૯, અક્ષરવાસ તા. ૧-૧-૨૦૨૨



મૂળ ચોત્રા ગામના વતની અને નવસારી ખાતે સ્થાયી થયેલા સંનિષ્ઠ હરિભક્ત શ્રી પુરુષોત્તમભાઈ જેઠવાએ સત્સંગનાં પીયૂષ પારિવારિક વારસામાંથી જ પીધાં હતાં. નવસારી મંદિરમાં વર્ષો સુધી અનેકવિધ સેવાઓ કરીને સત્સંગવિકાસમાં યોગદાન આપ્યું હતું. આજીવન સત્સંગ, સેવા અને નિયમધર્મમાં દૃઢ રહીને સાથે સાથે કુટુંબમાં પણ સત્સંગનું સુપેરે સિંચન કરીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. નવસારીના એક અગ્રણી હરિભક્ત તરીકે સેવા આપનાર તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...


### ભક્તરાજ શ્રી માણેકચંદભાઈ(મનુભાઈ) વાઘજીભાઈ ઝવેરી, નવસારી, ઉં.વ. ૭૭, અક્ષરવાસ તા. ૬-૨-૨૦૨૨



પરમ ભગવદીય માણેકચંદભાઈ ઝવેરી નવસારી સત્સંગ મંડળના પાયાના નિષ્ઠાવાન અને સમર્પિત ભક્તરાજ હતા. સન ૧૯૮૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નવસારીમાં હરિમંદિરનું નિર્માણ કર્યું ત્યારે ગણતરીના નિષ્ઠાવાન હરિભક્તોમાંના તેઓ એક હતા. સ્વામીશ્રીના વચને તેઓએ મંદિર નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સત્સંગ વાંચન, રવિસભા, આહ્નિક વગેરે દ્વારા તેમણે પોતાનું જીવન સંપૂર્ણ સેવા અને સત્સંગમય બનાવ્યું હતું. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## અટલાદરામાં દિવ્ય સત્સંગલાભ આપતા સ્વામીશ્રી...

સતત ત્રણ મહિના સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અટલાદરા-વડોદરા ખાતે બિરાજીને સૌને સત્સંગનો અભૂતપૂર્વ લાભ આપ્યો. કોરોના મહામારીની ત્રીજી લહેરને કારણે સ્વામીશ્રી અટલાદરા ખાતે વિશેષ રોકાયા હતા. અહીંના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ અટલાદરાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે બિરાજીને સૌ પર સ્નેહલ વર્ષા વરસાવી. આબાલવૃદ્ધ સૌ કોઈ ગુરુહરિની આ સ્નેહલ વર્ષામાં ભીંજાઈને સત્સંગ અને અધ્યાત્મથી નવપલ્લવિત થઈ રહ્યાં. ગુરુહરિનું સાંનિધ્ય અને ભક્તિભર્યું વાતાવરણ સૌમાં ભક્તિની ભરતી ભરી દે છે.

વળી, ૮૯ વર્ષની જૈફ વય અને નાજુક સ્વાસ્થ્ય વચ્ચે પણ સ્વામીશ્રીનો આધ્યાત્મિક થનગનાટ સૌમાં અનેરી ઊર્જા પ્રેરે છે. સત્સંગના ગ્રંથોનું નિત્ય વાંચન-મનન, કથાવાર્તા, નિયમ-ધર્મની દૃઢતા, અક્ષરપુરુષોત્તમ મહારાજ પ્રત્યેની ભક્તિ પરાયણતા, વિલક્ષણતા વગેરે સ્વામીશ્રીના ગુણો સૌના અંતરમાં સત્સંગ-ભક્તિનો નૂતન પ્રકાશ પાથરે છે. સંતો સાથેની આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં પણ સ્વામીશ્રીની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ અને વિરલ વ્યક્તિત્વનું દર્શન અવશ્ય થાય છે.

તાજેતરમાં ગોંડલ અને અટલાદરા ખાતે બિરાજેલા સ્વામીશ્રીની નિત્ય વિચરણ-નોંધપોથીમાંથી તારવેલા કેટલાક પ્રેરક-પ્રસંગોનું અહીં આચમન કરીએ...

# પ્રસંગ-પરિમલ...

**ગોંડલ અને અટલાદરા ખાતેના પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નિવાસ દરમ્યાન નિત્ય વિચરણ-નોંધમાંથી કેટલાક પ્રેરક પ્રસંગોના દિવ્ય પરિમલને માણીએ...**

**તા. ૨-૧૧-૨૦૨૧, ગોંડલ**

ગોંડલ ગુરુકુળના વિદ્યાર્થીઓએ આપેલી NEET પરીક્ષાનું પરિણામ ખૂબ સારું આવ્યું હતું. ગુરુકુળના સંચાલક સંત નિર્ભયજીવનદાસ સ્વામીએ તેનું કારણ જણાવતાં કહ્યું: ''અહીં શિક્ષકો સારા છે. અંદરોઅંદર સંપ છે.'' અહેવાલના અંતે તેમણે ''ઉત્તરોત્તર સારું પરિણામ આવે'' તેવી પ્રાર્થના પણ કરી.

સ્વામીશ્રી પ્રસન્ન થયા, પ્રાર્થના સ્વીકારીને કહેઃ ''સંપથી કેવું કામ થયું છે! સંપથી સામાન્ય હોય તોય ઉપર આવી જાય. અને કુસંપ હોય તો મોટી મોટી કંપનીઓ હોય તોય ધૂળધાણી થઈ જાય. માટે સંપીને રહેવું. અને આપણને તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. એમણે એમના જીવનથી સંપ કેળવ્યો છે, એટલે આપણે પણ એમને પગલે પગલે ચાલવું.''

સૌએ ગુરુહરિનાં વચનો મસ્તકે ચઢાવ્યાં.

•

આજે દર્શન માટે આવેલા દર્શનાર્થીઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા: ''પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે 'સંપ રાખવા માટે ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું...' પણ અમે ખમીએ છીએ ત્યારે પરાણે પરાણે ખમીએ છીએ, રાજી થઈને ખમતા નથી. અને ઘસાઈએ છીએ તો કહેવા પૂરતું જ ઘસાઈએ છીએ. અને મનગમતું મૂકીએ છીએ એમાંય મનનું ગમતું જ કરીએ છીએ. અને અનુકૂળ થવાની વાત તો એક બાજુ રહી, પણ ઘણીવાર અમે બીજાને અનુકૂળ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારી વાસ્તવિક પરિસ્થિતિ અત્યારે આવી છે. તો સ્વામી, આપ જ જણાવો કે અમે યથાર્થ રીતે સંપ કેવી રીતે રાખીએ અને કેવી રીતે આ બધું યથાર્થ પાળી શકીએ?''

સ્વામીશ્રી કહેઃ ''મહિમા સમજાય તો આ (ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું) બધું આવી જાય. મહિમાની ખામી છે. મહિમા સમજાય તો દાસના દાસ થવાય અને આ બધું પાળવામાં રહેલી ખામીઓ નીકળી જ જાય, મનમાંથીય નીકળી જાય.''

સચોટ માર્ગદર્શન આપી સ્વામીશ્રી શયનમાં પધાર્યા.

•

**તા. ૩-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે શયનદર્શનમાં આવેલા સંતોમાં એક નિર્ગુણપુરુષદાસ સ્વામી પણ હતા. તેમણે કહ્યું: ''સ્વામી, ૧૯ જૂન, ૨૦૧૩ના રોજ પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં પૂજા કરતા હતા. હું સાધકમાં હતો, ફોટા પાડતો હતો. પૂજા પછી પ્રમુખસ્વામી મહારાજ મારી સામે જોઈને હસ્યા ને જમણા હાથનું લટકું કરીને બોલ્યાઃ 'કલ્યાણ થઈ ગયું!' તો હજુ આ (ડાબો હાથ) હાથ બાકી છે. આપ વચન આપો કે 'આ હાથ પકડીને અક્ષરધામમાં લઈ જશો.' ''

સ્વામીશ્રી કહેઃ ''પ્રમુખસ્વામી મહારાજે એક હાથ પકડ્યો એટલે બંને હાથ અને આખું શરીર આવી ગયું! તેઓ તો જરાક સ્પર્શ કરે તોય આખું શરીર આવી જાય!''

સ્વામીશ્રીની ગુરુભક્તિ, ગુરુ પ્રધાનતા સદા અવિચળ રહે છે.

•

**તા. ૪-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે શયનદર્શન માટે આવેલા સંતોના પરિચય બાદ સૌ સંતોને રાજીપાથી નિહાળતાં સ્વામીશ્રી કહેઃ ''બધા ખરેખરા યોદ્ધાઓ છે.''

બ્રહ્મમનનદાસ સ્વામી કહેઃ ''આપના બળે બધાએ માયા સામે જંગ છેડ્યો છે. વિજય થાય એવા આશીર્વાદ આપજો.''

સ્વામીશ્રી સ્મિત કરતાં કહેઃ ''માયા બહુ આકરી છે. પણ ભગવાનનો સંબંધ છે ને! એટલે જીત જ છે. struggling થોડું કરવું પડે, પણ જીત છે.''

પછી સ્વામીશ્રી કહેઃ ''સત્સંગમય રહેવું. નહીં તો માયા પછાડી દે.''

''અને સત્સંગ એટલે સત્પુરુષ!... એટલે આપનામય રહેવું. બરાબરને!'' સ્વામીશ્રીએ સંમતિ આપી.

સંતોના મુખે નીકળેલો આ સર્વમાન્ય નિષ્કર્ષ હતો. સ્વામીશ્રીએ તેના પર મહોર મારી.

•

**તા. ૫-૧૧-૨૦૨૧, ગોંડલ**

નૂતન વર્ષે અન્નકૂટ પર્વે અક્ષરદેરી વિવિધ અન્ન અને પાકોના થાળથી શોભતી હતી. સ્વામીશ્રી બહારના પ્રદક્ષિણાપથમાં વિરાજ્યા. સંતો સાથે થાળ ગાવાનો લાભ લીધો. હવે આરતીનો સમય હતો. સેવકે સ્વામીશ્રીને બેઠાં બેઠાં જ આરતી કરવા વિનંતી કરી. પરંતુ સ્વામીશ્રીએ આસન પરથી ઊભા થઈને અન્નકૂટ મધ્યે શોભતી અક્ષરદેરીની આરતી ઉતારી.

ત્યારબાદ સ્વામીશ્રી સંતો-ભક્તોને ખૂબ પ્રેમથી મળતા હતા. મોટી સંખ્યામાં દર્શનાર્થે પધારેલા હરિભક્તોમાં સ્વામીશ્રીએ અમદાવાદના પ્રજ્ઞાચક્ષુ હરિભક્ત કિશોરભાઈ ગઢિયાને જોઈ લીધા. પછી તેમને યાદ કર્યા એટલે થોડી જ ક્ષણોમાં તેઓ આવ્યા. સ્વામીશ્રીએ તેમને નજીક બોલાવડાવ્યા અને તેમને આશીર્વાદ આપ્યા. કિશોરભાઈ તો અહોભાવમાં આવી ગયા કે 'આટલા બધા ભક્તોમાં સ્વામીશ્રીએ મને યાદ કર્યો!' આ ખરેખર આશ્ચર્યની વાત હતી. જો કે, સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન ન થતાં હોવા છતાં, સ્પર્શની કોઈ શક્યતા ન હોવા છતાં, છેક અમદાવાદથી તેઓ દર્શન કરવા અહીં સુધી આવ્યા હતા! આવી શ્રદ્ધા જોઈને ગુરુહરિ રીઝે એમાં કોઈ બે મત જ નથી.

•

**તા. ૭-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે વેદાનંદદાસ સ્વામીએ પૂર્વેનો પ્રસંગ યાદ કરતાં પૂછ્યું: ''સ્વામી! આપે કહ્યું હતું કે 'ભગવાન અને સંતનો આનંદ લેવો.' તો એ ભગવાન અને સંતનો અખંડ આનંદ આવે એના માટે શું કરવું?''

સ્વામીશ્રી કહે: ''બસ, એમની આજ્ઞા, એમના નિયમ પાળવા.''

સ્વામીશ્રીએ સર્વોચ્ચ ભગવદાનંદ મેળવવાનો સરળ અને સુગમ ઉપાય દર્શાવી દીધો.

•

**તા. ૮-૧૧-૨૦૨૧, ગોંડલ**

સેવામાં ઉપસ્થિત સંતો-સાધકોએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો: ''અમે એવું શું કરીએ જેથી ગુણાતીત સત્પુરુષ સાથ-સંગાથ અમારાથી ક્યારેય છૂટે નહીં?''

સ્વામીશ્રી કહે: ''શ્રીજીમહારાજની આપેલી આજ્ઞાઓ પાળવી, તો લાખ ગાઉ છેટે હોય તોય પાસે જ છે. અને આજ્ઞા ન પાળે તો ખોળામાં માથું મૂકીને બેઠો હોય તોય લાખ ગાઉ છેટે છે.''

શ્રીજીમહારાજ અને ગુરુવર્યોની આજ્ઞામાં હંમેશાં સારધાર વર્તતા સ્વામીશ્રી સૌને આજ્ઞાપાલનનો મહિમા દૃઢાવે છે.

•

સ્વામીશ્રીએ આજે આશીર્વાદમાં દિવ્યભાવ રાખવાની વાત કરી હતી તે સંદર્ભમાં બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, ''દિવ્યભાવ નથી રહેતો તેનું કારણ?... દેહભાવ! કે બીજું કાંઈ?''

સ્વામીશ્રી કહે: ''હા... અનાદિકાળથી દેહભાવ. બહુ અભ્યાસ કરે તો તે ટળે... (દેહભાવ) જીવ દેહ સાથે એવો જડાઈ ગયો છે કે ન પૂછો વાત, એ ઘાંટી છે.''

''તે અભ્યાસ શાનો કરવાનો?''

સ્વામીશ્રી કહે: ''હું આત્મા છું, અક્ષર છું - એનો.''

ગુરુમનનદાસ સ્વામીએ પૂછ્યું, ''એટલે મનમાં બોલ બોલ જ કરવાનું કે 'હું આત્મા છું, અક્ષર છું' કે પછી એનું મનન કરવાનું?''

સ્વામીશ્રી કહે: ''મનન... જેમ દેહ સાથે પોતાપણું મનાઈ ગયું છે એમ 'હું અક્ષર છું' એવું મનાઈ જવું જોઈએ. તમને ગમે ત્યારે કહેવામાં આવે - પૂછવામાં આવે તો જવાબ 'અક્ષર' આવવો જોઈએ. અંદરથી, ઉપરથી નહીં. જેમ ભગતજી મહારાજને થયું હતું ને!...''

''ગુણાતીત ઊઠો!'' સંતોએ સ્વામીશ્રીના મનની વાત પામી જતાં કહ્યું. સંમતિ પુરાવી સ્વામીશ્રીએ સૌના મનનું સમાધાન કરી દીધું.

•

**તા. ૧૪-૧૧-૨૦૨૧, ગોંડલ**

સ્વામીશ્રી શય્યા પર પોઢવા પધાર્યા. સામાન્ય રીતે તેઓ અહીં સંતોને એક જ દિવસમાં ઓછામાં ઓછી ૨૦ થી ૨૨ વાર, આંખોમાં આંખો મિલાવીને મળતા હતા. છતાં સ્વામીશ્રીને હજુ સંતોનાં દર્શનમાં સંતોષ થતો નહોતો; તો શય્યા પર પોઢ્યા હોય ત્યારે, સંતોનો પરિચય શરૂ થાય તે પહેલાં અને લાઈટો બંધ થાય તે પહેલાં પણ હાથ ઊંચા કરીને બધા સંતોને નમ્રતાપૂર્વક ''જય સ્વામિનારાયણ!'' કહેતા હતા. આજે વળી તેમાંય વિશેષ કર્યું... હાથ ઊંચા કરીને જોડ્યા અને પછી ગોળ ગોળ ત્રણથી ચાર વખત ફેરવતાં બોલ્યા: ''પ્રદક્ષિણા!'' અર્થાત્ પોઢ્યાં પોઢ્યાં તેઓએ સંતોની પ્રદક્ષિણા કરી!! ને પછી તો તેઓએ આ પ્રદક્ષિણાને રોજનો ક્રમ જ બનાવી દીધો!

સ્વામીશ્રીની નમ્રતા, અંતરમાં ઊભરાતો મહિમા આપણી માનવીય કલ્પનાના કિનારાઓની પેલે પાર છે.

•

**તા. ૧૬-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે સ્વામીશ્રી 'પ્રમુખસ્વામી



મહારાજ શતાબ્દી મહોત્સવ' નિમિત્તેના એક કાર્યક્રમ માટે વીડિયો રેકોર્ડિંગ કરવાનું હતું. રેકોર્ડિંગ સરસ થયું, પણ સેવકે પૂછ્યું: ''એક વાર ફરી બોલાશે બાપા?''

''પાંચ વખત બોલાશે!'' ગુરુભક્ત ગુરુહરિ બોલી ઊઠ્યા. એમ કે પ્રમુખસ્વામી મહારાજ માટે અનેક વખત આવું કરવાનું થાય તોય ઓછું છે. ફરી એક વાર આખુંય રેકોર્ડિંગ કરી આપ્યું.

•

**તા. ૧૯-૧૧-૨૦૨૧, ગોંડલ**

વાર્તાલાપ દરમ્યાન સંતોએ કહ્યું: ''આરતીમાં અંતિમ કડી છે : 'યજ્ઞપુરુષ પ્રવર્તિત...' તો શાસ્ત્રીજી મહારાજનો ક્યો ગુણ આપને સૌથી વધુ સ્પર્શે છે?''

સ્વામીશ્રી કહે: ''શૂરવીરતાનો. કારણ કે એ વખતના સંજોગોમાં અક્ષરપુરુષોત્તમ નિષ્ઠાનું પ્રવર્તન કોઈ કરી ના શકે, એ શાસ્ત્રીજી મહારાજે કર્યું હતું.''

•

**તા. ૨૧-૧૧-૨૦૨૧, ગોંડલ**

અહીંના રોજના ક્રમ પ્રમાણે સ્વામીશ્રી પોતાના ઉતારાના ખંડના કાચની સમીપે પધારીને સમીપદર્શન આપી રહ્યા હતા. ઉપસ્થિત છેલ્લામાં છેલ્લા હરિભક્તને દૃષ્ટિ દ્વારા મળ્યા. ત્યાર પછી પડદા ધીમે ધીમે બંધ થવા લાગ્યા ને બંધ થયા! પણ ત્યાં સ્વામીશ્રીએ ઉતાવળે ફરી પડદા ખોલવાનું કહ્યું. કૉરેન્ટાઇનના નિયમના કારણે બહાર તો જવાય એવું નહોતું, તો સેવક-સંતોએ કાચ સહેજ ખટખટાવીને બહારના કાર્યકરોને સંદેશ પહોંચાડ્યો. પડદા થોડા ખૂલ્યા. ઉપસ્થિત હરિભક્તોના આનંદનો પાર ન રહ્યો, કારણ કે આ વિશેષ લાભ હતો! વળી, સ્વામીશ્રીએ સામેથી આપેલો લાભ હતો... ઉમંગથી ઊછળી રહેલા તે ભક્તોમાં સ્વામીશ્રીએ એક યુવક તરફ આંગળી ચીંધી. સેવકોને ખ્યાલ આવી ગયો ને પૂછ્યું: ''આના માટે આપે પડદા ખોલાવ્યા?''

સ્વામીશ્રીએ સાનંદ મસ્તક હલાવતાં ''હા'' કહી.

આ સેવાભાવી યુવક નાનો હતો ત્યારથી સ્વામીશ્રી સાથે સેવામાં જોડાતો રહ્યો છે. સ્વામીશ્રી તેને જોઈ ગયા ને ફરી, એના એકના માટે જ પડદા ખોલાવ્યા! તેના ઉમંગની આજે સીમા ન રહી!

•

**તા. ૨૫-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે પ્રાતઃ પૂજા દરમ્યાન સ્વામીશ્રીને ઉધરસનો ઉપદ્રવ ચાલુ થયો. છતાં કથા કરવાની રુચિ દર્શાવી, ને યોગીવાણી પર આશીર્વાદનું અમૃત

વરસાવ્યું. આ કથા-નિરૂપણને ૧૨ મિનિટ ઉપર સમય થઈ ગયો હતો. અવાજ પણ વારે વારે દબાઈ જતો હતો, વારે વારે ખોંખારા ખાવા પડતા હતા. તેઓની આ તકલીફને કારણે એક સેવકે વિનંતી કરતાં કહ્યું: ''બસ, આટલું રાખો બાપા.''

''સહજાનંદ સ્વામી મહારાજની જય!'' બીજા સેવકે જય બોલાવી.

''કેમ?'' સ્વામીશ્રીએ પૂછ્યું.

પહેલા સેવક કહે: ''આપને ગળામાં તકલીફ છે ને, એટલે!

''તકલીફ કાંઈ નથી...!'' એમ કહી સ્વામીશ્રીએ યુવાનીની ખુમારીથી કથા આગળ વધારી. ને બીજી પાંચ મિનિટ કથાવાર્તા કરી!

સ્વામીશ્રીએ સૌને વાતો અને વર્તનથી કથાવાર્તાનો મહિમા સમજાવી દીધો.

•

**તા. ૨૬-૧૧-૨૦૨૧, ગોંડલ**

આજે યુવા તાલીમ કેન્દ્રની વર્તમાન બેચનો પદવીદાન સમારોહ હતો. સંતો-સાધકો સાથે યુવા તાલીમ કેન્દ્રના સેવકોને ભોજનદર્શનનો લાભ મળ્યો. આજે કથાના સ્થાને યુવકોને પ્રશ્નોત્તરી રૂપે વિશેષ લાભ મળ્યો. યુવકો પ્રશ્ન પૂછતા ગયા અને સ્વામીશ્રી સુંદર માર્ગદર્શન આપતા ગયા:

**પ્રશ્ન:** ''અમે સારંગપુરમાં તાલીમ પૂર્ણ કરીને ઘરે જઈશું ત્યારે સત્સંગ-સેવા અને વ્યવહાર વચ્ચે અમારી પરિસ્થિતિ સૂડી વચ્ચેની સોપારી જેવી થશે, તો તેમાં શું કરવું?''

**સ્વામીશ્રી કહે:** ''સમયને અનુકૂળ થઈ જવું. પ્રથમ તો આપણા ઘરના વડીલો જે કહે એ પહેલાં માની લેવું, પછી ઘટે તેમ કરવું.''


**પ્રશ્ન:** ''અમે ઘરે જઈએ ત્યારે સત્સંગ પ્રવૃત્તિ અંગે ઘણું બધું કરવાની અમારી અપેક્ષાઓ હોય છે. અમે એને પૂરી કરી ન શકીએ તો એ સમયે કેવો વિચાર રાખવો જોઈએ?''

**સ્વામીશ્રી કહે:** ''પડી નહીં રહેવાનું, ઊભા થઈને ચાલવાનું. ભલે દસ વખત, વીસ વખત પડો. પડી રહે તે બરબાદ થઈ જાય. પડવા આખડવાનું થશે પણ પછી સ્થિરતા આવી જશે.''

**પ્રશ્ન:** ''યોગીબાપાએ આપને વ્યક્તિગત તાલીમ આપી હતી, તો તે વખતની કેટલીક સ્મૃતિઓ-પ્રસંગો વર્ણવશો?''

''કસોટી તો થાય'' કહી સ્વામીશ્રીએ દીક્ષા આપ્યા પછી યોગીબાપાએ તેઓની આકરી કસોટી કરી હતી તે પ્રસંગ વર્ણવ્યો. પછી કહે: ''ખરેખર જોવા જઈએ તો સેકન્ડે સેકન્ડ બધાની કસોટી થઈ રહી છે. એમાં સરખા રહે, સીધા ચાલે, ધર્મ-નિયમ પાળે, ધર્મ-નિયમ અને સેવા-ભક્તિમાં મોળા ન પડે એ નંબર મારી જાય.''

પ્રશ્નોત્તરી પૂર્ણ થઈ. આભાર



માનવાની સાથે યુવા તાલીમ કેન્દ્રના સંચાલક જ્ઞાનવિજયદાસ સ્વામીએ પ્રાર્થના કરી, ''બધા અક્ષરપુરુષોત્તમ મહારાજની સારામાં સારી સેવા કરી શકે એવા આશીર્વાદ આપજો.''

તરત સ્વામીશ્રીના મુખે શબ્દો સરી પડ્યા: ''નિષ્ઠા!'' અર્થાત્ નિષ્ઠા દૃઢ હશે તો સારામાં સારી સેવા કરી શકાશે.

•

**તા. ૩-૧૨-૨૦૨૧, અટલાદરા**

આજે પ્રાતઃપૂજા બાદ યોગીવાણી પર કથામૃતનો લાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''તિલક-ચાંદલો કરવો, એ આપણી છાપ છે. ધર્મનિયમ બરાબર પાળવા. ધર્મનિયમ પાળવાથી શ્રીજીમહારાજ, સર્વોપરી ભગવાન રાજી થાય, પછી જીવનમાં શું બાકી રહે? ઈર્ષ્યા, રાગ, દ્વેષ ન રાખવાં, કોઈના દોષ જોવા નહીં. એ બધું જીવમાં ગરી જવું જોઈએ, ખાલી મનમાં નહીં. માટે કોઈના દોષ જોવાનું ન કરવું. ભલે સાચી વાત હોય પણ એ વાત બીજાને કરીએ એ ખટપટ કહેવાય. માટે અવળી વાતો બંધ કરીને મહિમાની જ વાતો કરવી. ઊતરતા શબ્દથી આત્માની તબિયત બગડે છે. આત્માનો ખોરાક જ્ઞાનનો છે. જ્ઞાન આવે તો જ આત્માને શાંતિ થાય. માટે જ્ઞાન શીખીને આત્માની તબિયત બગડવા ન દેવી, એ બ્રહ્મની સ્થિતિ છે.''

•

**તા. ૫-૧૨-૨૦૨૧, અટલાદરા**

શરદી અને કફને લીધે સ્વામીશ્રીને બે-ત્રણ દિવસથી ઉધરસ ચાલુ થઈ હતી.

ઉધરસ વચ્ચે સ્વામીશ્રીએ સંતો -સાધકોને બોલાવ્યા. સ્વામીશ્રી કહે:

''શાંતિ થાય.''

સૌ વતી યજ્ઞેશભાઈ સાધકે પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી! આપ વારે વારે કહો છો કે 'આ સત્સંગ સાચો છે, સત્પુરુષ સાચા છે અને આ સામે જે બધા દિવ્યમુક્તો બેઠા છે, એ સાચા છે.''

સ્વામીશ્રી કહેઃ ''બધા અક્ષર-પુરુષોત્તમના યોદ્ધાઓ, ખરેખર યોદ્ધાઓ! સાચા અર્થમાં.''

અખંડદર્શનદાસ સ્વામીએ સૌ વતી પ્રાર્થના કરીઃ ''આપ અમને બધાને કાયમ બળ આપજો, માયા સામે યુદ્ધમાં હારી ના જઈએ.''

''ના, ના, મહારાજ-સ્વામી સાથે છે, ક્યાંથી હારે?'' સ્વામીશ્રીએ તરત ધડાકાબંધ અવાજે કહ્યું.

સૌના અંતરમાં ખરેખરું બળ પુરાઈ ગયું.

●

**તા. ૭-૧૨-૨૦૨૧, અટલાદરા**

આજે તારીખ મુજબ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા જન્મોત્સવે દેશ-વિદેશથી આવેલા હરિભક્તોને સ્વામીશ્રીએ ખૂબ ખૂબ દર્શન-આશિષ આપ્યાં, તેના સંદર્ભમાં બ્રહ્મવત્સલદાસ સ્વામીએ પૂછ્યું : ''સ્વામી! બધાને આપનો લાભ લેવાની ઇચ્છા હોય, બાળકથી માંડીને સંતો સુધી! ને આપને બધાને સુખ-સંતોષ આપવાનાં, બધા સાથે નજર મિલાવવાની... તો એમાં થાકી ના જવાય?''

''ના, ના, પ્રેમ...'' મધુરા સ્મિત સાથે સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

આજે દીક્ષા મહોત્સવમાં સૌને અનહદ લાભ આપી સ્વામીશ્રીએ ચાણસદથી અટલાદરા જવા વિદાય લીધી. મુસાફરી, સમયમાં વિલંબ અને થાક ત્રણેય ભેગાં થયાં હતાં, તેથી સમય બચાવવાના હેતુથી સેવકે ચેષ્ટાગાનની ઑડિયો શરૂ કરી દીધી. પણ માર્ગમાં સંતો-હરિભક્તો આવતા જતા હતા, થોડી ઘણી વાતચીત પણ કરવી પડતી હતી, ચેષ્ટાગાનમાં પૂરું ધ્યાન અપાય તેમ નહોતું. તેથી સ્વામીશ્રીને આ ન રુચ્યું, ને સેવકને કહ્યું : ''ફરી વાર ચેષ્ટા બોલવી. આવી રીતે ના ચાલે.''

આજ્ઞાનું પાલન કરતાં સેવકે ચેષ્ટા બંધ કરી. પણ, સ્વામીશ્રીને ઘણું મોડું થાય તેમ હતું, તેથી ''જેટલી બોલાઈ એટલી!'' કહી ગાડી રોડ ઉપર ચડ્યા બાદ તેમણે ચેષ્ટા ચાલુ કરી દીધી... સ્વામીશ્રી ચેષ્ટાગાનમાં જોડાઈ ગયા. પણ અટલાદરા મંદિર બહુ દૂર નહોતું, તેથી ચેષ્ટા અધૂરી રહેવાની જ હતી, તેના ઉપાય તરીકે સેવકે ચેષ્ટાની ગતિ થોડી વધારી... ચેષ્ટા અડધી થઈ ત્યાં ઉતારો આવી ગયો. ગાડીમાંથી ઊતરતાં, લિફ્ટમાં જતાં અને નિવાસમાં પ્રવેશતાં પણ આ રીતે ચેષ્ટાગાન ચાલુ રહ્યું. સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. ત્યાં સેવકને કહે : ''આ ચેષ્ટાગાન માન્ય નથી.''

આ દરમ્યાન કોઠારી ભક્તિપ્રિય સ્વામી અને તેમના સેવક સંતે સ્વામીશ્રી પધારે ત્યાં સુધીમાં તેમનું ચેષ્ટાગાન ચાલુ કરી દીધું હતું. સ્વામીશ્રી પધાર્યા ત્યારે અંતિમ પદો જ ચાલતાં હતાં; સ્વામીશ્રી પામી ગયા ને કોઠારી ભક્તિપ્રિય સ્વામી તરફ મુખ ફેરવતાં પૂછ્યું : ''ચેષ્ટા બોલી લીધી?!''

''હા, બોલી લીધી.'' સ્વામીશ્રીના મનનો વિચાર જાણી જતાં સેવકે કહ્યું.

સ્વામીશ્રી થોડા ભાર સાથે કહેઃ ''આપણે બોલવાની... ના ચાલે શોર્ટકટ!''

બીજા બધા સેવકો આશ્ચર્યમાં પડ્યા, પૂછ્યું : ''ફરી ચેષ્ટા બોલશે?... ખરેખર?''

''હા, ખરેખર!'' સેવકે કહ્યું.

સ્વામીશ્રી વળી કહેઃ ''ગડબડ-સડબડવાળું ના ચાલે... પ્યોર જોઈએ.''

હવે દલીલને કોઈ સ્થાન નહોતું; કારણ કે એવું કાંઈક કહેવા જાય કે સ્વામીશ્રીને મનાવવા જાય તો એટલો સમય વધુ જાય તેમ હતો. સ્વામીશ્રી એટલા દૃઢ દેખાઈ રહ્યા હતા. તેથી કાંઈ પણ બોલ્યા વગર સેવકે 'પ્રથમ શ્રીહરિને રે...' થી ચેષ્ટા ચાલુ કરી જ દીધી.

સ્વામીશ્રી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી તથા સૌ સેવકો, પહેલેથી છેલ્લે સુધી આખી ચેષ્ટા બીજીવાર બોલ્યા!!

નિયમ સચવાયાનો પૂર્ણ સંતોષ સ્વામીશ્રીના મુખારવિંદ પર ઝળકી રહ્યો...

●

**તા. ૧૩-૧૨-૨૦૨૧, અટલાદરા**

આજે સવારે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે વડોદરા જિલ્લાના પોલીસ અધીક્ષક (DSP) શ્રી સુધીરભાઈ દેસાઈ આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી અભિભૂત થતાં તેમણે તેમનો અનુભવ સંદેશ સંતો પર મોકલ્યો હતો કે ''મહંતસ્વામીજીનાં દર્શનનો અમૂલ્ય અવસર આજે મળ્યો. સ્વામીજીની આંખોમાં સમસ્ત જન માટે અપાર સ્નેહ અને વાત્સલ્ય અનુભવાયું... સ્વામીજીના આશીર્વાદ બન્યા રહે એ જ પ્રાર્થના. જય સ્વામિનારાયણ.''

સ્વામીશ્રીના સંબંધમાં આવનાર સૌ કોઈને આ અનુભવ અવશ્ય થાય છે.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ-પત્રો પરથી સંકલિત) ◆

(અનુસંધાન પૃ. ૭ પરથી) સ્વામિનારાયણ પ્રત્યે ખૂબ આદરભાવથી સંકળાયેલા હતા. કર્નલ વોકર સાથે તેમની વારંવાર મુલાકાત પણ થઈ હતી. કર્નલ વોકરને[૧૧] ભગવાન સ્વામિનારાયણે બે વાર પત્ર લખીને દૂધપીતી અંગે અને સતીપ્રથા અંગે કડક કાયદો કરવા અંગે ભારપૂર્વક જણાવ્યું હતું.

એક પત્ર શ્રીહરિએ માણાવદરથી કર્નલ વોકરને લખ્યો હતો અને બીજો પત્ર પંચાળાથી લખ્યો હતો. પંચાળાના ઠાકોર સાહેબ ઝીણાભાઈના દરબારમાં બિરાજતા ભગવાન સ્વામિનારાયણે શુકાનંદ સ્વામી દ્વારા એ પત્ર લખાવીને પોતાની સહી કરી હતી. દૂધપીતીનો રિવાજ બંધ કરવા અંગેનો તેમજ અન્ય વિગતો સાથેનો એ પત્ર શ્રીહરિએ નવલસંગ નામના હરિભક્ત દ્વારા પોરબંદર મુકામે કર્નલ વોકરને મોકલ્યો હતો. પત્રમાં શ્રીહરિએ આદેશાત્મક રીતે જણાવ્યું હતું કે 'તમે પરબારા રાજકોટ જજો ને ત્યાં તમારો મુકામ કરજો, અને આ દેશના ગરાસિયા દીકરીઓને દૂધ પીતી કરે છે તે બંધ કરાવજો.' કર્નલ વોકરે પત્ર લઈને પોરબંદર પહોંચનાર નવલસંગને ભગવાન સ્વામિનારાયણના પ્રતિનિધિ જાણીને ખૂબ આદર આપ્યો. નવલસંગે શ્રીહરિનો પત્ર કર્નલ વોકરના હાથમાં આપ્યો ત્યારે તેમણે એ પત્ર સાત વખત મસ્તકે ચઢાવ્યો અને કહ્યું કે 'આ વખતે સ્વામિનારાયણે અમને બહુ સારી સલાહ આપી છે.' એમ કહેતાં કર્નલે શ્રીહરિના પત્રનો ઉત્તર આપીને નવલસંગ સાથે શ્રીહરિની ઇચ્છા મુજબ પંચાળા મુકામે પોતાના સિપાહીઓ પણ મોકલ્યા હતા.[૧૨]

માત્ર પત્ર જ નહીં, દૂધપીતીનો રિવાજ બંધ કરાવવા અંગેનો ભગવાન સ્વામિનારાયણનો એ આદેશ કર્નલ વોકરે જાણે સર-માથા પર ચઢાવ્યો હોય તેમ, તે અંગે સઘન કાર્યવાહી કરવા માંડી હતી. તે પ્રવૃત્તિના એક ભાગરૂપે કર્નલે, મુંબઈ રાજ્યના તત્કાલીન ગવર્નર શ્રી જોનાથન ડંકનને ૩૮ પાનાં ભરીને ૨૯૮ મુદ્દાઓનો વિગતવાર અહેવાલપત્ર લખ્યો હતો. ૧૫ માર્ચ, ૧૮૦૮ના રોજ કર્નલે લખેલા આ પત્રમાં ભગવાન સ્વામિનારાયણના શિષ્ય ગોંડલના જાડેજા રાજા દેવાજી મહારાજનો પણ ઉલ્લેખ છે.

પ્રસિદ્ધ ભગવદ્‌ગોમંડલના રચયિતા મહારાજા ભગવત્‌સિંહજીના દાદા એટલે મહારાજા દેવાજી. ભગવાન સ્વામિનારાયણે દેવાજીને કહ્યું હતું કે તમારા રાજ્યમાં ગરાસિયાઓ દૂધપીતી કરીને દીકરીઓને ન મારે એવો તમે કાયદો કરો તો અમે તમને સમાધિ કરાવીશું.[૧૩]

આ પૂર્વે દેવાજીના નાનાભાઈ હઠીસિંહજીને પણ ભગવાન સ્વામિનારાયણે કહ્યું હતુંઃ 'તમારા રાજ્યમાં ક્ષત્રિયો બાળકીની હત્યા કરે તે અયોગ્ય કર્મ કહેવાય. તેનું પાપ રાજાને પણ લાગે. બાળક તો શરણાગત કહેવાય, તેનું તથા ગરીબોનું રક્ષણ કરવું એ રાજાનો ધર્મ છે. એ ધર્મ ચૂકી તમે તમારા રાજ્યમાં થતો અધર્મ સાંખી લેશો તો ભગવાન તમને માફ નહીં કરે. અમે બંધિયામાં પણ આ વાત કરી હતી. જ્યાં જઈએ છીએ ત્યાં આ વાત કરીએ છીએ. અનાથ બાળકીની હત્યા કરવાથી બાળહત્યા અને સ્ત્રીહત્યાનાં બે પાપ લાગે છે. માટે અમારી આજ્ઞા છે કે આ હત્યા થતી તમે અટકાવો. જો એ નહીં અટકે તો એક સત્તા એવી આવી રહી છે કે જે કાયદો કરીને પણ આ પ્રકારની હિંસા અટકાવશે.'

બાપુ હઠીસિંહને મહારાજની વાત ગળે ઊતરી ગઈ. તેમણે કહ્યુંઃ 'જરૂર મહારાજ! હું દેવાજી બાપુને કહી આ હિંસા અટકાવીશ.'[૧૪]

અને ભગવાન સ્વામિનારાયણના એ આદેશને સ્વીકારીને મહારાજા દેવાજી, કર્નલ વોકરને લખેલા પત્રમાં પોતાના રાજ્યમાં દૂધપીતીનો રિવાજ બંધ કરવાનું વચન આપે છે. ગોંડલના મહારાજાના બ્રાહ્મણ વકીલ વસનજી ઈશ્વરજી દ્વારા કર્નલ વોકરને પ્રાપ્ત થયેલ એ પત્રમાં બ્રહ્મવૈવર્તક પુરાણનું અવતરણ ટાંકતાં લખવામાં આવ્યું છેઃ[૧૫]

"...it is as great an offence to kill an embryo as a Brahmin; that to kill one woman is as great a sin as killing a hundred Brahmins; that to put one child to death is as great a transgression against the divine laws as to kill a hundred women; and that the perpetrator of this sin shall be damned to the hell Kule Sooheeta, where he shall be infested with as many maggots as he may have hairs on his body, be born again a leper, and debilitated in all his

૧૧. કર્નલ ઍલેક્ઝાન્ડર વોકરનો સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલીન ગ્રંથોમાં બાકર અથવા બાકર સાહેબ તરીકે ઉલ્લેખ છે.

૧૨. સદ્‌ગુરુ સ્વામી, રૂગનાથચરણદાસ, શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ, ભાગ-૧, અમદાવાદ, ૧૯૮૬. પૃ. ૩૩૬-૩૩૮, વાત-૧૮૧.

૧૩. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાત-૪૨.

૧૪. દવે, હર્ષદરાય ત્રિ., શ્રી સહજાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભાગ-૩, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૪૮૨-૪૮૩.

૧૫. Walker, Alexander: Measures adopted for the suppression of female infanticide in the Province of Kattywar, Printed for Govt. at Bombay Education Society's Press, Bombay, 1856, pg 355.

members..."

અર્થાત્ એક ગર્ભસ્થ શિશુની હત્યા કરવી તે એક બ્રાહ્મણની હત્યા કરવા બરાબર પાપ છે, એક સ્ત્રીની હત્યા કરવી તે ૧૦૦ પવિત્ર બ્રાહ્મણની હત્યા કર્યા બરાબર પાપ છે. અને એક નવજાત બાળકની હત્યા કરવી તે ૧૦૦ સ્ત્રીની હત્યા કર્યા બરાબર પાપ છે. અર્થાત્ દૂધપીતી રિવાજમાં બાળ-સ્ત્રી બંનેની હત્યા થાય છે. આથી તેમાં કેટલું બધું પાપ લાગે છે! એવું પાપ કરનાર સમગ્ર કુળ સહિત નર્કમાં જાય છે અને નર્કની અનેક યાતનાઓ ભોગવે છે.

આમ લખીને પોતાના પાટવી કુંવર નથુજી સાથે દેવાજી મહારાજ કર્નલ વોકરને પત્રમાં લખે છે કે હવેથી અમે અમારા રાજ્યમાં બાળકીને મારી નાખવાની ક્રૂર પ્રથા પર પ્રતિબંધ ફરમાવીએ છીએ. આ પ્રતિબંધનું જે ઉલ્લંઘન કરશે તેને અમે અમારી જાડેજા ક્ષત્રિય નાતમાંથી બહાર કાઢીશું. કર્નલ વૉકરે ભાષાંતરિત કરેલા એ પત્રના શબ્દો વાંચો : "We, Jhareja Dewajee and Kooer Nuthoo, Zumindars of Gondul (the custom of Female Infanticide having long prevailed in our caste), do hereby agree, for ourselves and for our offspring, as also we bind ourselves in perity, and for the credit of the Hindoo faith, that we shall from this day renounce this practice; and, in default of this, that we acknowledge ourselves offenders against the Sirkars. Moreover, should any one in future commit that offence, we shall expel him from our caste, and he shall be punished according to the pleasure of the two Governments, and the rule of the Shasters."

દેવાજી બાપુના આ પત્રમાં લખાયેલા બ્રહ્મવૈવર્ત પુરાણના અવતરણ અને દૂધપીતીની કુપ્રથા પર પ્રતિબંધ લાદવાની હિંમત પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણનું બળ સહેજે અનુભવાય છે.

એટલું જ નહીં, ઉપરોક્ત પત્રને ટાંકવા ઉપરાંત, કર્નલ વોકર, ગવર્નર શ્રી જોનાથન ડંકનને લખેલા વિસ્તૃત પત્રમાં હિન્દુ ધર્મના ધર્મસૂત્રમાંથી એક સુંદર અવતરણ ટાંકે છે:[૧૬]

"Shut gao vudhet veepra; (शतगावो वधेत् विप्रा:)
Shut veepra vudhet streeya; (शतविप्रा: वधेत् स्त्रिया)
Shut streeya vudhet bala; (शतस्त्रिया वधेत् बाला:)
Shut bala vudhet mroosha.(शतबाला वधेत् मृषा)
To kill one Brahmin is equal to one hundred cows; To kill one woman is equal to one hundred Brahmins; To kill one child is equal to one hundred women; To kill one hundred children is an offence.' too heinous for comparison."

અર્થાત્ એક બ્રાહ્મણને મારવો તે ૧૦૦ ગાયોની હત્યા બરાબર પાપ છે, એક સ્ત્રીની હત્યા કરવી તે ૧૦૦ બ્રાહ્મણની હત્યા બરાબર પાપ છે, અને એક બાળકીને મારવી તે ૧૦૦ સ્ત્રીઓની હત્યા બરાબર પાપ છે. અને ૧૦૦ બાળકીને મારવી તે એટલું મોટું પાપ છે કે જેની કોઈની સાથે તુલના ન થઈ શકે.

કર્નલ વોકર પોતાના ઉપરી અધિકારીને ધર્મસૂત્રનું આ અવતરણ ટાંકીને દૂધપીતીનો રિવાજ બંધ કરવા જણાવે છે તેની પાછળ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રેરણા જ જણાય છે. નહીંતર એક સંસ્કૃત ન જાણનાર વિદેશી અધિકારી ધર્મસૂત્રનું આવું અવતરણ ક્યાંથી ટાંકી શકે? ભગવાન સ્વામિનારાયણ ક્ષત્રિયોને આ મહાપાપ વિશે વારંવાર ચેતવણી આપતા હતા, તેનો ઉલ્લેખ ઈશ્વર પેટલીકર પણ સુપેરે કરે છે.[૧૭] ભગવાન સ્વામિનારાયણ કહેતા હતા કે 'દીકરીને દૂધપીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યા કર્યાનું પાપ લાગે છે. એક તો નિર્દોષ કુટુંબીની હત્યા કરવાનું પાપ, બીજું બાળહત્યાનું પાપ અને ત્રીજું સ્ત્રીહત્યાનું પાપ લાગે છે.'

કર્નલે ટાંકેલા ઉપરના શ્લોકમાં ૧૦૦ બાળકીઓની હત્યાના પાપની વાત લખી છે. પરંતુ વરવી હકીકત એ હતી કે તે સમયે ૧૦૦ બાળકીઓ નહીં, હજારો બાળકીઓની હત્યા થતી હતી. અતિશયોક્તિની લાગણી સાથે કર્નલ વોકરે નોંધ્યા મુજબ, માત્ર જાડેજા ક્ષત્રિયોમાં દૂધપીતીના રિવાજ દ્વારા દર વર્ષે મૃત્યુ પામતી દીકરીઓની સંખ્યા ૨૦,૦૦૦ હતી![૧૮] કર્નલના મતે સૌરાષ્ટ્રમાં તે સમયે ૧,૨૫,૦૦૦ જાડેજા પરિવારો હતા, જેમાંથી દર વર્ષે ૨૦,૦૦૦ કન્યાઓનું બાળમૃત્યુ તે કમકમા ઉપજાવી દે તેવી વરવી હકીકત નથી?

૧૬. Walker, Alexander: Measures adopted for the suppression of female infanticide in the Province of Kattywar, Printed for Govt. at Bombay Education Society's Press, Bombay, 1856, pg 340.

૧૭. પેટલીકર, ઈશ્વર, સ્વામિનારાયણ સંપ્રદાય અને અદ્યતન હિન્દુ ધર્મપ્રવાહ, આર. આર. શેઠની કંપની, ૧૯૮૦, પૃ. ૮૫.

૧૮. Walker, Alexander: Measures adopted for the suppression of female infanticide in the Province of Kattywar, Printed for Govt. at Bombay Education Society's Press, Bombay, 1856, pg 333.

માત્ર જાડેજા પરિવારો જ નહીં, પરંતુ જેઠવા, ઝાલા, સોલંકી, ગોહિલ, કાઠી વગેરે તમામ ક્ષત્રિય પરિવારોમાં પણ એ જ પરિસ્થિતિ હતી. ઈશ્વર પેટલીકરે નોંધ્યા મુજબ ચરોતરના પાટીદારોમાં પણ દૂધપીતીનો એ ક્રૂર રિવાજ ઘર કરી ગયો હતો.[૧૯]

આવા કુરિવાજ સામે લડવા માટે ભગવાન સ્વામિનારાયણે કેટલો સંઘર્ષ કરવો પડ્યો હશે! તેમના પ્રભાવથી સ્વામિનારાયણીય સત્સંગીઓ તો લાખોની સંખ્યામાં એ કુપ્રથાથી મુક્ત થઈ ગયા, પરંતુ અન્ય લોકો પણ તેનાથી મુક્ત બને તે માટે તેમણે કર્નલ વોકરને પ્રેરણા આપીને ગુજરાત પર એક વ્યાપક અસર જન્માવી હતી. ગુજરાત દૂધપીતી જેવી કુપ્રથાઓમાંથી મુક્ત થઈ ગયું તેનો યશ ભગવાન સ્વામિનારાયણને આપવો ઘટે. હજારો નહીં પરંતુ લાખો અને કરોડોની સંખ્યામાં કન્યાઓને જીવતદાન આપનાર ભગવાન સ્વામિનારાયણ વિશે, તેમના આ પ્રદાન વિશે બહુ ઓછું સંશોધન થયું છે, બહુ ઓછું લખાયું છે, બહુ ઓછું બોલાયું છે.

માત્ર દૂધપીતી અંગે નહીં, પરંતુ સ્ત્રીઓનું સન્માન કે ગૌરવ સ્થાપિત કરવા માટે દરેક ક્ષેત્રે કાર્ય કરનારા ભગવાન સ્વામિનારાયણના અનેક સફળ પ્રયાસો પ્રત્યે, ભલે લોકો આંખ મીંચામણાં કરે, પરંતુ ઇતિહાસ ક્યારેય મૌન રહેશે નહીં.

વિદ્વાન, સમર્થ અને ત્યાગ-તપસ્યા-સાધુતાના શિખર સમા જે ૩૦૦૦ સંતશિષ્યોને તેમણે અષ્ટાંગ બ્રહ્મચર્યના સનાતન હિન્દુ ધર્મના નિયમોનું પાલન કરવા પ્રેર્યા હતા, એ જ સંતોને તેમણે પોતે આદરેલા સ્ત્રીઓના ઉદ્ધાર-કાર્યમાં પણ જોડ્યા હતા, પરંતુ નિયમ-ધર્મ-સિદ્ધાંતમાં સમાધાન કર્યા સિવાય.

તેનું એક ઉદાહરણ. તેમણે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા પ્રખર સંતકવિઓ પાસે સ્ત્રીઓની નિંદા કરતાં ફટાણાં ગીતોને બદલે સુંદર વિવાહ કીર્તનો રચાવ્યાં હતાં.

'મનુસ્મૃતિ' 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ' વગેરે ધર્મશાસ્ત્રોનો આધાર લઈ ભગવાન સ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંત પાસે 'સતીગીતા'ની પણ રચના કરાવી હતી. જેના પર ફ્રાન્સનાં વિદુષી મહિલા ફ્રાંઝવા મેલિસોંએ ફ્રેન્ચ ભાષામાં મહાનિબંધ લખીને પીએચ.ડી. કર્યું છે.[૨૦]

જે સમયે શ્રીહરિએ સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરીને ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું તે સમયે ગુજરાતી પ્રજાનું નીતિ અને સદાચારનું ધોરણ ઘણું નીચે ઊતરી ગયું હતું. તેને ફરીથી પ્રસ્થાપિત કરવા કેટલોક વ્યવહારુ ઉપદેશ આપવાની જરૂર હતી. એ માટે સ્ત્રીઓને જો એ વાત દૃઢાવવામાં આવે તો સદાચારનું ધોરણ આપોઆપ ઊંચે આવવા લાગે. એટલે લોકમાનસને પારખીને શ્રીહરિએ 'સતીગીતા'ની રચના કરાવી હતી. તેને લોકગમ્ય બનાવવા માટે લોકભોગ્ય વાણીમાં – ગુજરાતી અને હિંદીમાં ઉતારવાની જરૂર હતી. એ માટે તેમણે પોતાના શિષ્યોને મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી. બ્રહ્માનંદ સ્વામી વ્રજભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. એટલે તેમણે 'સતીગીતા' વ્રજભાષામાં પણ ઉતારી છે.

સતીગીતા દ્વારા તેમણે સતીત્વની નવી વિભાવના આપી અને સતીપ્રથા નિર્મૂલન દ્વારા વિધવા સ્ત્રીઓને દયનીય સ્થિતિમાં જીવતાં બાળી નાખવાની ચાલતી કુપ્રથા બંધ કરાવી. એટલું જ નહીં, વિધવા સ્ત્રીઓની ઇચ્છા હોય તો તેનાં પુનર્લગ્ન માટે સમાજમાં વ્યાપક સ્વીકૃતિ પણ અપાવી. જો વિધવા મહિલાને પુનર્લગ્નની ઇચ્છા ન હોય તો, 'રાંડ' જેવા અપમાનજનક બિરુદને બદલે 'સાંખ્યયોગી' જેવું પવિત્ર નામ આપીને તેને સમાજમાં આદરણીય સ્થાન અપાવ્યું. ધર્મના નામે ચાલતા નારી-શોષણના દૂષણને તેમણે સદાચારના નિયમોની વાડ આપીને અટકાવ્યું અને સ્ત્રીઓનાં શીલને સુરક્ષિત કરી દીધું.

કવિ ન્હાનાલાલ શ્રીહરિના આ વિરાટ કાર્યનું સમાલોચન કરતાં લખે છેઃ 'સદાચરણનાં ઝરણાં શ્રીજીએ મંદિરોમાંથી વહેતાં કીધાં. પંચવર્તમાન સ્થાપી સાધુસત્સંગીઓમાં અને સત્પ્રણાલિકાઓ સ્થાપી દેવમંદિરોમાં સદાચરણપ્રચાર શ્રીજીએ કીધો. ચકમક ને લોઢું ભેગાં થાય કે અગ્નિ પ્રકટે - એ અનુભવે શ્રીજીએ સ્ત્રીપુરુષને મંદિર ઘુમ્મટમાંયે અળગાં પાડ્યાં ને સ્પર્શનિષેધ ઉચ્ચાર્યા. સ્ત્રીપુરુષના દર્શનમાર્ગેય નિરનિરાળા, એમની કથા-વાર્તાઓ નિરનિરાળી, ક્યાંક ક્યાંક તો આમનાં મંદિરોયે નિરનિરાળાં કીધાં. સ્ત્રીજનને પંચવર્તમાન ધરાવવાનું પણ સોંપ્યું. સંતોને અષ્ટધાનારી વર્જી નૈષ્ઠિક બ્રહ્મચર્યનો આદેશ આપ્યો. દેશમાં ડંકો વાગ્યો કે સ્વામિનારાયણ તો સદ્ધર્મ સ્થાપવાને આવ્યા છે.'[૨૧]

૧૯. પેટલીકર, ઈશ્વર, સ્વામિનારાયણ સંપ્રદાય અને અદ્યતન હિન્દુ ધર્મપ્રવાહ, આર. આર. શેઠની કંપની, ૧૯૮૦, પૃ. ૮૫.

૨૦. F. Mallison, L'Epouse ideale: la Sati-gita de Muktananda traduite du Gujarati, par F.Mallison., Paris, Institut de civilisation indienne, 1973.

૨૧. કવિ ન્હાનાલાલ દલપતરામ, કવીશ્વર દલપતરામઃ કાવ્યદીક્ષા ભા. ૧, – ન્હાનાલાલ દલપતરામ કવિ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૩.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક ભગવાન સ્વામિનારાયણના એ દિવ્ય પ્રદાનને યાદ કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની એ ચેતનાને ૨૦૦ વર્ષો પછીય પ્રજ્વલ્લિત રાખનાર મહાપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મહિલા ઉત્કર્ષનાં અનેક સોપાનો સર કર્યાં છે. એક સ્વામિનારાયણીય સંત તરીકે ભગવાન સ્વામિનારાયણે આપેલી ધર્મપરંપરાનું યથાતથા પાલન કરીને તેમણે મહિલાઓને જે રીતે આદર આપ્યો છે, મહિલાઓના આદર-સન્માન માટે જે રીતે પ્રયાસો કર્યા છે, મહિલાઓના સાર્વત્રિક આધ્યાત્મિક-નૈતિક-સામાજિક ઘડતર માટે અનેક પ્રકલ્પો ખુલ્લા હૃદયે યોજ્યા છે, તે અદ્વિતીય છે.

ઇતિહાસ અને પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં થયેલી વર્તમાન યુગની આવી અનેક મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ પર નજર કરનાર કોઈપણ વ્યક્તિ ઓવારી જશે. તેને ચોક્કસ અનુભવાશે કે ભગવાન સ્વામિનારાયણે પ્રગટાવેલી આધ્યાત્મિક ચેતના આજેય એવી જ પ્રભાવશાળી છે. આ અંક તેની એક ઝાંખી કરાવે છે.


– સાધુ અક્ષરવત્સલદાસ ◆


નૂતન પ્રકાશન

**પ્રકાશિત થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો છઠ્ઠો ભાગ**

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

## વિસ્તૃત જીવનચરિત્ર ભાગ - ૬




₹ ૨૦૦/-

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો છઠ્ઠો ભાગ પ્રસ્તુત થઈ ચૂક્યો છે. સન ૧૯૮૭ થી સન ૧૯૯૦ સુધીનાં તેમનાં જીવનવર્ષોનું ચરિત્રલેખન આ છઠ્ઠા ભાગમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

*'એવા સંત હરિને પ્યારા રે, જેથી ઘડીયે ન રહે વ્હાલો ન્યારા રે...'* આજથી બસો વર્ષ પહેલાં લખાયેલી આ પંક્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતકવિ શ્રી પ્રેમાનંદ સ્વામીએ લખી હશે ત્યારે જાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને લક્ષમાં રાખીને લખી હોય તેવું અનુભવાય છે. દિવસ-રાતનાં સતત વિશ્વભરના વિચરણ અને અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ વચ્ચે રમમાણ રહેતા હોવા છતાં, પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે તેઓની પળેપળ પરમાત્મામય હતી.

*'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'*ની એમની સહજ આધ્યાત્મિક સ્થિતિ હતી. તેઓને જીવ-પ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન થતાં હતાં. અને એટલે જ, જીવ-પ્રાણીમાત્રની સેવામાં એમને પરમાત્માની સેવાનો આનંદ આવતો હતો. અનેકવિધ લોકસેવાઓના વિરાટ યજ્ઞ વચ્ચે પણ ધ્યાનસ્થ-પરમાત્મામય રહેતા સ્વામીશ્રીની એ વિલક્ષણ પ્રતિભાનું આ ગ્રંથમાં રસપ્રદ આચમન છે.

આવો, સ્વામીશ્રીના આધ્યાત્મિક જીવનની અમૃતધારાઓનું વાંચન-શ્રવણ કરીને તેઓશ્રીનાં ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પણ કરીએ. અને 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ને શાનદાર રીતે ઊજવવા કટિબદ્ધ થઈએ.

**'અક્ષર અમૃતમ્' એપ પર આ ૧ થી ૬ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...**



# ભાવનગર યુનિવર્સિટી અને આર્ષ સંશોધન કેન્દ્ર, અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયો વિદ્યાર્થી સેમિનાર




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઠેર ઠેર અનેકવિધ કાર્યક્રમોની શૃંખલા રચાઈ રહી છે. તે અંતર્ગત તા. ૨૧-૨-૨૦૨૨ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી અને આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી દ્વારા *'સંસ્કારી સમાજના સર્જક અને પોષક: પ્રમુખસ્વામી મહારાજ'* વિષયક સુંદર સેમિનાર યોજાઈ ગયો. અટલ ઓડીટોરિયમ ખાતે યોજાયેલા આ સેમિનારમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મહિપતસિંહ ચાવડા, અપૂર્વમુનિદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી, જ્ઞાન-વિજયદાસ સ્વામી, મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવળ, શ્રી અપૂર્વ શેઠ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત બી.એ.પી.એસ. બાળમંડળના બાળકોએ પ્રાર્થનાગાનથી કરી. શ્રી અપૂર્વ શેઠે પ્રાસંગિક પ્રવચનમાં સમાજને ધર્મ સાથે જોડીને બૌદ્ધિક લોકોનું નિર્માણ કરવું જોઈએ તે વિષયક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

પૂજ્ય અપૂર્વમુનિદાસ સ્વામીએ લાખો વિદ્યાર્થીઓમાં સંસ્કારનું પોષણ કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલાં અનેકવિધ સામાજિક કાર્યોને વર્ણવીને, સંસ્કારી સમાજનું સર્જન કરવામાં આપેલા પ્રમુખસ્વામી મહારાજના મહત્ત્વના પ્રદાનને વર્ણવ્યું હતું. વિદ્યાર્થીઓને જીવનલક્ષી પ્રેરણાઓનું ભાથું બંધાવ્યું હતું. ત્યારબાદ જ્ઞાનવિજયદાસ સ્વામીએ આઈ.પી.ડી.સી. કોર્સના માળખાની વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં આઈ.પી.ડી.સી. કોર્સ તથા યુનિવર્સિટી વચ્ચે એમઓયુ કરવામાં આવ્યાં હતાં.

મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવળે વિદ્યાર્થીઓને જીવન વિષયક માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે જીવનમાં હંમેશાં ભગવાન પર અતૂટ શ્રદ્ધા રાખવી જોઈએ. ભગવાને પોતાના સ્વરૂપમાં જીવનમાં મા-બાપ અને ગુરુને મોકલ્યા છે. તેથી દરરોજ તેઓના આશીર્વાદ સાથે આગળ વધવું જોઈએ. શ્રી મહિપતસિંહ ચાવડાએ પોતાના જીવનમાં પ્રમુખસ્વામી મહારાજ સાથેના પ્રસંગો વર્ણવીને વિદ્યાર્થીઓને સંસ્કારલક્ષી જીવનમૂલ્યો દૃઢ કરવા કહ્યું હતું. આ આઈ.પી.ડી.સી. કોર્સ સોફ્ટ સ્કિલના કોર્સ તરીકે યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ ભણાવવામાં આવશે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

અંતે શ્રુતિપ્રકાશદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ યુનિવર્સિટીના નાયબ કુલસચિવશ્રી ડૉ. ભાવેશભાઈ જાનીએ આભારવિધિ કર્યો હતો.

આમ, ભાવનગર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે યુનિવર્સિટીના તત્ત્વાવધાનમાં, સ્વામીશ્રીના સંદેશ અને જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતો નોંધપાત્ર સેમિનાર યોજાઈ ગયો. ◆

# બાહરીનના નામદાર વડાપ્રધાન દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણ માટે ભૂમિની ફાળવણી



તા. ૧-૨-૨૦૨૨ના રોજ દેશ-વિદેશમાં વસતા ભારતીયો માટે ગૌરવપૂર્ણ ઘટના બની. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટ્વિટ કરીને વિશ્વને જાણ કરી કે 'બાહરીનના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન, હીઝ રોયલ હાઈનેસ પ્રિન્સ સલમાન બિન હમાદ અલ ખલીફાએ બાહરીનમાં સ્વામિનારાયણ હિન્દુ મંદિર બનાવવા માટે જમીન ફાળવી છે. તે હિંદુ ધર્મ માટે, ભારત અને બાહરીન વચ્ચેના સંબંધો દૃઢ કરવા માટે, અને આંતર-રાષ્ટ્રીય સંવાદિતા જાળવી રાખવા માટે એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ તરીકે અંકિત થઈ છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે સન ૧૯૯૭માં જ્યારે સ્વર્ગસ્થ અમીર શેખ ઈસા બિન સલમાન અલ ખલીફાએ બાહરીનના રોયલ પેલેસ ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બાહરીનના રાજા શેખ ઈસાએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું હતું કે તમે ક્યાં રહો છો? સંતોએ શેખ ઈસાને જણાવ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજને પોતાનું કોઈ ઘર નથી, પરંતુ તેઓ આધ્યાત્મિકતા અને નૈતિક જીવનનો સંદેશ ફેલાવવા માટે સતત યાત્રા કરે છે. તેમણે ૧૫,૦૦૦ ગામો અને ૨,૫૦,૦૦૦થી વધુ ઘરોની મુલાકાત લઈને આશીર્વાદ આપ્યા છે. તે ક્ષણે શેખ ઈસાએ પ્રેમપૂર્વક શીઘ્રતાથી પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું, 'બાહરીનને તમારું ઘર બનાવો.'

બાહરીન ખાતે બી.એ.પી.એસ. સંસ્થાનું એક નાનું કેન્દ્ર સુપેરે ચાલી રહ્યું છે. તેમાં યશકલગી ઉમેરતી એક વધુ ગૌરવશાળી ઘટના બની ગઈ. ૨૦ વર્ષ પછી, ૧૯ ઑક્ટોબર, ૨૦૧૭ના રોજ, વડા પ્રધાન હીઝ રોયલ હાઈનેસ પ્રિન્સ સલમાન બિન હમાદ અલ ખલીફા બાહરીન બી.એ.પી.એસ. મંડળ દ્વારા ઊજવાતાં દિવાળી ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. તે પ્રસંગે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને સ્વર્ગસ્થ અમીર શેખ ઈસા બિન સલમાન અલ ખલીફાની તસવીર જોઈને તેમણે સંતોને કહ્યું, 'અમારો પ્રેમ ત્રણ પેઢીઓ સુધી વિસ્તરેલો છે. બાહરીનને તમારું ઘર બનાવો.'

વર્ષોથી બાહરીનના રાજવી પરિવાર અને બી.એ.પી.એસ. વચ્ચે આવી ઘણી સદ્‌ભાવના મુલાકાતો યોજાઈ હતી. અહીં એક વિસ્તૃત હિંદુ મંદિરની જરૂરિયાત છે એ સંસ્થા વતી બ્રહ્મવિહારીદાસ સ્વામી અને સ્થાનિક કાર્યકર્તાઓએ કરેલી રજૂઆત તેઓને સ્પર્શી ગઈ હતી. પરિણામે, ભારત સરકાર અને બાહરીન સરકારના સંયુક્ત સહયોગથી આ ભૂમિ પ્રાપ્ત થઈ છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બંને દેશોના નેતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં કહ્યું, ''અમે આ ઐતિહાસિક ભેટ માટે ભારતના વડાપ્રધાન, ક્રાઉન પ્રિન્સ અને બાહરીનના વડાપ્રધાનશ્રીનો ખરા દિલથી આભાર માનીએ છીએ. વિશ્વશાંતિનો માર્ગ રચવાના બાહરીનના ઉમદા ધ્યેયમાં, બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો અને હૃદયમાં દૃઢ કરેલી ધાર્મિક સહિષ્ણુતાને, આ મંદિરના કારણે વધુ બળ મળશે.''

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## સારંગપુરમાં યોજાઈ મેડિકો કોન્ફરન્સ



તા. ૧૯ અને ૨૦-૨-૨૦૨૨ના રોજ બી.એ.પી.એસ. મંદિર, સારંગપુર ખાતે નેશનલ મૅડિકો-સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં ૪૩૨ તબીબોએ સપરિવાર સાથે લાભ લીધો હતો. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીએ લખેલ સૂત્ર – 'હવે અમારો વારો છે' આ કોન્ફરન્સનો મધ્યવર્તી વિચાર હતો. વરિષ્ઠ અને વિદ્વાન સંતોએ મધ્યવર્તી વિચારને દૃઢાવતાં પ્રવચનોનો લાભ આપ્યો હતો. આ શિબિરમાં વીડિયો, વર્કશોપ અને મનનાત્મક કાર્યક્રમો દ્વારા ડૉક્ટરોને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોન્ફરન્સના અંતે પૂજ્ય મહંત સ્વામી મહારાજે તબીબોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ◆

## બેંગકોક ખાતે બી.એ.પી.એસ. મંદિરનો ખાતવિધિ



તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ થાઈલેન્ડના મહાનગર બેંગકોક ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ખાતવિધિ સંપન્ન થયો હતો. દિલ્હી અક્ષરધામ ખાતેથી પૂજ્ય સંતોએ વર્ચ્યુઅલ માધ્યમથી આ વિધિ કરાવ્યો હતો. બેંગકોક ખાતે ૧૧૧થી વધારે યજમાન હરિભક્તોએ આ શિલાન્યાસ વિધિનો ઘરે બેઠાં લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ઓનલાઇન માધ્યમથી સૌને પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં. પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧-૧-૨૦૨૦ના રોજ પૂજિત કરેલી શિલાઓને અહીં ગર્તમાં પધરાવીને મંદિર નિર્માણકાર્યની શરૂઆત કરાવી હતી. ◆

## કેનબેરામાં મંદિર તથા કોમ્યુનિટી સેન્ટરનો ખાતવિધિ



ઑસ્ટ્રેલિયાના કેનબેરા નગર ખાતે તા. ૧૫-૧-૨૦૨૨ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિર તથા કોમ્યુનિટી સેન્ટરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો. આ પ્રસંગે પરમચિંતનદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજા વિધિમાં અનેક ભક્તોની સાથે સાથે શ્રી મનપ્રીત વ્હોરા (હાઈકમિશનર, ભારત), શ્રીમતી નસીમ વ્હોરા તથા શ્રી દીપકરાજ ગુપ્તા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ અવસરે પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયો આશીર્વાદ પાઠવીને સૌને મંદિર-નિર્માણ માટે અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઊજવવા કટિબદ્ધ થવા માટે પ્રેરણા આપી હતી. ◆

# ભુજંગાસન



**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં માણીએ યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રભાવ :**

- ભુજંગાસનના નિયમિત અને સુવ્યવસ્થિત અભ્યાસથી પેટ, છાતી, કમર, કરોડરજ્જુ વગેરેના બધા દોષો દૂર થઈ જાય છે.
- આ આસન કરવાથી પેટની ચરબી ઓછી થઈ જાય છે. પેટ, કમર અને ગરદનના રોગો મટે છે. સ્થળાંતરિત થઈ ગયેલી કરોડરજ્જુના મણકાની ગાદીની સમસ્યામાં રાહત થાય છે.
- કમર, પીઠ અને ખભા વધુ મજબૂત થાય છે. કંઠગ્રંથિ તથા જનનગ્રંથિઓને પ્રચુરમાત્રામાં રક્ત પહોંચે છે. જીવનશક્તિની વૃદ્ધિ થાય છે, છાતી પૂર્ણપણે વિકસે છે.
- મસ્તક મોટું થાય છે. માનસિક તણાવ દૂર થાય છે. મન પ્રફુલ્લિત થઈ જાય છે. હાથ-પગ શક્તિશાળી બને છે અને પાચનશક્તિ પણ વધે છે.
- આ આસન ચહેરાની નિસ્તેજતા દૂર કરી લાલી લાવે છે અને આંખોનું તેજ વધારે છે. શરીર ઘાટીલું, સપ્રમાણ, બળવાન અને સુંદર બનાવે છે.

**પ્રયોગ :**

- ભૂમિ પર ઊંધા સૂઈ જાઓ.
- છાતીમાં શ્વાસ ભરો.
- બંને હાથને સન્મુખ લાંબા કરી માથું આકાશ તરફ ઉઠાવો.
- બંને હાથની હથેળીને બંને બાજુ જમીન પર ટેકવી દો. પેટ તરફ કોણી રહે તે રીતે ખેંચો.
- કમરથી મસ્તક સુધી ધડને આકાશ તરફ ઊંચું ઉઠાવો.
- બંને હાથને સીધા કરવાથી પૂર્ણ ભુજંગાસન થશે. આ સ્થિતિમાં શ્વાસ-પ્રશ્વાસ સામાન્ય કરી દો.

આમ, ભુજંગ એટલે કે સર્પ જેવી યોગમુદ્રામાં શરીરને કેળવવાથી વિવિધ લાભ થાય છે.

**નોંધ :**

- આ જ ભુજંગાસનને બંને કોણીથી હાથ વાળીને કરી શકાય છે. જેમાં હથેળી અને કોણી સુધીનો હાથ ભૂમિનો સ્પર્શ કરે છે. તેમ કરવામાં ફક્ત છાતીનો ભાગ આકાશ તરફ ઊંચકાયેલો રહે છે. (જુઓ સ્થિતિ - ૨)





(સ્થિતિ - ૨)




## ઑસ્ટ્રેલિયાના કેનબેરા અને થાઈલેન્ડના બેંગકોક નગર ખાતે યોજાયા નૂતન બી.એ.પી.એસ. મંદિરના શિલાન્યાસ વિધિ

(૧-૪) તા. ૧૫-૧-૨૦૨૨ના રોજ ઑસ્ટ્રેલિયાના કેનબેરા નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિર તથા કોમ્યુનિટી સેન્ટરનો શિલાન્યાસ વિધિ યોજાયો હતો. આ પ્રસંગે પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલા વેદોક્ત મહાપૂજા વિધિમાં સેંકડો ભક્તો જોડાયા હતા.

(૫-૬) તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ થાઈલેન્ડના મહાનગર બેંગકોક ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ બંને મંદિરોની ઈષ્ટિકાઓનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું.

Swaminarayan Prakash Gujarati, March-2022, Published on 1-3-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







## નર્મદા નદી પર બંધાયેલા સરદાર સરોવર ડેમમાં ડૂબમાં ગયેલ હાંફેશ્વર મંદિરની પુનઃ પ્રતિષ્ઠા

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા મૈયા પર રચાયેલા સરદાર સરોવર ડેમમાં ડૂબમાં ગયેલા પ્રસિદ્ધ તીર્થ હાંફેશ્વર મંદિરનું પુનઃ નિર્માણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરાવી આપ્યું હતું. આ મંદિરમાં સ્થાપિત થનાર દ્વાદશ જ્યોતિર્લિંગોનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા થયો હતો. આ પ્રસંગે હાંફેશ્વર મંદિરના મહંત શ્રી નર્મદાદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. વેદોક્ત પૂજનવિધિમાં રત ભાવમય સ્વામીશ્રી અને સંસ્થાના વરિષ્ઠ સંતોની સ્મૃતિ છબીઓ...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas